कर भला होगा भला
- છગનભા



વર્ષ : 1 ✦ અંક : 2
માર્ચ-એપ્રિલ, 2011

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

સરસ્વતીની ઉપાસના, સરસ્વતીની વાડીમાં વિહાર એ આ લોકમાં બ્રહ્મલોકનો અનુભવ કરાવે છે. એનો આનંદ અનુપમ, અસીમ છે, પરંતુ સ્મરણમાં રાખવાનું છે કે એનું ખરું પ્રયોજન જગતને છોડવામાં નહિ, પણ એને રસાન્તરમાં રસવામાં, નવીન દૃષ્ટિએ જોવામાં રહેલું છે.

**– આનંદશંકર ધ્રુવ**

*

વાંચનમાં એક અદ્‌ભુત તાકાત હોય છે. એ તમને વિચારવા માટે મજબૂર કરે અને કદી કોઈ દિવસ ભોંઠું ન પડવા દે, વાંચન તમારી વિશાળ શૃંખલાને ઢંઢોળતું હોય છે અને એ જ વિકાસની ઊર્જાનો આધાર બની જતો હોય છે. જો વાંચનનો આટલો મહિમા હોય તો મારું ગુજરાત કેમ ન વાંચે ?... આ જ્ઞાનની સદી છે. 21મી સદી એ હિન્દુસ્તાનની સદી છે. જ્ઞાનની ઉપાસના હશે તો જ 21મી સદી હિન્દુસ્તાનની સદી બની શકે. એના માટેનું પાયાનું કામ 'વાંચે ગુજરાત' છે.

**– નરેન્દ્ર મોદી**






શિક્ષણ વિદ્યાશાખા દ્વારા આયોજિત શુભેચ્છા સમારોહ સમયે મંચસ્થ મહાનુભાવો



એસ.વી.પી.ટી.સી. અંગ્રેજી માધ્યમની વિદ્યાર્થિનીઓ દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ



શિક્ષણ વિદ્યાશાખા દ્વારા આયોજિત કેમ્પસ ઈન્ટરવ્યૂ વેળાએ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૧, અંક : ૨, માર્ચ-એપ્રિલ, ૨૦૧૧

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

## અનુક્રમ

| | | |
|---|---|---|
| ૧. | સંપાદકીય | ૧ |
| ૨. | શ્રદ્ધાંજલિ | ૬ |
| | – સ્વ. કેશવલાલ વિ. પટેલ | |
| | – સ્વ. જિતેન્દ્ર દેસાઈ | |
| ૩. | સંસ્થા પરિચય | ૯ |
| ૪. | સોનાની કણી | ૧૫ |
| ૫. | શિક્ષક ઉમાશંકર | ૧૬ |
| ૬. | પિતાની ભેટ | ૨૦ |
| ૭. | તૃપ્તિનો ઓડકાર | ૨૩ |
| ૮. | પોપટની વારતા | ૨૬ |
| ૯. | Have Faith In Books, | ૨૯ |
| ૧૦. | વિશ્વવિદ્યાલય પ્રકાશન પ્રવૃત્તિ | ૩૩ |
| ૧૧. | ગ્રંથસૌરભ | ૩૬ |
| | – કિશોરોના રવીન્દ્રનાથ | |
| | – ઓગણીસમી સદીનું પ્રવાસલેખન | |
| ૧૨. | સંસ્થા-વૃત્ત | |
| | – યુનિવર્સિટી/કૉલેજ વિભાગ | ૪૧ |
| | – શાળા વિભાગ | ૪૬ |
| ૧૩. | વિનોદ માધુરી | ૪૮ |

પત્રવ્યવહારનું સરનામું

**મણિભાઈ પ્રજાપતિ**

ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન,
કડી સર્વ વિશ્વવિદ્યાલય,
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. : ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

ગુજરાત રાજ્યની સ્થાપનાની સુવર્ણજયંતી (૧૯૬૦–૨૦૧૦)ની ઉજવણી નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા અનેકાનેક નવતર અભિયાનો શરૂ કરવામાં આવ્યાં, જેનાં પડઘમ ઉજવણીની પૂર્ણાહુતિ (તા. ૧ મે, ૨૦૧૧) સાથે શાંત થયાં. આ અભિયાનો પૈકી રાજ્યના પ્રત્યેક નાગરિક સાથે વ્યક્તિગત રીતે સીધું સંકળાયેલ અભિયાન એ 'વાંચે ગુજરાત' છે. આ એક શ્લાઘનીય, સુચિંતનીય અને પ્રત્યેક પરિવાર, શાળા, કૉલેજ અને યુનિવર્સિટી સ્તરે સતત જીવંત રાખવા જેવું અભિયાન છે. આ કાર્યક્રમના સૂત્રધાર અને તેને સાંગોપાંગ રીતે અમલમાં મૂકનાર રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જનસમાજના વિશેષ અભિનંદનના અધિકારી બને છે. આ પ્રકારનો કાર્યક્રમ સમગ્ર દેશ કે વિદેશમાં ભૂતકાળમાં કોઈ રાજ્ય કે રાષ્ટ્ર દ્વારા અમલમાં મૂકવામાં આવ્યા સંબંધી કોઈ વાવડ પ્રાપ્ય નથી. જો કે વાંચનના પ્રોત્સાહન અર્થે કે ગ્રંથસંસ્કૃતિના પ્રચાર-પ્રસાર માટે યુનેસ્કો દ્વારા ૧૯૭૨ ના વર્ષને 'પુસ્તક વર્ષ' તરીકે ઊજવવા કે ૨૩ એપ્રિલને 'પુસ્તક દિન' કે ૨૬ એપ્રિલને 'કૉપીરાઈટ દિન' તરીકે ઊજવવા

અપીલો પ્રગટ કરવામાં આવી છે. આ ઉપરાંત ભારત સરકારે ૨૦૦૧ના વર્ષને 'પુસ્તક વર્ષ તરીકે ઊજવવા આહ્વાન કર્યું હતું. પરંતુ આ બધી અપીલો 'વાંચે ગુજરાત'ની તોલે ન જ આવી શકે.

આ અભિયાન પાછળનો મૂળભૂત હેતુ અથવા કહો કે તેનું હાર્દ ગુજરાતની પ્રજા વાંચનપ્રિય બને, જ્ઞાન અભિમુખ બની વિશ્વની એક તેજસ્વી પ્રજા તરીકે ઊભરી આવે તે રહ્યો છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે 'દ્વયાશ્રય' મહાકાવ્યમાં પાટણની પ્રજા – ગૂર્જરપ્રજાનું વર્ણન કરતાં નોંધ્યું છે કે 'આ નગરના લોકો શૌર્યમાં, શાસ્ત્રમાં, શમમાં, સમાધિમાં, સત્યમાં, ષડદર્શનમાં અને ૬ અંગના જ્ઞાનમાં અગ્રેસર છે' (૧/૬૫). માનનીય મુખ્યમંત્રીશ્રીની ગૂર્જરપ્રજા વિશે આવી ઉદાત્ત અભિલાષા છે. આ બધું અર્થપૂર્ણ વાંચનથી જ હાંસલ થઈ શકે તેવો તેઓશ્રી દઢ વિશ્વાસ પણ ધરાવે છે. ગુજરાતના સર્વાંગી વિકાસ માટે આ એક ઉત્તમ ઉપાય છે. વળી, ભારતમાં 'બંગાળીપ્રજા' અને વિશ્વમાં 'બ્રિટિશપ્રજા' અન્ય પ્રજાઓની તુલનાએ સૌથી વધુ વાંચનપ્રિય પ્રજા માનવામાં આવે છે, તે સ્થાનની હકદાર ગુજરાતી પ્રજા બને તેવી તેમની ખાએશ પણ રહી છે. બ્રિટિશપ્રજાની વાંચનપ્રીતિ તો ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના ગુજરાતી પ્રવાસીઓએ પણ તેમના પ્રવાસગ્રંથોમાં પ્રત્યક્ષ અનુભવના આધારે વર્ણવી છે. ઉદા. તરીકે ખાન બહાદુર શેખ યુસુફઅલી (૧૮૭૪)એ નોંધ્યું છે કે 'હલકા વર્ગના પુરુષ તો ખરા, પણ તેમની સ્ત્રીઓ પણ ભણેલી જોવામાં આવે છે. મજૂરને ચવેણુ ખાવાની ફુરસદમાં, ન્યુસ પેપર કે ચોપાનિયું વાંચતાં ઘણી વખત મેં જોયા છે. થોભેણ તથા ખેડૂતની બાયડીઓ..... સાક વેચનારીને..... વાંચતાં બેઠેલી જોઈ છે' (પૃ. ૯૭). વાચન અને શિક્ષણ થકી જ વ્યક્તિ અને રાષ્ટ્રના સર્વાંગીણ વિકાસનો પાયો મજબૂત કરી શકાય છે. સુપ્રસિદ્ધ શૈક્ષણિક અર્થશાસ્ત્રી અને રાજકીય અર્થકારણના પિતાના માનભર્યા બિરુદથી સન્માનિત એડમ સ્મિથ (૧૭૨૩-૧૭૯૦) એ તેના વિદ્વત્ત ગ્રંથ 'Wealth of Nations'માં સૌપ્રથમ આર્થિક વિકાસ માટે કે સંપત્તિના સર્જન માટે શિક્ષણને મહત્ત્વનું સ્થાન આપ્યું હતું. આ જ બાબતને કેન્દ્રમાં રાખીને પ્રખર કાનૂનવિદ્ નાની પાલખીવાળાએ તેના બહુચર્ચિત ગ્રંથ 'We The Nation' (૧૯૯૪)માં નોંધ્યું છે કે 'ભારતીય પ્રજાસત્તાક રાજ્યની જો કોઈ સૌથી મોટી ભૂલ હોય તો તેના અસ્તિત્વનાં પ્રથમ ૪૦ વર્ષમાં મોટા ઉદ્યોગો અને કારખાનાંઓની તુલનાએ માનવસંસાધનો – શિક્ષણ વગેરે પાછળ ખૂબ જ ઓછું મૂડીરોકાણ કર્યું છે. પરિણામે આપણો ગુણાત્મક વિકાસના સ્થાને જથ્થાત્મક વિકાસ થયો.'

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આ સમસ્યાના ઉકેલ અર્થે રાજ્યમાં પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે 'પ્રવેશોત્સવ' અને કન્યાકેળવણી માટે અનેકવિધ સઘન પ્રવૃત્તિઓ હાથ ધરી છે. પરિણામસ્વરૂપે આ ક્ષેત્રે પ્રજા જાગૃતિનાં પૂર ઊમટ્યાં. સાક્ષરતાના દરમાં વધારો પણ થયો. સાથે સાથે શિક્ષણને જેના થકી વધારે પુષ્ટ અને સંવર્ધિત કરી શકાય છે અને જેના થકી જ્ઞાનસમાજનું નિર્માણ થઈ શકે એવી તેની ધોરી નસ સમાન વાંચનપ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા માટે આયોજનબદ્ધ 'વાંચે ગુજરાત' અભિયાન શરૂ કર્યું. આ કાર્યક્રમ હેઠળ ઉજવણીના વર્ષ દરમ્યાન વાર્તાલાપો, તરતાં પુસ્તકો, ગ્રંથદાન, વાચકસ્પર્ધાઓ, ગ્રંથયાત્રાઓ, પુસ્તકપ્રદર્શન, વાચનશિબિરો વગેરે ૧૪ જેટલી બહુવિધ પ્રવૃત્તિઓનું સમગ્ર રાજ્યમાં – છેવાડાના ગામ સુધી સમયબદ્ધ આયોજન કરવામાં આવ્યું. આ પ્રવૃત્તિઓથી સમગ્ર ગુજરાત પુસ્તકમય બની ગયું. ઠેર ઠેર પુસ્તકો અને વાંચનપ્રવૃત્તિ વિશેના સમાચાર સાંભળવા મળ્યા. સંભવતઃ અભિયાનના લક્ષ્યાંકો – આંકડા – ધાર્યા કરતાં ઘણા મોટા

મેળવ્યા હશે, તેમાં કોઈ શંકાને સ્થાન છે જ નહીં. આવાં અભિયાનો યુગોપર્યંત ચાલતાં રહેવાં જોઈએ. આ અભિયાનની એક મર્યાદા એ રહી છે કે પ્રસ્તુત અભિયાનના કેન્દ્રસ્થાને પ્રાયઃ વિદ્યાર્થીઓ રાખવામાં આવ્યા હતા. પરંતુ, વિદ્યાર્થીઓ ઉપરાંત સમાજના વિવિધ વર્ગો જેમકે નોકરિયાતો, વ્યાપારીઓ, શિક્ષકો, રાજકારણીઓ, ખેડૂતો, વૃદ્ધો અને નિવૃત્ત વ્યક્તિઓ વગેરેને આવરી લેવાની જરૂર હતી. આ બધા વર્ગોને સવિશેષતઃ તેમને ખપમાં આવે તેવા સાહિત્ય અને વૈવિધ્યપૂર્ણ અદ્યતન માહિતી સ્રોતોથી પ્રશિક્ષિત કરવાના કાર્યને આ અભિયાન સાથે જોડી દીધા હોત તો સારાં પરિણામો સાંપડત.

પ્રસ્તુત અભિયાનના લાંબાગાળાના બહુ મોટા ફાયદાઓ વિશે કોઈ બેમત નથી જ. પરંતુ મૂળભૂત પ્રશ્ન એ છે કે અભિયાન તો પૂરું થયું. હવે પછી શું ? આ અભિયાન સતત ચાલુ રહેવું જ જોઈએ. સૌ પ્રથમ આ તક ગ્રંથાલય વ્યવસાયિકોએ ઝડપી લેવી જોઈએ. ગ્રંથાલય વ્યવસાયિકોના જ કાર્યનો સરકાર દ્વારા વિશેષ અભિયાન છેડીને દિશા નિર્દેશ કરી આપવામાં આવ્યો છે. હવે, પૂરા જોશ અને ખંતથી ગ્રંથપાલોએ સ્વધર્મનો નિર્વાહ કરવો રહ્યો. પોતાના અસ્તિત્વની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે ગ્રંથપાલોએ અગ્રેસર થવું રહ્યું. પુસ્તક આપ-લે કે ગ્રંથાલય વ્યવસ્થાપનનાં વિવિધ કાર્યોમાં તજ્જ્ઞતા કેળવી કેવળ 'Professional Librarian' 'વ્યવસાયિક ગ્રંથપાલથી ઉપર ઊઠીને 'Vibrant Librarian' - 'ક્રિયાશીલ ગ્રંથપાલ' બની રહેવું જોઈએ. ખરા અર્થમાં કર્મયોગી બની રહેવા માટે ગ્રંથાલયનાં કાર્યોમાં તજ્જ્ઞતા ઉપરાંત સૌ પ્રથમ એક સારા વાચક બનવું પડશે, જેનો આજે પ્રાયઃ અભાવ જોવા મળે છે. ગ્રંથાલય વ્યવસાયિકોની સ્થિતિ આજે 'કૂવા કાંઠે તરસ્યા' જેવી જોવા મળે છે. ગ્રંથપાલ સાહિત્યરસિક, સંવેદનશીલ અને ઉત્તમ વાચક હશે તો પોતાના ઉપભોક્તાઓની જરૂરિયાતો સમજી શકશે અને તેને સંતોષવા પ્રયત્નશીલ થશે. વ્યવસાયિક પ્રતિબદ્ધતા અને સેવાપરાયણના ગુણો સતત તેની નજર સમક્ષ રહેવા જોઈએ. આજે સાર્વજનિક, શાળા, કૉલેજ કે યુનિવર્સિટી ગ્રંથાલયોના ગ્રંથસંગ્રહનો ઘણો મોટો હિસ્સો પ્રાયઃ અસ્પૃશ્ય રહે છે. ગ્રંથાલયનો નિયમિતપણે ઉપયોગ કરતા સભ્યોની સરેરાશ સંખ્યા પણ માંડ ૧૫%થી ૨૦% જેટલી હોય છે. આ એક ચિંતાજનક બાબત છે. શૈક્ષણિક સંસ્થાઓનાં ગ્રંથાલયોનો ઉપયોગ સમાજના અન્ય વર્ગો કરી શકે તેવી વ્યવસ્થા પણ ગોઠવવી જોઈએ. કવિ કાલિદાસે 'अभिज्ञान शाकुन्तल' નાટકમાં દુષ્યન્તના મુખે શકુંતલાના સંદર્ભે મૂકેલા શબ્દો 'न जाने भोक्तारं कमिह समुपस्थास्यति विधिः'ને ઉપભોક્તા વગરના ગ્રંથો માટે લાગુ પાડીને એક સહૃદયી ગ્રંથાલયી તરીકે ગ્રંથના ઉપભોક્તાને આરાધ્યદેવ માનીને સતત તેની શોધમાં રત રહેવું જોઈએ.

ગ્રંથસંસ્કૃતિના વિકાસ અર્થે – વાંચનપ્રીતિ પેદા કરવા અને સતત ચાલુ રાખવા માટે ગ્રંથપાલો ઉપરાંત પ્રત્યેક પરિવાર અને શાળા-કૉલેજના શિક્ષકો-આચાર્યોની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બની રહે છે. પ્રત્યેક પરિવારમાં પસંદગીનાં પુસ્તકો સુલભ હશે અને પરિવારનાં સૌ સભ્યો વાંચનપ્રીતિ ધરાવતાં હશે તો તેનો પ્રભાવ બાળકો ઉપર અવશ્ય પડશે જ. અનુકરણ અને અનુકૂલન જીવમાત્રની સ્વાભાવિક પ્રક્રિયા છે. દીકરીના લગ્નપ્રસંગે કરિયાવરમાં 'સરસ્વતીચંદ્ર', 'અરધી સદીની વાચનયાત્રા' વગેરે જેવાં ઉત્તમ પુસ્તકો પણ આપવાં જોઈએ, જે આપણો સંસ્કારવારસો ધરાવે છે. શાળાના શિક્ષકો અને આચાર્યોનો ગ્રંથાલય ઉપયોગ જેટલો વધુ હશે અને તેમના અધ્યાપનમાં જેટલો વધુ સંદર્ભિત થશે, તેનો પ્રભાવ વિદ્યાર્થીઓ ઉપર ઘણો મોટો પડશે. અનુભવે જણાયું છે કે

આ બાબતે આ વર્ગ પણ અપેક્ષાઓના પ્રમાણમાં ઘણો ઊણો ઊતરતો જોવા મળે છે. આજે 'વર્ગ એ સ્વર્ગ'ને આત્મસાત્ કરનાર કેટલા શિક્ષકો-અધ્યાપકો હશે ? દેશના એક અગ્રણી પ્રબુદ્ધ ચિંતકની આ સંબંધી હૃદયદ્રાવક વ્યથા ધ્યાનાર્હ બની રહે છે : 'પુસ્તકો છપાય છે, વેચાય છે, ખરીદાય છે, પણ વાચક – ખરેખાતનો વાચકવર્ગ બહુ ઝડપથી લુપ્ત – વિરલ થતો જાય છે. જેમનું કામ વાંચવાનું છે, વાચનસજ્જ થવા માટે જેમને મસમોટાં વેતન આપવામાં આવે છે, એ વ્યવસાયી વાચકો અર્થાત્ શિક્ષકો-અધ્યાપકો પણ પુસ્તક વિમુખ થતા જાય છે. મોટા ભાગના અધ્યાપકો પુસ્તક જેમને માટે ખરેખર તો 'આરાધ્ય' કે 'સેવ્ય' છે, તેનાથી સ્વેચ્છાવિમુખ થયા છે, થઈ રહ્યા છે. ... ખરેખર તો અધ્યાપકોનું કર્તવ્ય છે : છાત્રોને પુસ્તક અભિમુખ કરવા, પુસ્તક વાંચવાની ટેવવાળા કરવા, વ્યવસાયિક નિષ્ઠાથી નીતરતી આ વ્યથામાં અભિવ્યક્ત દિશાનિર્દેશ કમ સે કમ વ્યવસાયમાં ટકી રહેવા માટે અપનાવવો જ રહ્યો. અન્યથા અસ્તિત્વ લોપ વહોરવાની તૈયારી રાખવી રહી. શિક્ષણના હાર્દને પામવા માટે હવે 'નોટબુક કલ્ચર' ઉપર પ્રતિબંધ મૂકી ગ્રંથાલય અભિમુખ શિક્ષણ-પ્રણાલીને અગ્રતા આપવી રહી.

પ્રસ્તુત અભિયાનને ટકાવી રાખવા માટે નીચે દર્શાવેલી કેટલીક પાયાની જરૂરિયાતો સરકારે પણ સંતોષવી રહી. 'વાંચે ગુજરાત' અભિયાનને ખરા અર્થમાં સાર્થક કરવા માટે જેમ પ્રજાવત્સલ મહારાજા સયાજીરાવ ગાયકવાડ 'ગામ ત્યાં શાળા અને શાળા ત્યાં ગ્રંથાલય' સ્થાપવા સતત પ્રયત્ન-શીલ રહ્યા હતા, તેમ સૌ પ્રથમ 'ગામ ત્યાં ગ્રંથાલય અને ગ્રંથાલય ત્યાં ગ્રંથપાલ'નું સૂત્ર નિરપવાદ અપનાવવું જોઈએ. આજે જેમ પ્રત્યેક ગામમાં પ્રાથમિક શાળા અને શિક્ષકની નિમણૂંક કરવામાં આવે છે, તેવી નીતિ યથાશીઘ્ર અપનાવીને પ્રત્યેક ગામમાં ગ્રંથાલયની સ્થાપના અને ગ્રંથપાલની નિમણૂક કરવી જોઈએ. ગુજરાતમાં ૧૮૦૦૦ ગામડાંની સામે ફક્ત ૪૭૯૯ ગ્રંથાલયો છે. આ આંકડામાં અનુદાનિત ગ્રંથાલયોનો પણ સમાવેશ થઈ જાય છે. અનુદાનિત ગ્રંથાલયોમાં અનુદાન કેટલું ? આ ગ્રંથાલયો કેટલો સમય ખુલ્લાં રહે છે ? જે ગામોમાં અનુદાનિત ગ્રંથાલયો શાળાઓમાં સ્થિત છે તેનો ઉપયોગ કેટલો ? અનુદાનિત ગ્રંથપાલોનું વેતન કેટલું ? કેટલા ગ્રંથપાલો કાયમી ધોરણે નિયુક્ત છે ? આવા અનેક પ્રશ્નોના ઉત્તરો ભારે નિરાશાજનક સાંપડે છે. બાળ ગ્રંથાલયોની સંખ્યા પણ સાવ નહિવત્ છે. સૂચિત પ્રત્યેક ગામના ગ્રંથાલયને સમૃદ્ધ માહિતી કેન્દ્ર તરીકે સ્થાપવું જોઈએ. આ ગ્રંથપાલની ગામના વિકાસમાં તલાટી, ગ્રામસેવક, ગ્રામમિત્ર કે શિક્ષકથી સવાઈ ભૂમિકા બની રહેશે. આ ક્ષેત્રનું મૂડીરોકાણ – માનવસ્રોત વિકાસનું મૂડીરોકાણ ગામ, રાજ્ય કે રાષ્ટ્રના વિકાસ માટે અનેકવિધ રીતે લાભદાયી બની રહેશે. સાર્વજનિક ગ્રંથાલયોના ગ્રંથપાલોની જેમ શાળા, કૉલેજ કે યુનિવર્સિટીના ગ્રંથપાલોની ઘણી જગ્યાઓ ખાલી છે. આ ઉપેક્ષાવૃત્તિ 'વાંચે ગુજરાત' અભિયાનને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે હાનિકર્તા છે. આ પ્રવૃત્તિના મેરુદંડ સમાન ગ્રંથપાલની અનુપસ્થિતિ વિધાયક પરિણામો ન જ લાવી શકે. કાકાસાહેબ કાલેલકરે ગ્રંથપાલ વગરના ગ્રંથાલયને મડદા સમાન ગણાવ્યું છે, જે યથાર્થ જ છે. ગ્રંથપાલ અને ગ્રંથાલય એક બીજાનાં પૂરક છે. એકની અનુપસ્થિતિમાં બીજાનું મૂલ્ય નહિવત બની રહે છે.

શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી વગેરેના પ્રયાસોથી 'ગ્રંથાલય ધારો' વિધાનસભાએ પસાર કરે પણ ૧૦ વર્ષ પૂરાં થયાં, છતાં તેનો અમલ ક્યારથી કરવામાં આવશે તે પ્રશ્ન છે. સંભવ છે કે આ વાત વિસારે પડી ગઈ હશે અથવા ગ્રંથાલય ધારો પસાર થઈ ગયો છે તે 'ઇતિ સિદ્ધમ્' માની લેવામાં આવ્યું હશે. વાચનપ્રવૃત્તિને પોષક એવી ગુજરાતી પ્રકાશન

પ્રવૃત્તિના પ્રારંભકાળથી અર્થાત્ ૧૮૦૮થી આજદિન સુધીનાં પુસ્તકોને આવરી લેતી વિસ્તૃત વાઙ્મયસૂચિઓ રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય કે અન્ય કોઈ સંસ્થા દ્વારા તૈયાર કરાવવી જોઈએ. આ માટે જરૂરી છે 'સ્ટેટ કોપીરાઈટ એક્ટ'નું ચુસ્તપણે પાલન થાય તેવા પ્રયાસો અનિવાર્ય છે.

ગ્રંથસંસ્કૃતિને પોષક એવી 'સાહિત્ય અકાદેમી'ઓને પુનર્જીવિત કરવી જોઈએ. આ સ્વાયત્ત અકાદમીઓ કેટલાંક વર્ષોથી અધ્યક્ષવિહોણી છે અને સરકારી તંત્રનો હિસ્સો બનતાં પ્રાયઃ નિષ્પ્રભ બની ગઈ છે. 'યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ'ની સ્થિતિ પણ આવી જ છે. આ બધી સંસ્થાઓ 'વાંચે ગુજરાત'ને અનેકવિધ રીતે સંવર્ધિત કરી શકે તેમ છે. રાજ્ય સરકાર દ્વારા પ્રકાશિત કરવામાં આવતાં પ્રકાશનોની જાણ માટે કોઈ ખાસ વ્યવસ્થા નથી. યુનિવર્સિટીઓની પ્રકાશનપ્રવૃત્તિ પણ સાવ બંધ પડી ગઈ છે. એક જમાનો હતો કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઉદા. તરીકે પ્રો. ભોળાભાઈ પટેલ કૃત 'અજ્ઞેય એક અધ્યયન' (૧૯૮૩) જેવું દળદાર પુસ્તક ફક્ત રૂ. ૭/– ની કિંમતે પ્રકાશિત કરવામાં આવ્યું હતું. ભો. જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન દ્વારા 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ', ૯ ખંડો (૧૯૭૦–૧૯૮૪) સાવ નજીવી કિંમતે પ્રકાશિત કરવામાં આવ્યા હતા. આજે આવાં સસ્તાં પ્રકાશનો સુલભ કરાવી આપવામાં આવે તો પ્રજા પુસ્તક ખરીદવા અને વાંચવા માટે પ્રેરાઈ શકે.

વિકસિત દેશોમાં સાક્ષરતાનો દર ઘણો ઊંચો છે, તેમજ સુનિયોજિત અને સમૃદ્ધ સાર્વજનિક ગ્રંથાલય પ્રણાલી અસ્તિત્વમાં હોવા ઉપરાંત ઉપર દર્શાવેલાં વિવિધ પ્રાવધાનો વર્ષોથી અમલમાં હોવાના કારણે 'વાંચે ગુજરાત' જેવાં અભિયાનોની જરૂરત ત્યાં ન રહે તે સ્વાભાવિક છે. વિકસિત મોટા વૃક્ષને પાણી સિંચનની જરૂરિયાત રહેતી નથી, કારણ કે તેનાં મૂળિયાં આપમેળે ધરતીના પેટાળમાંથી પાણી ચૂસી લે છે તેમ આ બધાં પ્રાવધાનો વાંચનપ્રીતિ વધારવા માટે નૈસર્ગિક પર્યાવરણ ઊભું કરે છે તે નજર સમક્ષ રહેવું જોઈએ. તેના અભાવમાં ઢોલ-નગારાં સાથેના જયઘોષો કાળના પ્રવાહમાં ઓગળી જશે.

આ અર્થસભર અભિયાન થકી જે અરુણું પરભાત દેખાયું છે તે પુનઃ કાળરાત્રીમાં પરિવર્તિત ન થઈ જાય તે માટે અને તેને સતત જીવંત રાખવાની અનિવાર્ય આવશ્યકતાને ધ્યાને લઈ આગળ ઉપર દર્શાવેલા સમાજના વિવિધ ઘટકોએ સ્વધર્મનું પાલન કરવા કટિબદ્ધ બનવું રહ્યું ! આ ત્રણેય પક્ષોના સહિયારા પ્રયાસોથી જ આ અભિયાનનું હાર્દ સિદ્ધ થઈ શકશે. આમ છતાં, ઉપર દર્શાવેલ મૂળભૂત જરૂરિયાતોને રાજ્ય સરકારે અગ્રતાક્રમ આપીને પૂરી પાડવી જોઈએ.

*

રાષ્ટ્રપુરુષ ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની દોઢસોમી જન્મજયંતીની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં ઉત્સાહભેર થઈ રહી છે. બીજી બાજુ આપણી ગૂર્જરગિરાના કવિ–મનીષી–ચિંતક અને એક અદના શિક્ષકની શતાબ્દિની ઉજવણી ગુજરાત-ભરમાં અને કેન્દ્રિય સાહિત્ય અકાદમી, નવી દિલ્હી અને અન્ય બહુવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહી છે. આ પ્રસંગે ગુરુદેવને સ્મરણાંજલિ આપવા અહીં ગુજરાતી ગિરાના સપૂત, સમર્થ ગદ્યકાર અને બહુભાષાવિદ્ પ્રો. ભોળાભાઈ પટેલ દ્વારા ગુરુદેવની એક કવિતાનો રસાસ્વાદ કરાવવામાં આવ્યો છે. સાક્ષર ઉમાશંકરના પ્રત્યક્ષ વિદ્યાર્થી રહી ચૂકેલા એવા આપણા શીલભદ્ર શિક્ષક-આચાર્ય અને સર્જક શ્રી મોહનલાલ પટેલ દ્વારા ઉમાશંકરના શિક્ષકત્વને ઉજાગર કરતો સંસ્મરણાત્મક લેખ અહીં સમાવિષ્ટ છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# શ્રદ્ધાંજલિ

## સ્વ. શેઠશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ



કે. વી. શેઠના હુલામણા નામથી સમગ્ર ગુજરાતમાં અને ભારતના પાટીદાર સમાજમાં ખ્યાતિપ્રાપ્ત તેવા પાટીદાર અસ્મિતાના શિરોમણી શેઠશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલનું તા. ૧૧ એપ્રિલ, ૨૦૧૧ના રોજ અવસાન થતાં સિદ્ધપુર – ઊંઝા – મહેસાણા પંથકમાં અને સમગ્ર પાટીદાર સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી ગઈ. તેઓશ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના ૧૯૮૧–૧૯૮૨થી પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના ઉપપ્રમુખ, શ્રી ગુજરાત ગૌશાળા ટ્રસ્ટના ટ્રસ્ટી તથા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના છેલ્લાં ૩૫ વર્ષથી પ્રમુખ તરીકે સેવાઓ આપતા હતા. આ ઉપરાંત અનેકવિધ સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા હતા. તેમની કર્મઠતા અને નિઃસ્વાર્થ સેવાભાવનાના કારણે તેમના નેતૃત્વ હેઠળની સઘળી સંસ્થાઓએ ઉજ્જ્વલતમ સિદ્ધિનાં શિખરો સર કર્યાં છે. તેમના અધ્યક્ષપદે ઊજવવામાં આવેલ મા ઉમિયાનો અઢારમી શતાબ્દિ મહોત્સવ અને આ મહોત્સવની રજતજયંતીની ઉજવણીનો સમારોહ ગુજરાતના ધાર્મિક મહોત્સવોના ઇતિહાસમાં કે આ પ્રદેશ-વિશેષના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થાય તેવો અભૂતપૂર્વ હતો. આ મહોત્સવોના ભારે સફળતાપૂર્વકના આયોજનથી તેઓશ્રી જનસમાજના વિશેષ અભિનંદનના અધિકારી અને લોકલાડીલા બની ગયા હતા. આ ઉત્સવોએ મા ઉમિયા સંસ્થાનની કીર્તિ દિક્‌દિગંત ફેલાવવામાં ઘણો મોટો ફાળો આપ્યો છે. આ સમારોહોની સૌથી મોટી નોંધપાત્ર ઘટના એ કે તેમણે મા ઉમિયાના માધ્યમથી પાટીદાર સમાજને એક છત્ર હેઠળ આણ્યો અને સમાજના ઉત્કર્ષ માટે શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે સૌ કટિબદ્ધ બન્યા. પરિણામસ્વરૂપે મોટો શિક્ષણનિધિ ઊભો કરતાં રૂ. ૧૦ કરોડથી અધિક રકમ સમાજનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને વ્યાજ વગર આપવામાં આવી છે. આ ઉપરાંત વિધવા અને ત્યક્તા બહેનો તથા નિરાધાર પરિવારોને આર્થિક સહાયનું ઉમદા સેવાકાર્ય પણ શરૂ કરવામાં આવ્યું છે. આ છે દષ્ટિવંત અને સબળ નેતૃત્વનું પરિણામ. સદ્‌ગત શેઠશ્રીના ત્રિવિધ મનોરથો હતા – મા ઉમિયા યુનિવર્સિટીની સ્થાપના, ભારતમાં ઠેર ઠેર મા ઉમિયાનાં મંદિરોની સ્થાપના કરવી, અને અલગ અલગ ફિરકા અને ગોળમાં વિભક્ત સમગ્ર પાટીદાર સમાજમાં એકતા લાવવી. મા ઉમિયાના માધ્યમથી શિક્ષણનો આહ્‌લેક જગાડી સમાજ સુધારણાનું તેમનું આ સ્વપ્ન આ સમાજ માટે આશીર્વાદરૂપ નીવડશે. સ્વ. શેઠશ્રી અન્ય સમાજો માટે પણ ઉદારદિલ અને સેવાપરાયણવૃત્તિ ધરાવતા હતા. સમદર્શિતા, વહીવટમાં પારદર્શિતા અને સમાજના પ્રત્યેક ઘટકનું મંતવ્ય સ્વસ્થતાપૂર્વક સાંભળવું અને સૌને સાથે લઈ ચાલવું એ તેમના

વ્યક્તિત્વના આગવા ગુણો હતા. કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિકાસમાં પણ તેમનું મહત્ત્વપૂર્ણ પ્રદાન રહ્યું છે.

સદ્‌ગત શેઠશ્રીનું મૂળ વતન કાંસા, તા. વિસનગર. વ્યાપાર અર્થે સિદ્ધપુરમાં સ્થાયી થયા અને ઈસબગૂલના મોટા વ્યાપારી તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા.

આ તબક્કે કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પરિવારની પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કે સદ્‌ગતના અંતરાત્માને ચિર શાંતિ અર્પે અને તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ વિપત્તિનો સામનો કરવાની શક્તિ આપે, તેમજ સમગ્ર પાટીદાર સમાજને આ તબક્કે એક થવાનું બળ અર્પે તેવી અભ્યર્થના. સદ્‌ગત શેઠશ્રીને સાચી શ્રદ્ધાંજલિ એ બની રહેશે કે તેમનાં સ્વપ્નાં સાકાર કરવા આપણે સૌ એક સ્વરે કટિબદ્ધ બનીએ અને સાથે સાથે મા ઉમિયા સંસ્થાન, ઊંઝાના કાર્યકારી પ્રમુખ તથા ગણપત વિદ્યાનગરના વિશ્વકર્મા એવા માનનીય શ્રી અનિલભાઈ પટેલના દૃષ્ટિસંપન્ન નેતૃત્વનો સમાજ ઉત્કર્ષમાં લાભ ઉઠાવીએ. જય ઉમિયા.

**માણેકલાલ એમ. પટેલ**

પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,

કડી–ગાંધીનગર

---

## સ્વ. જિતેન્દ્ર દેસાઈ



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા ઈ. સ. ૧૯૧૯માં સ્થાપિત નવજીવન ટ્રસ્ટ, અમદાવાદના મૅનેજિંગ ટ્રસ્ટી, ગાંધી સાહિત્યના પ્રખર અભ્યાસુ અને જ્ઞાતા, ગાંધી પરંપરાના અનુયાયી, ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ (૨૦૦૦-૨૦૦૩), તથા આધુનિક ગુજરાતી મુદ્રણકળાના અદના તજ્જ્ઞ સ્વ. જિતેન્દ્ર દેસાઈનું કૅન્સરની બીમારીથી ૭૩ વર્ષની વયે તા. ૨૧ માર્ચ, ૨૦૧૧ના રોજ નિધન થયું. સ્વ. જિતેન્દ્રભાઈનો જન્મ ગાંધીભક્ત પરિવારમાં નવસારીમાં તા. ૨૬ નવેમ્બર, ૧૯૩૮ના રોજ થયો હતો. સ્વાતંત્ર્યસેનાની પિતા શ્રી ઠાકોરભાઈ દેસાઈ મહાત્મા ગાંધીના સંનિષ્ઠ અનુયાયી તેમ જ સ્વ. મોરારજી દેસાઈ સાથે ઘનિષ્ઠ સંબંધો ધરાવતા હતા. માતા સુભદ્રાબહેન આર્યસમાજની રીતિ-નીતિ અને પરંપરાનાં ચુસ્ત આગ્રહી હતાં. તેમણે પ્રાથમિકથી સ્નાતક સુધીનું શિક્ષણ ગૂજરાત વિદ્યાપીઠમાં મેળવ્યા બાદ ગુજરાત યુનિવર્સિટીમાંથી એલએલ.બી.ની ડિગ્રી મેળવી હતી. મુદ્રણકળામાં વિશેષ રસ-રુચિથી પ્રેરાઈને લંડન કૉલેજ ઑફ પ્રિન્ટિંગ (૧૯૭૩)માં અભ્યાસ કર્યો હતો. કારકિર્દીની શરૂઆત નવજીવન ટ્રસ્ટમાં જોડાઈને કરી અને આયુષ્યની અંતિમ પળ સુધી તેને સમર્પિત રહેતાં નવજીવનનો પર્યાય અથવા નોંધવું જોઈએ કે તેનો પ્રાણ બની ગયા હતા.

નવજીવન ટ્રસ્ટને તેમનું સૌથી મોટું'પ્રદાન એ કે તેના બંધારણના ઘડવૈયા મહાત્મા ગાંધીની ઇચ્છા અનુસાર નવજીવનને એક સ્વાશ્રયી સંસ્થા તરીકે ન કેવળ ટકાવી, પરંતુ તેને સુસ્થિરતા બક્ષી તેમ જ નહિ નફો નહિ નુકસાનના ધોરણે ઉત્તમ પુસ્તકો ઉત્તમ રીતે મુદ્રિત – પ્રકાશિત કરી શકાય છે તે સાર્થક કરી બતાવ્યું. આ ઉપરાંત પરંપરાગત

મુદ્રણ મશીનોના સ્થાને અત્યાધુનિક ટેક્નોલૉજીનો વિનિયોગ કર્યો અને મુદ્રણકલા ક્ષેત્રે 'નવજીવન' એક બ્રાન્ડ નામ હતું તે વધુ દઢતર કરીને તેને કીર્તિ અપાવી. 'હિંદ સ્વરાજ'ની શતાબ્દી આવૃત્તિનું મુદ્રણ – પ્રકાશન એ તેમની આગવી મુદ્રણકલાની સૂઝ અને દૃષ્ટિનું પ્રોજ્જ્વલતમ ઉદાહરણ છે. બાળકોમાં ગાંધી વિચારદર્શનના પ્રચાર-પ્રસાર માટે બાળકો માટે ગાંધી સાહિત્યનું પ્રકાશન અને પરીક્ષાઓ લેવાનું શરૂ કર્યું. આ ઉપરાંત 'સત્યના પ્રયોગો'નું અંગ્રેજી સહિત ભારતની ૧૫ ભાષાઓમાં પ્રકાશન કરાવ્યું, તેમ જ પ્રાદેશિક ભાષાઓ તમિલ, મલયાલમ વગેરેમાં ગાંધી સાહિત્યનું પ્રકાશન વગેરે તેમની મોટી ઉપલબ્ધિઓ છે. આ ઉપરાંત મુદ્રણકળા સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ઉપયોગી તેવાં ૭ પુસ્તકો આપણને આપ્યાં. જેમાં 'પ્રૂફ રીડિંગ કેવી રીતે થાય છે ?' તે તો અનન્ય છે. આ ક્ષેત્ર સાથે સંકળાયેલા સૌ કોઈ માટે ખપમાં આવે તેવું આ પુસ્તક છે. આ ઉપરાંત 'ગાંધીજીની સંસ્થા નવજીવન', 'મુદ્રણમાં ક્રાંતિ', 'કૉપીરાઇટનો સુધારેલો કાયદો' વગેરે તેમનાં જાણીતાં પ્રકાશનો છે. તેમણે અન્ય વિષયક ૮ મૌલિક અને ૮ અનુવાદિત પુસ્તકો પણ આપ્યાં છે. આ પૈકી 'વિદેશ વસવાટનાં સંભારણાં', 'ટૉલ્સ્ટૉયની ૨૩ વાર્તાઓ', 'પુસ્તકોની અવનવી દુનિયા', 'પ્રકાશન નહીં કાયરનું કામ' વગેરે ઉલ્લેખનીય છે. તેમણે 'હરિવાણી'નું ૧૯૮૦-૧૯૮૪ અને 'અક્ષરમુદ્રા'નું ૧૯૭૮-૧૯૯૦ સુધી સંપાદન કર્યું હતું, તેમ જ 'ગુજરાત સમાચાર', 'સમકાલીન' વગેરેમાં સતત દસ વર્ષ સુધી સાપ્તાહિક કૉલમ ચલાવી હતી.

મુદ્રણકળાની સાથે સાથે તેમણે પત્રકારત્વ ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ગૂજરાત વિદ્યાપીઠમાં પત્રકારત્વ વિભાગના માનદ્ અધ્યક્ષ તરીકે ૧૯૯૨થી ૨૦૧૧ સુધી સેવાઓ આપીને આ વિભાગની આગવી ઓળખ ઊભી કરી આપવામાં સફળ રહ્યા હતા. આ ઉપરાંત ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાં પત્રકારત્વના મુલાકાતી અધ્યાપક તરીકે પણ સેવાઓ આપી હતી. રાજ્ય અને કેન્દ્ર સરકારે પણ વિવિધ સમિતિઓમાં સભ્ય તરીકે નિમણૂક કરીને તેમની બહુમૂલ્ય સેવાઓ લીધી હતી. ઉદા. તરીકે ભારત સરકાર દ્વારા 'કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી'ની સલાહકાર સમિતિના ૧૯૭૫થી સભ્ય, નેશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્હીના સભ્ય, ભારત સરકારની બુક ડેવલપમેન્ટ કાઉન્સિલના સભ્ય, યુજીસીની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની સમિતિના સભ્ય, બનારસ હિંદુ યુનિવર્સિટી, વારાણસીના સેનેટ સભ્ય, જ્યારે રાજ્ય સ્તરે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, માધ્યમિક શિક્ષણ બોર્ડ વગેરેમાં સભ્ય તરીકે સેવાઓ આપી હતી. આ ઉપરાંત ગાંધી દર્શન સાથે સંબંધિત અનેકવિધ સંસ્થાઓ તેમ જ પ્રકાશક – વિક્રેતા મંડળોના સભ્ય કે અધ્યક્ષ તરીકે પણ લાંબા સમય સુધી પ્રશસ્ય સેવાઓ આપી હતી.

સ્વ. જિતેન્દ્રભાઈને 'પ્રકાશન નહીં કાયરનું કામ' માટે ગુજરાતી સાહિત્ય પરિષદનું ગોપાળરાવ વિદ્વાંસ પારિતોષિક (૨૦૦૮), પ્રાદેશિક ભાષામાં પ્રકાશનની વિશિષ્ટ કામગીરી માટે ફેડરેશન ઑફ ઇન્ડિયન પબ્લિશર્સ, નવી દિલ્હી દ્વારા ૧૯૯૩-૯૪માં પુરસ્કૃત, શ્રેષ્ઠ અનુવાદ 'ટૉલ્સ્ટૉયની ૨૩ વાર્તાઓ'ને ગુજરાત સાહિત્ય અકાદમી ઍવૉર્ડ (૧૯૭૦-૭૧) તથા બાળ સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તક 'ગાંધીબાપુ' માટે ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૧૯૬૫માં પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

ગાંધી દર્શનના સંનિષ્ઠ હિમાયતી સદ્ગત જિતેન્દ્ર દેસાઈના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પે તેવી સર્વ વિશ્વવિદ્યાલય પરિવારની પ્રાર્થના.

# સંસ્થા પરિચય

## ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના આદ્ય સ્થાપક આર્ષદ્રષ્ટા પૂજ્ય છગનભાનો વિચાર હતો – ''શિક્ષણ દ્વારા જ સ્ત્રી સ્વાવલંબી અને સ્વતંત્ર બની શકે.'' તેઓશ્રીના આ સ્વપ્નને સાકાર કરવા માટે સંસ્થાના ચેરમૅન શ્રી માણેકલાલ પટેલ સાહેબે ભગીરથ પ્રયત્નો કરી વર્ષ ૧૯૯૧માં ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજની સ્થાપના કાલુપુર બૅન્કના સહયોગથી ગાંધીનગરમાં કરી અને એ સાથે જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની યશકલગીમાં એક નવું પીંછ ઉમેરાયું, કેમ કે આ કૉલેજને ગાંધીનગર જિલ્લાની પ્રથમ મહિલા કૉલેજ બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું.

સામાજિક ઉન્નતિ માટે 'મૂલ્યનિષ્ઠ શિક્ષણ દ્વારા સ્ત્રીસશક્તિકરણ' જેવા ઉમદા ધ્યેયને વરેલી આ કૉલેજે ૨૦ વર્ષમાં ઉત્તરોત્તર વિકાસ સાધી, આજે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અગ્રગણ્ય કૉલેજોમાં પોતાનું આગવું સ્થાન બનાવ્યું છે. ગહન અધ્યયન-અધ્યાપનની સાથે સાથે વિદ્યાર્થિનીઓનો સર્વાંગી વિકાસ સાનુકૂળ વાતાવરણમાં થાય અને વિદ્યાર્થિનીઓ અજ્ઞાનતામાંથી મુક્ત થઈ સામાજિક જવાબદારીઓ પ્રત્યે જાગૃત થાય, તેઓમાં આત્મવિશ્વાસ, સંકલ્પશક્તિ અને સ્વાભિમાન વધે તથા તેઓ પોતાના અધિકારો પ્રત્યે સભાન થાય તેવા સામૂહિક પ્રયાસો કૉલેજના ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યાશ્રી તથા અધ્યાપકગણ દ્વારા કરવામાં આવે છે. જેથી ભવિષ્યમાં વિદ્યાર્થિનીઓ 'દેહલિ દીપ' બની ઘર અને બહારના સમસ્ત ક્ષેત્રોને અજવાળે.

ગુજરાતના પાટનગર ગાંધીનગરના હાર્દ સમા સેક્ટર-૨૩માં આવેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પરિસરમાં ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ નયનરમ્ય પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે સ્થિત છે. કૉલેજની ઇમારત આધુનિક, ભવ્ય અને સુંદર છે. જેમાં અનેક પ્રકારની માળખાકીય સુવિધાઓ વિદ્યાર્થિનીઓ માટે ઉપલબ્ધ છે. હવાઉજાસવાળા ૨૦ મોટા વર્ગખંડો, લેડીઝરૂમ, કેન્ટિન, એન.સી.સી. કક્ષ, એન.એસ.એસ. કક્ષ, ઇન્ડોર ગેઇમ્સ માટે સ્પોર્ટ્સ રૂમ, આઉટડોર ગેમ્સ માટે મેદાન, એસેમ્બલી રૂમ, બૌદ્ધિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવા માટે ૧૨૫૦ની બેઠક ક્ષમતા ધરાવતો, ધ્વનિ તથા પ્રકાશનની આધુનિક સુવિધાઓથી મુક્ત 'ખીમજી વિસરામ સંસ્કારભવન' એટલે કે વિશાળ હૉલ, પ્રયોગશાળાઓ, (મનોવિજ્ઞાન, ભૂગોળ વિષયની) દૂર-દૂરના ગ્રામીણ તથા શહેરી વિસ્તારોમાંથી આ કૉલેજમાં ભણવા માટે આવતી વિદ્યાર્થિનીઓ માટે હૉસ્ટેલની સુવિધા વગેરે માળખાકીય બેનમૂન વ્યવસ્થાઓ ઉપલબ્ધ હોવાથી વિદ્યાર્થિનીઓને આગળ વધવા માટે સ્વયંશિસ્તના વાતાવરણની સાથેસાથે પૂરક સુવિધાઓ પણ પ્રાપ્ય છે.

કોઈ પણ શૈક્ષણિક સંસ્થાની ગુણવત્તાનું સાચું મૂલ્યાંકન તેના પુસ્તકાલયથી થતું હોય છે. કેમકે પુસ્તકાલય જ્ઞાનની ધરી સમાન હોય છે. કૉલેજનું પુસ્તકાલય કૉલેજ ભવનના ત્રીજા માળની વિશાળ જગ્યામાં પથરાયેલું છે. વિદ્યાર્થિનીઓ તથા

અધ્યાપકશ્રીઓ ને વાંચન માટે અલાયદી વ્યવસ્થા, ક્યુબીકલ્સ, પુસ્તકોની આપ-લે માટે કમ્પ્યુટરાઇઝ્ડ પદ્ધતિ, જુદાજુદા વિષયોનાં કુલ આશરે ૧૫,૦૦૦/- જેટલાં પુસ્તકો, વિશ્વકોશ, શબ્દકોશ, સંદર્ભગ્રંથો, પાઠ્યપુસ્તકો, સામયિકો, અસંખ્ય ઇ-રીસોર્સિસ વગેરે સુલભ છે, જેનો ભરપૂર ઉપયોગ વિદ્યાર્થિનીઓ અને અધ્યાપકો કરે છે. આ સિવાય કમ્પ્યુટર્સ લૅબની પણ અત્યંત આધુનિક-ઉત્તમ વ્યવસ્થા છે. વર્તમાન સમયમાં અંગ્રેજી વિષય તથા કમ્પ્યુટરના જ્ઞાનની અનિવાર્યતાને ધ્યાનમાં લઈને કૉલેજમાં ડિજિટલ ઇંગ્લિશ લૅંગ્વેજ લૅબનું ઉદ્ઘાટન તત્કાલીન શિક્ષણમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. હાલમાં આ લૅબનું વ્યવહારમાં વપરાતા અંગ્રેજી તેમ જ વ્યવસાયલક્ષી અંગ્રેજીની કુશળતા આધારિત કોર્સ ત્રણ સ્તરે ચલાવવામાં આવે છે. ૨૫ કૉમ્પ્યુટર્સ ધરાવતો આ વાતાનુકૂલિત કક્ષ ઇન્ટરનેટની પણ તમામ સગવડો ધરાવે છે. જેના ઉપયોગ દ્વારા અધ્યાપકો તથા વિદ્યાર્થિનીઓ લાભાન્વિત થાય છે.

વિદ્યાર્થિનીઓને એન.સી.સી., એન.એસ.એસ. તથા સ્પોર્ટ્સ પૈકીની કોઈ પણ એક પ્રવૃત્તિની ફરજિયાત પસંદગી કરવાની હોય છે. એન.સી.સી.માં જોડાયેલ વિદ્યાર્થિનીઓ શિસ્ત, સંયમ, દેશપ્રેમ, ખેલદિલી નેતૃત્વ, વિશ્વબંધુત્વ વગેરે ઉચ્ચ મૂલ્યો શીખવતા રાજ્યકક્ષાના તેમ જ રાષ્ટ્રીય કક્ષાના કૅમ્પમાં જોડાય છે. તથા ત્યાં થતી રાઇફલ શુટિંગ કે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સુવર્ણ, રજત કે કાંસ્ય પદકો પ્રાપ્ત કરે છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન NCCની બે કેડેટ કુ. રોશની બ્રહ્મભટ્ટ અને કુ. જ્યોત્સ્ના નવી દિલ્હી ખાતેના થલ સૈનિક કૅમ્પમાં પસંદગી પામી તો અન્ય ત્રણ વિદ્યાર્થિનીઓ કુ. ભગવતી રબારી, કુ. દીપિકા વાઘેલા અને કુ. ઉત્પલ પટેલે પ્રજાસત્તાક દિન પરેડ, નવી દિલ્હી ખાતે ભાગ લીધો હતો. દર અઠવાડિયે યોજાતી પરેડમાં પણ વિદ્યાર્થિનીઓ અનિવાર્યપણે સક્રિય રહે છે. એન.એસ.એસ.ની પ્રવૃત્તિ પસંદ કરનાર વિદ્યાર્થિનીઓ સામાજિક સેવાની વિવિધ પ્રવૃત્તિઓ સમગ્ર વર્ષ દરમિયાન કરે છે. તેઓ માટે વર્ષમાં એક વાર કોઈ પણ ગ્રામ્યવિસ્તાર પસંદ કરી શિબિરનાં આયોજનો પણ હાથ ધરવામાં આવે છે. NSSની સ્વયંસેવિકા કુ. સ્નેહા પોપટે ભુવનેશ્વર ખાતેના National Integration Camp, નહેરુ યુવા કેન્દ્ર દ્વારા આયોજિત તામિલનાડુના પુદુકોટાઈ, અમદાવાદ અને ગાંધીનગરના કૅમ્પ, સાઉથ એશિયન પીસ સેન્ટર દ્વારા આયોજિત બાંગ્લાદેશ ખાતેના કૅમ્પ અને હિમાચલપ્રદેશ સરકાર આયોજિત પર્વતારોહણ કૅમ્પમાં પણ ભાગ લીધો હતો. ગાંધીનગરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા પણ તેને તેની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ઇનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. સ્પોર્ટ્સ પસંદ કરનાર વિદ્યાર્થિનીઓ જિલ્લા, રાજ્ય, રાષ્ટ્ર કક્ષાએ ખેલકૂદમાં આગળ વધે તેમ જ ઉજ્જ્વળ સિદ્ધિઓ પ્રાપ્ત કરે તેની સઘન તાલીમ આપવામાં આવે છે. આ વર્ષે આ કૉલેજની હેન્ડબોલ ટીમની વિદ્યાર્થિનીઓએ ગુજરાત યુનિવર્સિટીમાં સતત દસમી વાર ચૅમ્પિયનશિપ હાંસલ કરી, તો ગુજરાત રાજ્ય મહિલા હેન્ડબોલ સ્પર્ધામાં સતત ત્રીજીવાર ચૅમ્પિયનશિપ પ્રાપ્ત કરી હતી. દર વર્ષે હેન્ડબોલની ટીમમાંથી પાંચથી છ વિદ્યાર્થિનીઓ ઇન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં ભાગ લેવા માટે રાષ્ટ્રીય સ્તરે પસંદગી પામે છે. જેના પરિણામસ્વરૂપે આ કૉલેજની વિદ્યાર્થિનીઓ નેશનલ લૅવલ સુધી આ પ્રવૃત્તિઓમાં અનેરી સફળતા પ્રાપ્ત કરી શકે છે.

શૈક્ષણિક વર્ષ દરમિયાન કૉલેજ અનેક અભ્યાસેતર પ્રવૃત્તિઓથી પણ સતત ધમધમતી રહે છે. વિદ્યાર્થિનીઓના સર્વાંગી વિકાસ માટે શિક્ષણની સાથેસાથે બૌદ્ધિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેના કારણે વિદ્યાર્થિનીઓ

લેખન, વાંચન અને ચિંતન કરવા પ્રેરાય, તેઓનો આત્મવિશ્વાસ વધે, સ્ટેજફીયર દૂર થાય, પોતાના વિચારો અને કલા ને અભિવ્યક્ત કરવાની તક મળે તથા સુષુપ્ત શક્તિઓ જાગૃત થાય તેવા શુભાશયથી કૉલેજમાં વક્તૃત્વ, નિબંધ, કાવ્યપઠન, ક્વીઝ, પાદપૂર્તિ, અક્ષરબોર્ડ, આર્ટબોર્ડ, મહેંદી, કેશગૂંફન, રાખડી, રંગોલી, કાર્ડમેકિંગ, ગીત-સંગીત, ગરબા, પ્રાદેશિક તેમ જ પાશ્ચાત્ય નૃત્યો, નાટક, માઇમ, સ્કીટ વગેરે અનેકાનેક પ્રકારની પ્રવૃત્તિઓની કૉલેજ કક્ષાની તેમ જ આંતર કૉલેજ કક્ષાની સ્પર્ધાઓનાં મોટા પાયે આયોજનો કરી તેમાં વધુમાં વધુ વિદ્યાર્થિનીઓ જોડાય તથા ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને ઉચિત માર્ગદર્શન તથા પ્રેરણા પ્રાપ્ત થાય તેવો આચાર્યાશ્રી તથા અધ્યાપકગણનો અભિગમ રહ્યો છે.

આજના સ્પર્ધાત્મક યુગમાં સમયની માંગ અનુસાર વિદ્યાર્થિનીઓનો સર્વાંગી વિકાસ થાય, તેઓ પારિવારિક તેમ જ સામાજિક પડકારોનો સામનો સુદઢતાપૂર્વક કરી શકે, વિશેષ તો આર્થિક રીતે સ્વાવલંબી તથા પગભર બની શકે, તે માટેના સંનિષ્ઠ પ્રયાસોને આવરી લેતા કેટલાક મહત્ત્વપૂર્ણ સર્ટિફિકેટ કોર્સ કૉલેજમાં ચલાવવામાં આવે છે. જેમ કે વ્યક્તિત્વવિકાસ અભ્યાસક્રમમાં વિદ્યાર્થિનીઓના બાહ્ય તેમ જ આંતરિક વ્યક્તિત્વ ને લગતાં વિવિધ પાસાં-વસ્ત્રપરિધાન, વાતચીત કરવાની કલા, ગોલસેટિંગ, ઑફિસ એપ્રોચ, સ્ટ્રેસ મૅનેજમેન્ટ, ઇન્ટરવ્યૂ મેનર્સ, યોગા એન્ડ મેડિટેશન વગેરે મુદ્દાઓને વિષય નિષ્ણાતો, તજ્જ્ઞો તથા કૉલેજના અધ્યાપકો દ્વારા વ્યાખ્યાનો, વર્કશોપ, દશ્ય તથા શ્રાવ્ય માધ્યમો વગેરે દ્વારા શીખવવામાં આવે છે. આવો જ બીજો મહત્ત્વપૂર્ણ કોર્સ કારકિર્દી માર્ગદર્શન છે. જેમાં વર્તમાન સમયના વિભિન્ન ક્ષેત્રો તથા પ્રવાહોમાં ભવિષ્યમાં પોતાની કારકિર્દી કેવી રીતે બનાવવી તે અંગેની માહિતી તથા માર્ગદર્શન આપવામાં આવે છે. આ સિવાય સેલ્ફ એમ્પ્લોયમેન્ટના વર્ગો પણ ચલાવવામાં આવે છે, જેમાં વિદ્યાર્થિનીઓને સ્વરોજગારી મેળવવા માટે ટાઇ એન્ડ ડાઇ, ફોટોગ્રાફી, બ્યુટીપાર્લર, પ્રૂફરીડિંગ, લઘુઉદ્યોગો વગેરેને લગતું માર્ગદર્શન તેમ જ વ્યાખ્યાનો અને વર્કશોપ દ્વારા પ્રત્યક્ષ નિદર્શન પણ આપવામાં આવે છે.

U.G.C.ના આદેશાનુસાર પ્રત્યેક કૉલેજમાં ગુજરાત યુનિવર્સિટીના W.D.C. દ્વારા સંચાલિત C.W.D.C.ની અતિ મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિઓનાં આયોજનો કરવામાં આવે છે. જે અંતર્ગત વિદ્યાર્થિનીઓને મૂંઝવતા પ્રશ્નોના નિરાકરણના પ્રયાસોના ભાગરૂપે તેઓને અંગત-વ્યક્તિગત માર્ગદર્શન, સ્ત્રી તંદુરસ્તી, જાતીય સતામણી પ્રત્યે સભાનતા, સ્ત્રી અધિકાર, સ્ત્રીઓને લગતા કાયદાઓ, આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ઉજવણી, નારીજીવનને લગતા વિવિધ પાસાઓ પર વક્તૃત્વ, નિબંધવાર્તા, ચિત્ર, કાવ્ય, પેપરપ્રેઝન્ટેશન, કાર્ટૂન, સૂત્રલેખન વગેરે સ્પર્ધાઓ, માહિતી તેમ જ આયોજનો દ્વારા સ્ત્રીઓમાં સ્વ પ્રત્યેની જાગૃતિ તેમ જ સમજણ કેળવવાના ભગીરથ પ્રયત્નો કરવામાં આવે છે. આ સંદર્ભે તાજેતરમાં U.G.C. દ્વારા દરેક કૉલેજને 'equal opportunity center'ની સ્થાપના માટે ગ્રાન્ટ આપવામાં આવેલ છે. કૉલેજમાં આ પ્રવૃત્તિના ભાગરૂપે સવિશેષતઃ એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., લઘુમતિ જૂથો, શારીરિક રીતે વિકલાંગ વગેરે વર્ગોની બહેનોને લઘુતાગ્રંથિમાંથી બહાર લાવવાના સર્જનાત્મક કાર્યક્રમો કરી તેઓને સમાન હક્કો, તકો અને અધિકારો પ્રાપ્ત થાય તથા અલગતા, ઉપેક્ષા અને શોષણ દૂર થાય તેવા સકારાત્મક હેતુથી વિવિધ કાર્યક્રમોનાં આયોજનો, માર્ગદર્શન તથા સમાનતાભર્યું વાતાવરણ સ્થાપિત કરવા તથા દરેક પ્રકારના ભેદભાવ દૂર થાય તેવા પ્રયાસો કરવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ દરમિયાન અભ્યાસમાં તેમ જ અભ્યાસપૂરક કે અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં મોખરે રહીને કૉલેજને ગૌરવ અપાવતી અસંખ્ય વિદ્યાર્થિનીઓને કૉલેજના વાર્ષિક ઇનામ વિતરણ સમારોહ અંતર્ગત સંસ્થાના ચૅરમૅનશ્રી માણેકલાલ પટેલ સાહેબ, સંસ્થાના પદાધિકારીશ્રીઓ તથા દાતાશ્રીઓને નિમંત્રણ આપી, વાર્ષિકોત્સવનું આયોજન કરી, મહાનુભાવોના હસ્તે વિદ્યાર્થિનીઓને મેડલ્સ, શિલ્ડ, ટ્રોફી, રોકડ પુરસ્કારો તથા પ્રમાણપત્રો આપીને તેઓની પ્રશંસનીય સિદ્ધિઓને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડી તેઓને ઉત્તરોત્તર પ્રગતિ કરવા પરિબળ પૂરું પાડવામાં આવે છે. આ સિવાય પણ કૉલેજમાં અનેક એવી વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓ થતી જ રહે છે જેના કારણે તેઓની સંવેદનાઓ જાગૃત થાય, માનવીય તેમ જ નૈતિક ગુણોનો વિકાસ થાય તથા સુપેરે ચારિત્ર્ય ઘડતર થઈ શકે, જેમકે – ગુરુપૂર્ણિમાની ઉજવણી, દેશભક્તિ ગીત સ્પર્ધા, યુવક મહોત્સવની પ્રવૃત્તિઓ, બેસ્ટ રીડર ઍવૉર્ડ, બેસ્ટ સ્ટુડન્ટ ઍવૉર્ડ, વિદાય સમારંભનું આયોજન, સ્વાતંત્ર્ય દિનની ઉજવણી, વિવિધ 'દિન'ની ઉજવણી વગેરેને કારણે વિદ્યાર્થિનીઓ સતત પ્રવૃત્તિશીલ રહે છે.

શૈક્ષણિક સત્રના પ્રારંભમાં વિદ્યાર્થિનીઓ કૉલેજના પ્રથમવર્ષમાં પ્રવેશ મેળવવા આવે છે ત્યારે કૉલેજ દ્વારા વિનયન વિદ્યાશાખામાં મુખ્ય અને ગૌણ વિષયો તરીકે અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, ભૂગોળ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ઇતિહાસ અને વાણિજ્ય વિદ્યાશાખામાં એકાઉન્ટિંગ, આંકડાશાસ્ત્ર, કમ્પ્યૂટર, ધંધાકીય વ્યવસ્થાપન અને સંચાલન તથા સેક્રેટરિયલ પ્રેક્ટિસ વિષયો ઑફર કરવામાં આવતા વિષયોમાંથી પોતાનાં રસ અને રુચિ અનુસાર વિષયચયન કરી શકે તે માટે માર્ગદર્શન આપવા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ દરમિયાન નિયમિત વર્ગો લેવા, પ્રત્યેક વર્ગના પ્રત્યેક લેક્ચરમાં નિયમિત રીતે હાજરી પૂરવી તથા વર્ગખંડ અને કૉલેજમાં શિસ્ત જાળવવામાં આવે છે. અધ્યયન અને અધ્યાપનમાં પણ પૂર્ણ ચોકસાઈ રાખવામાં આવે છે. પરિણામ સ્વરૂપે વાર્ષિક પરીક્ષાઓમાં કૉલેજની તમામ વિદ્યાર્થિનીઓ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓમાં તેજસ્વી પરિણામો પ્રાપ્ત કરે છે. દર વર્ષે કૉલેજ પરિણામો ૮૦%થી ૯૦% વચ્ચે આવે છે. આ કૉલેજના પરિણામો ખૂબ જ ઉજ્જ્વળ તથા ગુજરાત યુનિવર્સિટીના પરિણામની અપેક્ષાએ ઊંચાં અને ગૌરવપૂર્ણ હોય છે. કેટલીક વિદ્યાર્થિનીઓ યુનિવર્સિટીના Merit listમાં પણ સ્થાન પ્રાપ્ત કરે છે. જેમકે વર્ષ ૨૦૦૯-૨૦૧૦ની પરીક્ષાઓમાં T.Y.B.A.ની કુ. મેઘના દલવાણિયાએ ૭૮% મેળવી અંગ્રેજી વિષયમાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ આવી. પ્રો. એફ. સી. દાવર સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો તો સંસ્કૃત વિષયની T.Y.B.A.ની બે વિદ્યાર્થિનીઓ કુ. ધૂલી નીનામા અને કુ. ઊર્મિલા પટેલે ગુજરાત યુનિવર્સિટીના ૧થી ૪૦ ક્રમના Meritમાં અનુક્રમે ૨૧મો અને ૪૪મો ક્રમ મેળવ્યો તથા મનોવિજ્ઞાનની કુ. પૂજા ઠાકરે આ જ યાદીમાં ૩૬મું સ્થાન પ્રાપ્ત કર્યું.

મુખ્ય વિષય સંસ્કૃત સાથે M.A. (અનુસ્નાતક) કરવા ઇચ્છતી વિદ્યાર્થિનીઓ માટે કૉલેજમાં અનુસ્નાતક કેન્દ્ર પણ ચાલે છે. જેમાં પણ સફળ સંચાલન, નિયમિતતા, અનુશાસન, વ્યવસ્થિત અધ્યાપન વગેરેને કારણે વિદ્યાર્થિનીઓ સુંદર પરિણામો પ્રાપ્ત કરી શકી છે.

સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થિનીઓ માટે ટૂંકાગાળાના વિવિધ અભ્યાસક્રમોનાં આયોજનો કરીને તેઓને જે-તે વિષયનું જ્ઞાન, માર્ગદર્શન તથા સઘન તાલીમ પણ આપવામાં આવે છે. આવા

અભ્યાસક્રમોમાં પત્રકારત્વ, પુરાતત્ત્વ, પર્યાવરણ જાગૃતિ, સંશોધન પદ્ધતિ વગેરેના અમુક કલાકો કે અમુક નિશ્ચિત દિવસોના કોર્સ ચલાવવામાં આવે છે. જેમાં વિદ્યાર્થિનીઓ મોટી સંખ્યામાં ઉત્સાહથી જોડાય છે. અને જે તે અભ્યાસક્રમ ને લગતા પ્રમાણપત્રો પણ મેળવે છે.

કૉલેજમાં વર્ષ ૨૦૦૬માં NAAC કમિટીએ કૉલેજની વિવિધ પ્રવૃત્તિઓ, માળખાકીય સુવિધાઓ, આચાર્યશ્રી તેમ જ અધ્યાપકગણની કામગીરી તથા સજ્જતા વગેરે વિવિધ પાસાઓની ચકાસણી તેમ જ મૂલ્યાંકન કરીને કૉલેજને B++ (ફાઇવસ્ટાર)નો દરજ્જો આપ્યો. તે સમગ્ર સંસ્થા માટે આનંદ તથા ગૌરવની વાત છે. કૉલેજના આચાર્યશ્રીની વહીવટીદક્ષતા, કાર્યકુશળતા, તેમ જ અધ્યાપકશ્રીઓની તજ્જ્ઞતા તથા વિષય દક્ષતાને કારણે સમગ્ર કૉલેજનું શૈક્ષણિક સ્તર ખૂબ જ ઊંચું રહેવા પામ્યું છે.

આચાર્યાશ્રી તથા અધ્યાપકશ્રીઓ પીએચ.ડી., એમ.ફીલ., એમ.એ., બી.એડ્. અને એમ.કૉમ. જેવી ઉચ્ચ ડિગ્રીઓ ધરાવે છે. કૉલેજમાં પસંદગી પામેલા તમામ પ્રાધ્યાપકશ્રીઓ ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી ધરાવે છે. કુલ ૨૯ કાયમી પ્રાધ્યાપકશ્રીઓમાંથી ૧૧ પ્રાધ્યાપકશ્રીઓએ Ph.D.ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. ૮ M.Philની ડિગ્રી ધરાવે છે. હિન્દીના બે, અંગ્રેજીના બે, સંસ્કૃતના બે, અને ગુજરાતીના એક એમ મળીને કુલ ૭ પ્રાધ્યાપકશ્રીઓ Ph.D.ના guide માર્ગદર્શક તરીકે સેવાઓ આપે છે અને તેમના હાથ નીચે હાલ ૧૮ વિદ્યાર્થિનીઓ Ph.D. માટે માર્ગદર્શન પ્રાપ્ત કરી રહેલ છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન આ કૉલેજના પ્રાધ્યાપકશ્રીઓ દ્વારા ૧૩થી વધુ પુસ્તકો અને ૪૯ રીસર્ચ પેપર્સ જુદીજુદી journals તેમ જ પુસ્તકોમાં છપાયાં છે. કૉલેજના પ્રિ. ડૉ. અમૃતા પટેલ (વર્ષ ૧૯૯૮) અને અંગ્રેજીના પ્રા. ડૉ. પ્રણવ જોષીપુરા (૨૦૧૦) Rotary International District ૨૦૫૦ દ્વારા Outstanding Professional તરીકે Group Study Exchange Programmeમાં પસંદગી પામતાં. ડૉ. અમૃતા પટેલે આ કાર્યક્રમ અંતર્ગત ફિલિપિન્સ, હોંગકોંગ અને થાઇલૅન્ડની મુલાકાત લીધી, તો ડૉ. પ્રણવ જોષીપુરાએ દક્ષિણ આફ્રિકાની વિભિન્ન શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લીધી હતી. હિન્દી વિષયના અધ્યક્ષ ડૉ. બિંદુ ભટ્ટને સાહિત્ય અકાદમી નવી દિલ્હીનો વર્ષ ૨૦૦૩નો પુરસ્કાર પ્રાપ્ત થયો. વળી, આપની ભાષા, કલકત્તાની સંસ્થા તરફથી તેમના હિન્દી અને ગુજરાતી ભાષાના પ્રદાન માટે જસ્ટિસ શરદચરણ મિત્ર સ્મૃતિ ભાષા સેતુસન્માન પ્રાપ્ત થયું. સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષ ડૉ. યોગિની વ્યાસનું તેમના સંસ્કૃત ભાષાના પ્રદાન માટે શ્રી જયેન્દ્ર સરસ્વતી, કાંચિ કામકોટિ પીઠમ્‌ના સ્વામીજી તરફથી સન્માન કરવામાં આવ્યું હતું. વળી તેઓને બેસ્ટ રીસર્ચ પેપર પ્રેઝન્ટ કરવા માટે ચિખલી ખાતેના નેશનલ સેમિનાર દરમિયાન અને સંસ્કૃતમાં ઉત્તમ ટૂંકી વાર્તા લખવા માટેનું સન્માન સાહિત્ય અકાદમી, દિલ્હી તરફથી પ્રાપ્ત થયું. સંસ્કૃતના પ્રાધ્યાપક ડૉ. રૂપકમલ ચાવડાને આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદીના પુસ્તક એક પુરાની કહાનીનું હિન્દીમાંથી ગુજરાતીમાં રૂપાંતર કરવા માટે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ઉત્તમ ભાષાંતર માટેના ઍવૉર્ડની શ્રેણીમાં દ્વિતીય સન્માન પ્રાપ્ત થયું. ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. હીના મહેતાને બેસ્ટ વુમન પ્રોફેશનલનો ઍવૉર્ડ અમેરિકાની Women's સંસ્થા તરફથી આપવામાં આવ્યો. વળી છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન પ્રાધ્યાપકશ્રીઓ દ્વારા બે મેજર રીસર્ચ પ્રોજેક્ટસ અને બે માઇનોર રીસર્ચ પ્રોજેક્ટસ પૂર્ણ કરવામાં આવ્યા. બધા જ અધ્યાપકોનો અભિગમ વિદ્યાર્થીલક્ષી જ રહ્યો છે. જેને કારણે

પ્રત્યેક વિષયના વિભાગમાં અનેક પ્રવૃત્તિઓ – સી.ડી.શો., પેપર રીડિંગ, સ્ટડી ટૂર, અતિથિશ્રીઓનાં વ્યાખ્યાનો, ક્લાસરૂમ ટેસ્ટ વગેરે કરાવવામાં આવે છે. અધ્યાપકીય સજ્જતા માટે પણ કૉલેજમાં અનેક જોગવાઈઓ તથા સવલતો છે. અધ્યાપકશ્રીઓ અનેક આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, રાજ્યકક્ષાના પરિસંવાદો, કાર્યશાળાઓ અભ્યાસક્રમો વગેરેમાં જઈ સંશોધન પત્રો રજૂ કરે છે તથા પ્રોજેક્ટ લઈને શોધ કરે છે. કૉલેજ દ્વારા પ્રતિવર્ષ રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરનાં પરિસંવાદોનું આયોજન પણ કરવામાં આવે છે. ચાલુ વર્ષમાં જ તારીખ ૬ અને ૭ ઑગસ્ટ, ૨૦૧૦ના રોજ રાષ્ટ્રીય સ્તરના મૂલ્યાંકનની સંસ્થા NAACના અનુદાનથી દ્વિદિવસીય રાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદનું આયોજન કરેલું જેનો વિષય હતો 'ક્વૉલિટી મૅનેજમેન્ટ એન્ડ ગ્લોબલ ચેલેન્જિસ ઇન હાયર એજ્યુકેશન.' ભારતભરમાંથી આશરે ૧૫૦ જેટલા અધ્યાપકો તથા વિદ્વાનોએ આ પરિસંવાદમાં ભાગ લીધો હતો અને સંશોધનપત્રો રજૂ કર્યા હતા. કૉલેજના મોટા ભાગના અધ્યાપકોએ આ સેમિનારમાં વિદ્વત્તાસભર શોધપત્રો રજૂ કર્યાં હતાં. ઘણાબધા વિદ્યાર્થીઓએ પણ આ સેમિનારમાં ભાગ લઈ રીસર્ચ પેપર્સ રજૂ કર્યાં હતાં.

સહિયારા પ્રયાસોને કારણે છેલ્લા ૨૦ વર્ષથી આ કૉલેજ સાચા અર્થમાં વિદ્યાર્થિનીઓ માટે કેળવણી, ચારિત્ર્ય ઘડતર તથા સર્વાંગી વિકાસ સાધવા માટેનું સંસ્કારધામ બની રહી છે.

સાચો વાચક ચોપડી માત્ર વાંચી નથી નાખતો : ફરીફરી વાંચે છે.
પોતાનાં પુસ્તકોનું નિત્ય સેવન કરનાર જ મોટો વાચક છે,
જીવંત અને સર્જનશીલ વાચક છે – અને એ જ ખરો વાચક છે.

**વ્લાદીમીર નોબોકોવ**

❖

વિદ્યાર્થી જ્યારે પોતાની યુનિવર્સિટીની નજીકના પુસ્તક-ભંડારમાં પ્રવેશ કરે છે ત્યારે એ સ્વશિક્ષણનું જબરું કામ કરે છે. પુસ્તકોની દુકાનમાં અવનવાં પુસ્તકો નિરાંતે જોવાથી એ પોતાની મેળે સાહિત્યની સૃષ્ટિમાં વિહરતાં શીખે છે. પોતાની મેળે પોતાનો માર્ગ શોધવો અને પછી રસ્તો કરતાં જવું એ કેળવણીનું મોટું કામ છે.

**આર્નોલ્ડ ટૉયન્બી**

❖

વાંચનારને આનંદ આવશે તો એ પુસ્તક વાંચવાનું ચાલુ રાખશે, નહીં તો ફેંકી દેશે. પુસ્તકની અંતિમ કસોટી આનંદ છે. બીજી બધી તર્કબાજી નકામી.

**ક્લૉડ સાયમન**

# સોનાની કણી

**ભોળાભાઈ પટેલ**



ગુરુદેવ રવીન્દ્રનાથની દોઢસોમી જન્મજયંતીનું આ વર્ષ છે. એમણે રચેલી 'ગીતાંજલિ'ને ૧૯૧૩માં નોબેલ પારિતોષિક મળ્યું હતું. 'ગીતાંજલિ' દુનિયાની મોટાભાગની ભાષાઓમાં અનૂદિત થઈ છે. ગુજરાતીમાં પણ એના ૧૦થી વધારે અનુવાદો છે. તેમ છતાં એના વાચકોની સંખ્યા ઓછી છે. એટલે આજે 'ગીતાંજલિ'ની એક રચનાની વાત કરવાની ઇચ્છા છે.

જે રચનાની અહીં વાત કરીએ છીએ, એમાં કલ્પના એવી છે કે એક ભિક્ષુક ગામડાના રસ્તાઓ ઉપર ભિક્ષા માગતો માગતો ફરતો હતો. એટલામાં એ જુએ છે કે ધૂળિયા રસ્તા પર એક સોનેરી રથ આવી રહ્યો છે. ભિખારી તો એ રથ જોઈ ખુશ થયો કે હવે આ સોનાના રથમાં બેઠેલો રાજા એને વગર માગ્યે ભિક્ષા આપશે અને એના ભવની ભાવટ ભાગશે. ફરી ભીખ માગવા નીકળવું નહિ પડે.

રાજાનો રથ ભિક્ષુક પાસે આવીને અટક્યો, એટલું નહિ અંદર બેઠેલો રાજા પોતે નીચે ઊતર્યો. એથી મોટી નવાઈ એ થઈ કે ભિક્ષુકને દાન આપવાને બદલે રાજાએ પોતાનો જમણો હાથ ભિક્ષુક તરફ લાંબો કર્યો અને કહ્યું – 'તું મને કંઈક આપ.'

ભિખારી તો ગભરાઈ ગયો. આ તો રાજરાજેશ્વર મારી ભિખારીની પાસે હું એને શું આપું ? આ કેવા પ્રકારની મશ્કરી હતી, પણ રાજાનો હાથ તો લાંબો રહ્યો. છેવટે ભિખારીએ પોતાની ભિક્ષાની ઝોળીમાંથી એક નાનો અનાજનો દાણો કાઢ્યો અને રાજાના હાથમાં મૂક્યો.

પછી તો પોતાના કરમને દોષ આપતો ભિખારી પોતાની ઝૂંપડીએ પહોંચ્યો. આજે મોટી ભિક્ષા મળવાની કેવી તક હતી – અને મારે સામે ભિક્ષા આપવી પડી. એણે એમ વિચાર કરતાં કરતાં પોતાની ભિક્ષાની ઝોળી ઊંધી કરી, તો દિવસ દરમ્યાન ઉઘરાવેલા દાણાના ઢગલામાં એક સોનાની કણી નીકળી પડી.

હવે ભિક્ષુ રડવા લાગ્યો. એને થયું કે મેં એક કણ આપવાને બદલે એ રાજભિક્ષુના હાથમાં આખીને આખી ઝોળી ઠાલવી દીધી હોત તો કેવું સારું થાત ?

કવિતામાં ગુરુદેવ ટાગોર કશો બોધ આપતા નથી. બોધ તો આપણે ગ્રહણ કરવાનો છે. સમર્પણની ભાવના વ્યક્તિને સુખી અને સમૃદ્ધ કરે છે. આપણામાં સમર્પણ કરી દેવાની; સામાને, જરૂરિયાતમંદને આપી શકવાની કેટલી ભાવના અને હિંમત છે. એક સાદા અનાજનો કણ પછી તો સોનેરી કણ બની પાછો મળવાનો છે. ગુરુદેવની 'ગીતાંજલિ'નું આ કાવ્ય તમારા સૌ સુધી પહોંચશે અને તમારા હૃદયને ઉન્નત કરશે એવી આશા છે.


---

*આ મારી શાયરી યે સંજીવની છે, 'ઘાયલ';*
*શાયર છું, પાળિયાને બેઠા કરી શકું છું !*

અમૃત 'ઘાયલ'

# શિક્ષક ઉમાશંકર

**મોહનલાલ પટેલ**



ઈ. સ. ૧૯૬૦ના જૂન માસના એક દિવસે ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનના પ્રથમ માળની લોબીમાં આવીને કાર્યાલયના સેવકે મને કહ્યું : 'સાહેબ તમને યાદ કરે છે.'

'યાદ કરે છે.' શબ્દોમાં અજાણ્યો છતાં મનમાં વસી જાય એવો વિવેક હતો.

'સાહેબ' એટલે ભાષાભવનના ડાયરેક્ટર ઉમાશંકર જોશી.

ભાષાભવનમાં પ્રવેશ મેળવનાર પ્રત્યેક નવા વિદ્યાર્થી (અથવા વિદ્યાર્થિની)ને બોલાવીને ઉમાશંકરભાઈ ઔપચારિક પરિચય મેળવી લેતા હતા એવું મારા જાણવામાં આવ્યું હતું એટલે કાર્યાલયના સેવકને કશું પૂછ્યા સિવાય હું ઉમાશંકરભાઈની ઑફિસમાં પહોંચ્યો.

મીઠા સ્મિત સાથે ઉમાશંકરભાઈએ નજરથી સંકેત કરીને સામેની ખુરશી પર બેસવા મને સૂચન કર્યું.

હું બેઠો.

ઉમાશંકરભાઈએ કહ્યું : 'અગાઉ મળવાનું થયું છે.'

ઉમાશંકરભાઈની આ ઉક્તિ મારા માટે ભારે આશ્ચર્યની એક હકીકત હતી. ઈ. સ. ૧૯૫૫ના ફેબ્રુઆરીમાં ઉમાશંકરભાઈને મળવાનું થયું તે મારે માટે એક યાદગાર ઘટના હતી, પણ ત્રણચાર મિનિટનો ભેટો (મિલન નહીં કહું) ઉમાશંકરભાઈની સ્મૃતિમાં હોય એ મારા માટે વિસ્મયની વાત હતી. હકીકત એમ હતી કે ૧૯૫૪-૫૫માં એ. જી. ટીચર્સ કૉલેજના મારા એક સહાધ્યાયીને વાર્ષિક પરીક્ષામાં ઉમાશંકરભાઈના 'ઘેરૈયા' કાવ્ય ઉપર પાઠ આપવાનો હતો. આ સહાધ્યાયી મિત્ર કાવ્યની છેલ્લી બે પંક્તિઓ વિશે ઉમાશંકરભાઈને રૂબરૂ કંઈક પૂછવા માગતા હતા. એમણે મારી મદદ માગી. આ વર્ષોમાં શ્રી રમણલાલ જોશી યુનિવર્સિટીમાં રીસર્ચ સ્કોલર તરીકે કામ કરતા હતા. એ મને સારી રીતે જાણતા હતા એટલે એમની મારફતે ઉમાશંકરભાઈને મળાશે એવી ધારણા હેઠળ હું મારા સહાધ્યાયી મિત્રને લઈને યુનિવર્સિટીમાં ગયો. રમણભાઈ અમને ઉમાશંકરભાઈ પાસે લઈ ગયા. સહાધ્યાયી મિત્રની વાત સાંભળીને ઉમાશંકરભાઈએ કહ્યું : 'આમાં તમને જે પ્રત્યાયન થયું હોય તે સાચું, કવિને વચ્ચે લાવશો જ નહીં.'

મુલાકાત માંડ ત્રણચાર મિનિટ ચાલી હશે પણ તે ઉમાશંકરભાઈને બરાબર યાદ હતી. ત્રણચાર મિનિટ માટે મળેલા જિજ્ઞાસુ વિદ્યાર્થીઓ આ રીતે ધ્યાનમાં રહી ગયા હોય તો બબ્બે વર્ષ સુધી રોજ વર્ગમાં સામે બેસતા વિદ્યાર્થીઓ સાથેની એમની નિસબત કેવી અને કેટલી હોય એ સમજી શકાય એમ છે.

મારી અત્યારની મુલાકાતમાં હું ઉમાશંકરભાઈ દ્વારા એક મુરબ્બી વડીલના વાત્સલ્યનો અનુભવ કરી રહ્યો. હું મારી નોકરી

છોડી દઈને પૂરા સમયના વિદ્યાર્થી તરીકે હૉસ્ટેલમાં રહીને અભ્યાસ કરવા માટે એમ.એ.ના બીજા વર્ષમાં ભાષા ભવનમાં દાખલ થયો હતો. આ જાણ્યા પછી ઉમાશંકરભાઈએ પ્રેમપૂર્વક આર્થિક સગવડ અંગે પૃચ્છા કરી હતી. જરૂર પડ્યે સહાય કરવાની એમની તૈયારી હોય એવું હું સમજી શક્યો હતો.

વર્ગના વિદ્યાર્થીઓ અભ્યાસમાં કેટલા સજ્જ છે એ જાણી લેવા જ કદાચ ઉમાશંકરભાઈ આરંભના એકાદ બે મહિનામાં એક પ્રવૃત્તિ હાથ ધરતા. મારા અનુભવની વાત અહીં કરું. ૧૯૬૦માં ઝેરોક્ષ દ્વારા પ્રતો કાઢવાની સગવડ નહોતી. એટલે ઉમાશંકરભાઈએ થોડા થોડા સમયને અંતરે અમને સાઇક્લોસ્ટાઇલ કરેલી કાવ્યકૃતિઓ આપી હતી. જુદા કાગળ ઉપર અમારે એ કાવ્યોની સમીક્ષા અથવા આસ્વાદ અથવા ટીકા-ટિપ્પણી અમને જે સૂઝે તે લખીને એમને સોંપવાનું હતું.

હાઈસ્કૂલનો ભાષાશિક્ષક લેખનપોથીઓમાં વિદ્યાર્થીઓનાં લેખન તપાસીને ભૂલો સુધાર્યા પછી વિદ્યાર્થીઓને એ આપે તેમ ઉમાશંકરભાઈ અમારાં લખાણ લાલ શાહીથી તપાસી / સુધારીને લખાણના ગુણના આંકડા સાથે અમને પરત આપતા હતા.

અધ્યાપન કરતી વખતે વિદ્યાર્થી પાસેથી વિગત મેળવવા જેવું એમને લાગે ત્યારે બોલતાં બોલતાં એ થંભી જાય. વિદ્યાર્થીઓ સમક્ષ પ્રશ્ન મૂકે અને પછી ઉત્તર મેળવવા વર્ગમાં નજર ફેરવે. ઉત્તર મળે ત્યારે એ રાજી થાય અને રાજીપાનું સ્મિત એમના ચહેરા પર વિલસે. અનપેક્ષિતપણે કોઈ ઉત્તર કે પ્રતિભાવ મળી જાય ત્યારે તો પેલું સ્મિત તાજા ઊઘડેલા પુષ્પ જેવું મધુર બની રહે. એક વાર એમણે ઐયારી (જાદુને લગતી) નવલકથાનો નિર્દેશ કર્યો. કોઈ પ્રશ્ન પૂછ્યા વગર વિદ્યાર્થીઓ સામે નજર કરી. વિદ્યાર્થીઓ માટે આ પ્રકાર અજાણ્યો હતો એટલે માત્ર આદતવશ એમણે વિદ્યાર્થીઓ તરફ નજર કરી હતી. એ વખતે હું આટલું બોલ્યો : 'ચંદ્રકાન્તા સંતતિ, ચોવીસ ભાગ.' આ સાંભળ્યા પછી ઉમાશંકરભાઈના મુખ પર જે પ્રસન્નતા રેલાઈ હતી એ સારા વર્ગ માટે યાદગાર ક્ષણ બની રહી હતી. વિદ્યાર્થી તરફથી જાણકારીનો અણધાર્યો બોલ સાંભળીને શિક્ષક ઉમાશંકરનો જીવ કેવો હરખાઈ ઊઠતો એ કહેવા પૂરતી આ નોંધ.

ઉમાશંકરભાઈ ભણાવતા હોય ત્યારે વર્ગનું વાતાવરણ હળવું હોય. કશાનો બોજ નહીં. ક્યારેક તો હળવાશમાં ઉમાશંકરભાઈ રમૂજી ટુચકો પણ સંભળાવી દે. એક રાજસ્થાની મહિલાએ પોતાના દાંત પર મઢેલું સોનાનું આવરણ અને આંગળી પરની કિંમતી હીરાજડિત વીંટી સ્નેહીઓને દેખાડવા માટે એક ભોજનનું આયોજન કર્યું. ભોજન માટે આમંત્રણ આપતી વખતે એ મહિલા હસી હસીને દાંતનો દેખાડો કરતી હતી અને ભોજનાર્થીઓને બેસવાની જગ્યાનો આંગળીથી નિર્દેશ કરી કરીને આંગળીની વીંટી પ્રદર્શિત કરતી હતી. ઉમાશંકરભાઈએ આ ટૂચકો પેલી મહિલાના શાબ્દિક અને આંગિક અભિનય સાથે કહી સંભળાવ્યો હતો. એવી રીતે એક મોટા રાજકીય સમારંભમાં હાજરી આપવા ગામડેથી આવેલા વૃદ્ધોના એક વૃન્દને જુદા જુદા ખાસ વિભાગોમાં પ્રવેશતા અટકાવી રહેલા સ્વયંસેવકોની રીતથી કંટાળીને મહિલા વિભાગના પ્રવેશ આગળ સ્વયંસેવક આગળ 'અમે પણ લેડીશ' કહી આ વૃદ્ધોએ દેખાડેલા તાપને ઉમાશંકરભાઈએ મનોહર શૈલીએ વર્ણવ્યો હતો.

વર્ગમાં વાતાવરણ હળવું ખરું, પણ ભણતર એટલું જ ગહનગંભીર. વર્ગમાં વિદ્યાર્થીએ કરેલી નોંધ ફરીથી વાંચવામાં આવે ત્યારે સમજાય કે જે

એક એક ફકરામાં કહી શકાય એ ઉમાશંકરભાઈએ એક એક વાક્યમાં કહ્યું છે. વિદ્વત્તાની બાબતમાં ઉમાશંકરભાઈના બરાબરિયાની શોધ અઘરી પડે. વર્ગમાં ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસના અધ્યયન વખતે મેં કરેલી નોંધો વાંચ્યા પછી ઉપરની વાત મને બરાબર સમજાઈ છે.

વિદ્યાર્થીઓ તરફથી ગોઠવાતા પ્રવાસમાં ઉમાશંકરભાઈનો સથવારો હોય જ. વિદ્યાર્થીઓ વચ્ચે વિદ્યાર્થીઓના સમોવડિયા થઈને એ પ્રવાસના આનંદમાં ભાગીદાર બને. બધું જ હળવું, કશું ગંભીર નહીં. ચાલુ બસે 'રામધૂન લાગી'નું કોરસ ચાલે. એક વખત ઉમાશંકરભાઈ બોલ્યા : 'મોહનભાઈના મફલર પે...' અને બસમાં સામૂહિક અવાજ ઊઠ્યો – 'રામધૂન લાગી.' બેત્રણ વખત આનું પુનરાવર્તન.

આવા આનંદ અને ગમ્મત વચ્ચે ઉમાશંકરભાઈ ક્યારેક ક્યારેક જ્ઞાનનું પીરસણ પણ કરતા રહે. ઉત્કંઠેશ્વર મહાદેવના પ્રવાસ વખતે અમે વાત્રકના કાંઠાના એક સ્થળે ઊભા હતા ત્યારે એમણે હાથ લંબાવીને દૂરના એક નદીપ્રદેશનો નિર્દેશ કરીને કહ્યું : 'સરસ્વતીચંદ્ર'ના બીજા ભાગને અંતે કુમુદ પાણીમાં તણાય છે તે પેલું સંગમસ્થળ ગોવર્ધનરામની નજરમાં હતું.'

પંડિતો જ્ઞાનગોષ્ઠી-વ્યવહાર સામાન્ય રીતે પોતાની કક્ષાના વિદ્વાનો સાથે કરતા હોય એવું જોવા મળે છે. ઉમાશંકરભાઈ આ બાબતમાં જુદી પ્રકૃતિના માણસ હતા. જ્ઞાનગોષ્ઠી સમોવડિયા વચ્ચે જ હોય એવું ગણિત એમને માન્ય નહોતું. હજુ વિદ્યાર્થીના રૂપમાં જે જ્ઞાનનો ઉપાસક છે એવા જિજ્ઞાસુ વિદ્યાર્થી સમક્ષ કોઈ અહમ્‌ને આડે આવવા દીધા વગર એ પોતાના સાહિત્યિક વિચારો અભિવ્યક્ત કરતા અને વિદ્યાર્થીનો પ્રતિભાવ પણ ભાવપૂર્વક સાંભળતા. એક વખત અમારા ભદ્રેશ્વરના પ્રવાસ દરમિયાન ઉમાશંકરભાઈ અમારી સાથે હતા. વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ (અને નગીનદાસ પારેખ પણ) ઊભી ખો રમવામાં વ્યસ્ત હતા ત્યારે, રમતમાં રુચિના અભાવે હું એક વૃક્ષને ફરતા ચોતરા પર રડ્યાર્ડ કીપ્લિંગની 'On the city Wall' વાર્તા વાંચતો બેઠો હતો. ઉમાશંકરભાઈ ત્યાં આવ્યા. મેં પુસ્તક બંધ કર્યું. વાચન અંગેની થોડી વાતચીત પછી 'સરસ્વતીચંદ્ર'ના ચોથા ભાગના ઉત્તરાર્ધની વાત નીકળી. ઉમાશંકરભાઈએ સુંદરગિરિ ઉપરની પંચરાત્રિના સમયગાળાના ગણિત વિશે પોતે જે વિચાર્યું હતું તે વિગતે કહ્યું અને એના ઉપર પોતે એક લેખ કરવાના છે એવો મનસૂબો પણ એમણે જાહેર કર્યો. સમયની ગણતરીની ખામી વિશે એ વખતે મેં શેક્સપિયરના 'મિડ સમર નાઇટ્સ ડ્રીમ'ને યાદ કરીને કહ્યું : 'એ નાટકમાં રાજા ઑબેરોન રાણી હીપોલિટાને કહે છે, 'ચાર દિવસ ચાર રાત્રિમાં નિર્ગમિત થઈ જશે...'

નાટકના વસ્તુવિકાસમાં રાજાની સમય ગણતરી ખામી ભરેલી સિદ્ધ થાય છે. તે અંગે ઠીક ઠીક ચર્ચા પણ થયેલી છે.

આ કંઈ ઉમાશંકરભાઈની જાણ બહાર હોય ? પણ એમણે પોતાનો વિદ્યાર્થી આવું બધું વાંચે છે અને જાણે છે એવી લાગણી સહિતની પ્રસન્નતા વ્યક્ત કરતા મીઠું સ્મિત કર્યું, જે મારું એક મીઠું સંભારણું બની રહ્યું છે.

વર્ગના વિદ્યાર્થીઓની સગવડ-અગવડ વિશે ઉમાશંકરભાઈ હંમેશાં સચિંત રહેતા. એક વખત એમને એકાએક દિલ્હી જવાનું થયું. શનિવારના દિવસે એમના પીરિયડમાં જુનિયર અને સિનિયર તેમ જ ગુજરાતી પ્રિન્સિપલ અને સબસિડિયરીના બધા જ વિદ્યાર્થીઓ હોય. કેટલાક તો બહારગામથી આવનારા હોય. શનિવારે આ બધા આવે ત્યારે પોતાની ગેરહાજરીના કારણે એમનો ફેરો ફોગટ

થાય. ઉમાશંકરભાઈ આવું કદી થવા ન દે. પણ બધા વિદ્યાર્થીઓને પોતાની ગેરહાજરી વિશે ખબર આપી શકાય એટલો સમય નહોતો. કોઈક ઉપાય તો વિચારવો જોઈએ. વર્ગના જનરલ સેક્રેટરી મહેન્દ્ર શાહ સાથે આ અંગે ચર્ચામાં એવું વિચારાયું કે શનિવારનો પીરિયડ મોહનભાઈએ લેવો. મહેન્દ્રભાઈએ મને જાણ કરી. ઉમાશંકરભાઈ જેવી વ્યક્તિ દ્વારા મારામાં મુકાયેલી શ્રદ્ધાના કારણે મને આનંદ થયો. મેં શનિવારનો પીરિયડ લીધો. સૌ રાજી થાય એ રીતે કામ થયું.

ઉમાશંકરભાઈના ગુસ્સા વિશે વાયકારૂપે સાંભળેલું. જરૂર પડ્યે ગુસ્સે થતા હશે. ચહેરાનો રંગ ગુલાબી એટલે ગુસ્સાની પળોમાં એ ચહેરો રાતોચોળ થઈ જતો હશે, પણ અમે વર્ગમાં એમને કદી ગુસ્સે થતા જોયા નથી. વર્ગ એ તો એમના માટે સ્વર્ગ ! સ્વર્ગમાં ગુસ્સાને સ્થાન હોય ખરું ?

યુનિવર્સિટીની પરીક્ષા પૂર્વે વર્ગમાં વ્યાખ્યાનો બંધ થાય એ પછી ઉમાશંકરભાઈ પોતાના નિવાસસ્થાને સાંજના સમયે વિદ્યાર્થીઓને આઇસક્રીમ સાથે શુભેચ્છા-વિદાય આપતા. અમારી વિદાય વખતે ગોષ્ઠી ચાલતી હતી તે વખતે ઉમાશંકરભાઈ મને એક બાજુએ લઈ ગયા અને કહ્યું : 'આપણા આ ભાઈઓમાં કેટલાક નોકરિયાતો હશે. પરીક્ષાના કારણે કોઈ કોઈએ નોકરી છોડી દીધી પણ હોય અથવા બિનપગારી લાંબી રજા લીધી હશે. આવા ભાઈઓમાંથી કોઈને આર્થિક મુશ્કેલી હોય તો જાણી લઈને તમે મને ન જણાવો ?' આ કથનમાં ઉમાશંકરભાઈનો હેતુ સ્પષ્ટ હતો. મેં એમને કહ્યું : 'ત્રણેક જણ એવી તકલીફમાં હતા. પણ એ તકલીફ દૂર થઈ ગઈ છે.'

'કેવી રીતે ?'

'મેં નોકરી છોડી દીધા પછી પ્રોવિડંડ ફંડ ઉપાડી લઈને અહીંની બૅંકમાં જમા કરાવ્યું છે. એમાંથી આ મિત્રોને સહાય થઈ શકી છે.' મેં જવાબ આપ્યો.

લેખના શીર્ષકને પડકારવાનું મન થાય છે. ઉમાશંકર માત્ર શિક્ષક ? શિક્ષકની આપણી વિભાવનામાં હોય એના કરતાં એમનું સ્થાન ઘણું ઊંચું હતું. વિદ્યાર્થીઓ સાથેનો એમનો વ્યવહાર જોતાં સાંદીપનિ ઋષિની યાદ આવી જાય તો નવાઈ નહીં.

*તમારી લાઇબ્રેરીમાં ત્રણ પ્રકારનાં પુસ્તકો સંગ્રહવાં જોઈએ : એક તો ધંધાને લગતાં, જેને ધંધાનાં ઓજાર કહીએ. બીજાં, શોખથી પસંદ કરેલા વિષયને લગતાં : મિત્ર, સોબતી અને સલાહકાર. ત્રીજાં, જીવનનો ઉદ્દેશ સમજાવનાર અને અનુભવમાં લાવી આપનાર. જો પચાસેક – અરે, ત્રીસેક પણ સારાં પુસ્તકો પસંદ કરીને રાખવામાં આવે તો અમૂલ્ય ધન થઈ પડે, અને જિંદગી પર્યંત આનંદ આપી શકે; પણ જો પસંદગી ખરાબ થાય તો હજારો રૂપિયા ખર્ચો અને આડોઅવળો કચરો એકઠો કરો, પણ એથી કંઈ જ લાભ થવાનો નહીં, ઊલટી હાનિ થવાની.*

**આનંદશંકર ધ્રુવ**

*

# પિતાની ભેટ

**મહેન્દ્ર મેઘાણી**

પોતાના પુત્રને કાંઈક ભેટ આપવાની એક પિતાની હોંશમાંથી એક નાની રૂપકડી ચોપડીની ઉત્પત્તિ થઈ છે.

પુત્ર પોતાની સ્વતંત્ર જિંદગીની મજલ પર રવાના થવાની તૈયારીમાં હતો ત્યારે, કદાચ તેને ઉપયોગી નીવડે એવા શિખામણના બે શબ્દો કાગળ પર ટપકાવી લેવા માટે પિતા ઘરને એક ખૂણે બેસે છે. જેક્સન બ્રાઉન નામના એ પિતાએ વરસો પહેલાં ક્યાંક વાંચેલું કે પોતાનાં સંતાનો માટે સડક બાંધી આપવાની જવાબદારી માબાપો ઉપર નથી; એમણે તો વાટનો નકશો જ પૂરો પાડવાનો છે. પોતે લખી કાઢેલાં પાનાંનો ઉપયોગ પોતાનો પુત્ર એ રીતે જ કરશે, એવી પિતાને ઉમેદ છે.

એ લખાણનાં કાગળિયાં પુત્રના હાથમાં મૂકતાં પિતા એવી મતલબનું બોલ્યા કે જીવન સુખદાયી શી રીતે બનાવી શકાય તે વિશેના પોતાના ખ્યાલો એમાં વ્યક્ત કરેલા છે. ભેટ હાથમાં લેતાં પુત્ર પિતાને ભેટી પડ્યો, એમની સાથે હાથ મિલાવીને વિદાય થયો.

થોડા દિવસ પછી એના નવા સ્થાનેથી પુત્રનો ફોન આવ્યો. ''બાપુ,'' એનો અવાજ સંભળાયો : ''તમે પેલી શીખ લખી આપી છે તે વાંચતો જાઉં છું ને મને લાગે છે કે મને મળેલી સારામાં સારી ભેટમાંની આ એક છે. હવે હું પણ તેમાં ઉમેરો કરતો રહીશ અને... કોઈક દિવસ મારા દીકરાને એ ભેટ આપીશ.''

પિતાની એ શીખમાંથી નીપજેલી અંગ્રેજી ચોપડીનું નામ છે : 'લાઇફ્સ લિટલ ઇન્સ્ટ્રક્શન બુક' (Life's Little Instruction Book). તેને દરેક પાને સાદા શબ્દોમાં બે-ચાર નાની નાની શિખામણો મોટા અક્ષરે છાપેલી છે.

લેખકે ચોપડી આ રીતે અર્પણ કરેલી છે : ''અનેક રીતે જે મારો ગુરુ પણ છે તે પુત્રને.'' પછી નીચે ચાર લીટી એ પુત્રને સંબોધીને પિતા કહે છે : ''બેટા, લાં....બું જોવામાં હું તને કઈ રીતે મદદ કરી શકું ? મારા ખભા ઉપર તને ઊભો રહેવા દઉં ?....હાં, હવે તું મારા કરતાં પણ લાંબે સુધી જોઈ શકીશ. હવે તું આપણા બેય વતી જોઈ શકવાનો... તો, તું શું જુએ છે તે મને કહીશ ને ?''

લેખક અમેરિકન છે, પણ તેની ઘણી શિખામણો અનેક દેશના પિતાઓ પોતાના પુત્રોને આપી શકે તેવી લાગે છે. મારો એક પૌત્ર યુવાનવયે પહોંચ્યો છે તેને લખી મોકલવા જેવી કેટલીક મને લાગી, તે અહીં ગુજરાતીમાં ઉતારું છું. વાચકોને પણ પોતાના પુત્ર કે પૌત્રને લખી મોકલવાનું મન થાય તેવી એમાંથી નીકળશે, એવી આશા છે.

• સારાં સારાં પુસ્તકો વસાવતો રહેજે – ભલે પછી એ કદી નહિ વંચાય એમ લાગે.

• કોઈને પણ વિશે આશા સમૂળગી ત્યજી દેતો નહિ. ચમત્કારો દરરોજ બનતા હોય છે.

• દરેક બાબતમાં ઉત્તમતાનો આગ્રહ રાખજે અને તેની કિંમત ચૂકવવા તૈયાર રહેજે.

• તંદુરસ્તી એની મેળે જળવાઈ રહેવાની છે, એમ માનતો નહીં.

• તારી નજર સામે સતત કશુંક સુંદર રાખજે

– ભલે પછી તે એક પ્યાલામાં મૂકેલું ફૂલ જ હોય.

• આપણાથી જરીક જેટલું જ થઈ શકે તેમ છે એવું લાગે, માટે કશું જ ન કરવું એમ નહિ. જે થોડુંક પણ તારાથી થઈ શકે તે કરજે જ.

• સંપૂર્ણતા માટે નહિ પણ શ્રેષ્ઠતા માટે મથજે.

• જે તુચ્છ છે તેને પારખી લેતાં શીખજે, ને પછી તેની અવગણના કરજે.

• ઘસાઈ જજે, કટાઈ ન જતો. પોતાની જાતને સતત સુધારતા રહેવાની પ્રતિજ્ઞા લેજે.

• હારમાં ખેલદિલી બતાવજે. જીતમાં ખેલદિલી બતાવજે. પ્રશંસા જાહેરમાં કરજે, ટીકા ખાનગીમાં.

• લોકોમાં જે સારપ રહેલી હોય તે ખોળી કાઢજે.

• તારા કુટુંબને તું કેટલું ચાહે છે તે દરરોજ તારા શબ્દો વડે, સ્પર્શ વડે, તારી વિચારશીલતા વડે બતાવતો રહેજે.

• પોતાની જાતમાં પરિવર્તન લાવવાની આપણી શક્તિનો આંક કદી ઓછો ન આંકવો. પણ બીજાંઓમાં પરિવર્તન લાવવાની આપણી શક્તિનો વધુ પડતો આંક ન આંકવો.

• ક્યારે મૂંગા રહેવું તેનો ખ્યાલ રાખજે. ક્યારે મૂંગા ન રહી શકાય તેનો પણ.

• ગંદકી સામે જંગ માંડજે.

• બીજાઓની સફળતા વિશે ઉત્સાહ અનુભવજે. બીજા લોકોને એમનું પોતાનું મહત્ત્વ ભાસે તેમ કરવાની તકો શોધતો રહેજે.

• પોતાના ગુજરાન માટે મહેનત કરતા દરેક માણસ સાથે સન્માનથી વર્તજે – ભલે એ કામ ચાહે તેવું નજીવું હોય.

• એવી રીતે જીવજે કે તારાં બાળકો જ્યારે પણ ઈમાનદારીનો, નિષ્ઠાનો અને પ્રામાણિકતાનો વિચાર કરે ત્યારે એ તને સંભારે.

• જેમને એ વાતની કદી જાણ પણ થવાની ન હોય એવા લોકો માટે કશુંક સારું કરતા રહેવાની આદત કેળવજે.

• વિચારો મોટા મોટા કરજે, પણ નાના નાના આનંદો માણી જાણજે.

• ગુલાબોની સુવાસ માણવાનો સમય મેળવજે.

• દિમાગ મજબૂત રાખજે, કાળજું કૂણું.

• કોણ સાચું છે તેની ફિકર કરવામાં સમય ઓછો ગાળજે, અને શું સાચું છે તે નક્કી કરવામાં વધારે.

• એકંદર યુદ્ધમાં વિજય મેળવવા કાજે નાની નાની લડાઈઓમાં હારતાં શીખજે.

• જે ગાંઠ છૂટી શકે તેને કાપતો કદી નહિ.

• દરેક ચીજ જે હાલતમાં આપણને મળી હોય તેના કરતાં જરાક સારી સ્થિતિમાં તેને મૂકતાં જવું.

• યાદ રાખજે કે સફળ લગ્નજીવનનો આધાર બે વસ્તુ પર રહે છે : (૧) યોગ્ય પાત્ર શોધવું અને (૨) યોગ્ય પાત્ર બનવું.

• તને વખત નથી મળતો, એમ કદી ન કહેતો. એક દિવસના તને પણ એટલા જ કલાકો મળેલા છે જેટલા હેલન કેલરને, મધર ટેરેસાને અને આઇન્સ્ટાઈનને.

• એટલું સમજજે કે સુખનો આધાર માલમિલકત, સત્તા કે પ્રતિષ્ઠા ઉપર નહિ, પણ આપણે જેમને ચાહતા ને સન્માનતા હોઈએ તેવા લોકો સાથેના આપણા સંબંધો પર રહે છે.

• તને માન મળે તેમાં બીજાંને સહભાગી બનાવજે.

• તારાં બાળકોને નિયમિત કશુંક વાંચી સંભળાવજે, ગીતો સંભળાવજે. તારાં બાળકોને સદાય સાંભળજે.

• ''મને એની ખબર નથી,'' એમ કહેતાં ડરતો નહિ. ''મારાથી ભૂલ થઈ ગઈ'', એમ કહેતાં અચકાતો નહિ. ''હું દિલગીર છું'', એટલું બોલતાં ખચકાતો નહિ.

• ક્યારેક નિષ્ફળ નીવડવાની પણ તૈયારી રાખજે.

**મહેન્દ્ર મેઘાણી**

('અરધી સદીની વાચનયાત્રા'માંથી સાભાર)

## બાળક સવાલ પૂછે ત્યારે –

૧૯મી સદીનો વિખ્યાત અંગ્રેજ કવિ રોબર્ટ બ્રાઉનિંગ જ્યારે પાંચ વર્ષનો હતો ત્યારે એક દિવસ એના પિતા કાંઈક વાંચતા હતા. ''શું વાંચો છો, ડેડી ?'' નાના રોબર્ટે પૂછ્યું.

''આ 'ઇલિયડ' પુસ્તકમાંથી ટ્રોયના ઘેરા વિશે વાંચું છું,'' પિતા બોલ્યા.

''ટ્રોય શું છે ?'' બાળકે ફરીથી પૂછ્યું.

બીજા કોઈ પિતાએ કહ્યું હોત કે ટ્રોય એક શહેરનું નામ છે અને પછી ઉમેર્યું હોત કે, ''જા હવે બહાર રમવા જા અને મને વાંચવા દે !''

પણ રોબર્ટના પિતાએ તો ઊભા થઈને ત્યાં દીવાનખાનામાં જ ટેબલ-ખુરશીઓને ગોઠવીને જાણે કે નાનું સરખું શહેર બનાવ્યું અને એક મોટી ખુરશી પર એ નાના છોકરાને બેસાડ્યો. ''જો, હવે આ બધું ટ્રોય નગર છે અને તું તેનો રાજા પ્રાયમ છે... અને હા, આ રહી તારી સુંદર મજાની રાણી હેલન !'' એટલું બોલીને પિતાએ રોબર્ટની પાળેલી બિલાડીને ઊંચકી. ''અને બહાર પેલા જંગલી કૂતરાઓ છે ને – જે હમેશાં તારી બિલાડીની પાછળ પડે છે ? તે જ રાજા એગ્મેન અને રાજા મેનેલેઅસ, જેમણે હેલનનું હરણ કરી જવા ટ્રોય ઉપર ચડાઈ કરેલી.''

આ પ્રમાણે પિતાએ નાના રોબર્ટને સરળ રીતે વાર્તા સમજાવી. પછી જ્યારે એ સાત-આઠ વરસનો થયો ત્યારે પિતાએ એને 'ઇલિયડ' પુસ્તક વાંચવા આપ્યું... અને થોડાં વરસો પછી રોબર્ટને મૂળ ગ્રીક ભાષામાં 'ઇલિયડ' વાંચતાં શીખવ્યું.

માતા-પિતા તરીકે આપણે હંમેશાં બાળકોને કાંઈ ને કાંઈ શીખવતાં જ હોઈએ છીએ – પછી ભલે શીખવવાનો આપણો ઇરાદો ન પણ હોય. આપણે આપણાં બાળકોને લાડ કરીએ કે મારીએ, તેમની ચિંતા કરીએ કે ઉપેક્ષા કરીએ – દરેક વર્તન મારફત એમને કાંઈ ને કાંઈ શીખવીએ જ છીએ.

**વત્સલા મહેતા**

# તૃપ્તિનો ઓડકાર

**મોહનલાલ પટેલ**

છગનભાની અર્ધપ્રતિમા આગળ ઊભેલી ટ્રકે છાત્રાલયના ૭૦ છાત્રોને લઈને ગાંધીનગર તરફ ગતિ આરંભી ત્યારે ત્યાં ઊભેલા સૌએ છગનભાના નામનો જયઘોષ કર્યો.

આ છગનભા એમના ૫૮મા વર્ષે સંન્યાસીની દીક્ષા લેવા સ્વામી કેશવાનંદ પાસે કાશી ગયેલા. સ્વામીએ છગનલાલને સંન્યસ્ત લેવા કરતાં એમના સમાજમાં જઈને કેળવણીની જ્યોત પ્રગટાવવાની સલાહ આપેલી અને કાર્યના શુભારંભ માટે પ્રતીક તરીકે એમને પાંચ રૂપિયા આપેલા. કાશીથી પરત આવ્યા પછી છગનલાલે કેળવણી મંડળની રચના કરી અને ઈ. સ. ૧૯૧૯માં પ્રથમ છાત્રાલયની સ્થાપના કરી. એ પછી એમના પુરુષાર્થથી સ્થપાયેલી કેળવણી – સંસ્થાઓનો એક જુદો ઇતિહાસ છે.

ઈ. સ. ૧૯૭૭માં ગુજરાત સરકારે શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવાના હેતુથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને ૧૩ એકર જમીન ફાળવી આપી હતી, જેમાંથી સાડા છ એકર જમીનનો કબજો મંડળને મળી ગયો હતો. મંડળે સેક્ટર-૨૩માં આવેલી આ જમીન પર એક શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો ઠરાવ કર્યો હતો. જમીન પર નવેમ્બર માસની ત્રીજી તારીખે ખાતવિધિ થવાનો હતો. આની પૂર્વ તૈયારી માટે આ ૭૦ છાત્રો, ચાર ગૃહપતિઓ અને હું નવેમ્બરની પહેલી તારીખે ગાંધીનગર તરફ રવાના થઈ રહ્યા હતા.

નવેમ્બર માસ આરંભાતો હતો પણ વાતાવરણ હજુ ઑક્ટોબર માસમાં હોય એવું હતું. સૂર્યનો તાપ કપરો હતો. ગાંધીનગરના સ્થળ ઉપર ઊતર્યા ત્યારે એક વાગ્યો હતો. એક કિંવદન્તી પ્રચલિત છે કે ઉત્તરાચિત્રાના કપરા તાપને કારણે, ખેતરમાં બાજરી વાઢવાનું કામ પડતું મૂકીને, તેર નવજવાનો સંસાર ત્યજીને ખેતરમાંથી બારોબાર સાધુ થવા ચાલી નીકળ્યા હતા. કદાચ સંસાર ત્યજનારા એ તેર જુવાનોને માથે જે ગરમીમાં કામ કરવાનું થયું હશે એના કરતાં પણ વધારે કપરી ગરમીમાં આ ૭૦ છાત્રોને ખુલ્લા આકાશ નીચે જમીનને સાફસૂથરી કરવાનું કાર્ય કરવાનું હતું.

ગાંધીનગર વિસ્તારની જમીન હતી તો ઘણી ફળદ્રુપ, પણ પાટનગર યોજના હેઠળ જે વિસ્તારનું સંપાદન કરવામાં આવ્યું. એ વિસ્તારની જમીન પર ખેતી – ખેડ બંધ થતાં અને ધીરે ધીરે એ જમીન ઉજ્જડ વગડામાં ફેરવાઈ રહી હતી. જે જમીન ઉપર આ છાત્રોએ કામ કરવાનું હતું એની પણ આ સ્થિતિ હતી. જમીન ખેડાયા સિવાય રહી હોવાથી એની ઉપર ઝાડવાં અને ઝાંખરાં ઊગી નીકળ્યાં હતાં અને પગમાં વાગે એવા ગોખરુના પથરાટનો પાર નહોતો. છાયા આપી શકે એવું એક પણ ઝાડ એ જમીન પર નહોતું. અગાઉ ત્યાં ખેતરમાં વચ્ચે ઝાડ કોણે વાવ્યાં હોય ?

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ જેવી પ્રતિષ્ઠિત સંસ્થા અને ગુજરાતના પાટનગર જેવું સ્થળ, સમારંભ સંસ્થાને શોભે એવો તો થવો જોઈએ ને ! પણ અહીં એ સહેલું નહોતું. જમીન ઉપર ન કોઈ શેડ, ન વૃક્ષ કે પાણીની સુવિધા ! સમારંભ વખતે આવનાર સંખ્યાબંધ ગાડીઓ માટે પાર્કિંગની

વિશાળ જગ્યા સાફ કરવાની હતી. એ ઉપરાંત લોકો છૂટથી હરીફરી શકે એ હેતુથી પણ કેટલોક વિસ્તાર ઝાડવાં – ઝાંખરાં કે કાંટા વગરનો કરવો પડે, આ બધું એકાએક થઈ જાય એવું સરળ નહોતું.

અમે સફાઈ કાર્ય માટેનાં જરૂરી સાધનો – કોદાળીઓ, પાવડા, સાવરણા, ટોપલા, તબકડાં વગેરે કડીથી વાહનમાં સાથે લઈને જ આવ્યા હતા. કાર્ય કાળી મજૂરીનું હતું, પણ એની ચિંતા નહોતી. છાત્રોમાં ઘણા તો ખેડૂતના દીકરા હતા. શરીર કસાયેલાં અને ખડતલ, વળી છાત્રાલયમાં શ્રમકાર્યથી ટેવાયેલા હતા. છાત્રોનો જુસ્સો નિસબતભર્યો અને અદમ્ય હતો. એ સૌ ઉમળકાભેર કામે વળગી પડ્યા.

પાંચ વાગ્યા એટલે અમે એમને નાસ્તો આપવાનું વિચાર્યું. કડીના છાત્રાલયના રસોડે બટાટાનું શાક, પૂરી અને તળેલાં મરચાં તૈયાર કરાવીને અમે સાથે લાવ્યા હતા.

કામ થોભાવવા માટે વારંવાર સૂચના આપવી પડી. કામ અટક્યું. સૌ એકત્રિત થયા. બીજો કોઈ વિકલ્પ નહોતો એટલે છાત્રોને તડકે બેસાડીને જ નાસ્તો આપવાનો હતો. પતરાળાં વહેંચાવા લાગ્યાં. આ વહેંચણી ચાલતી હતી ત્યારે પીરસનાર ટુકડીમાંથી કોઈનો અવાજ અમારા કાને આવ્યો – ‘શાક બગડી ગયું લાગે છે.’

એક આંચકા જેવો અનુભવ થયો. નજીક જઈને શાકનાં એક-બે ફોડવાં સૂંઘી જોયાં. શાક ખરેખર ખાવા લાયક રહ્યું નહોતું. વૈશાખ માસમાં ગમે તેવો આકરો તાપ હોય તોપણ આટલા ટૂંકા ગાળામાં બટાટાંનું શાક ન બગડે. પણ ચોમાસાનાં ભેજ અને ગરમીની વાત જુદી છે. મરચાં તપાસ્યાં. એમની પણ એ જ સ્થિતિ હતી. અમે મૂંઝવણમાં મુકાયા. ચઢતા લોહીવાળા આ છોકરાઓને આટલી સખત મહેનતના કામ પછી નાસ્તો ન આપી શકીએ એ કેવું ? એ વર્ષોમાં ગાંધીનગરમાં લોજ કે રેસ્ટોરાં બાબતમાં સુવિધા નહિવત્ હતી. કચેરીના કામે આવનારા માણસો લાંઘણ ખેંચીને સાંજ પડ્યે ઘર ભેગા થતા. અત્યારે અમારા માટે મૂંઝવણની આ સ્થિતિ પેદા થઈ હતી.

અમારી મૂંઝવણ કળી જઈને એક-બે મોટા છાત્રોએ કહ્યું : ‘કંઈ વાંધો નહીં આવે, સાહેબ. આશ્રમમાં રોજ આ ટાઈમે ક્યાં નાસ્તો કરીએ છીએ ? કડી જઈને જમીશું. બહું ભૂખ લાગશે તો પૂરી ક્યાં નથી ખવાતી ? ત્યાં ઊભેલો બીજો એક છાત્ર નિખાલસ ભાવે બોલ્યો : ‘નાનપણમાં એકલો રોટલો પણ કરડ્યો છે. પૂરી તો હોંશે હોંશે ખવાશે.’ ‘ચાલો, ચાલો’ એક છાત્ર સૌને સંબોધીને કહેતો હોય એમ સચ્ચાઈભર્યા સ્વરે બોલ્યો : ‘ખાવાની વાતને કોરાણે મૂકો, પહેલાં કામ પાર પાડી દઈએ. સાંજ પડતાં વાર નહીં લાગે.’

મારા માટે આ એક ધન્ય પળ હતી.

ધન્ય પળ એટલા માટે કે આ એ જ છાત્રસમૂહ હતો જે ભોજનશાળામાં જમવાનો ઘંટ વાગવામાં થોડો વિલંબ થયો હોય તોપણ ઉપરા-ઉપરી વૉર્નિંગ બેલ વગાડ્યા કરે. ભોજન ઉપર બેઠા પછી પીરસવામાં જરા ઢીલ થાય તોપણ અધીરાઈથી ઘાંટાઘાંટ કરે, થાળીવાડકા ખખડાવે એ જ છાત્રો નાસ્તા કે જમવા બાબતે અમને નિશ્ચિંત રહેવાનું કહેતા હતા.’ એ સૌનો એક જ સૂર હતો – ગમે તેટલું મોડું થાય તોપણ કામ પાર પાડીશું અને કડી જઈને જમીશું.

છાત્રોની ભલે આ લાગણી હોય, પણ એમને કંઈ ભૂખ્યા રહેવા દેવાય ? મેં એમને કહ્યું : ‘ચિંતા ન કરો; આપણે ગમે તે વ્યવસ્થા કરીશું.’ આજે જેટલી છૂટથી સ્કૂટર, કાઈનેટિક કે બાઈક દોડાવવામાં આવે છે એવી સ્થિતિ એ વખતે

નહોતી. અમારી પાસે તો આવું કોઈ સાધન પણ નહોતું.

સાડા પાંચ વાગ્યા હતા. સદ્‌ભાગ્યે સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને છાત્ર શ્રી મોહનભાઈ પટેલ જે ગાંધીનગરમાં એન્જિનિયર તરીકેનો વ્યવસાય કરતા હતા. તે આ સ્થળ ઉપર આવ્યા. આ એક અકસ્માત જ હતો. એમની સાથે બીજા એક એન્જિનિયર શ્રી માધુભાઈ હતા. એ બંને મિત્રોએ કહ્યું : 'કશી ચિંતા કરવાની જરૂર નથી. અમે અબઘડી બધી વ્યવસ્થા કરી દઈએ છીએ.' એમણે ધારાસભ્યોની હોસ્ટેલના રસોડે જમવાની વ્યવસ્થા ગોઠવી.

જમીન પરની સાફસૂફીનું કામ ધાર્યા કરતાં વધારે સારી રીતે અને વહેલું પૂરું થયું.

છાત્રો પ્રેમથી અને તૃપ્તિના ઓડકાર આવે ત્યાં સુધી જમ્યા. છાત્રો સૌ આનંદમાં હતા. દિવસના સુખમય અનુભવની વાતો કરતા અને અંતરે અંતરે ગીતો ગાતા રાત્રે કડી પહોંચ્યા.

આજે ગાંધીનગરના આ સેક્ટરમાં ૧૯ એકરના વિસ્તારમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં ત્રણ શિક્ષણ સંકુલમાં ૧૩, કૉલેજો, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓ, પ્રાથમિક શાળાઓ, બાલમંદિરો, ઉદ્યોગ કેન્દ્રો, લલિતકલા તાલીમ કેન્દ્ર, કમ્પ્યૂટર અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ, છાત્રાલયો વગેરેમાં ૩૭ હજાર કરતાં વધારે સંખ્યામાં વિદ્યાર્થી – વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે અને લગભગ બે હજાર જેટલી સંખ્યામાં છાત્ર-છાત્રાઓ વિવિધ હૉસ્ટેલોમાં રહે છે.

ઈ. સ. ૧૯૭૭ના પેલા છાત્રોમાંથી કોઈ હવે આ કૅમ્પસમાં પગ મૂકે ત્યારે કેટલો રોમાંચ થાય એની માત્ર કલ્પના કરવી રહી. અને હું, જ્યારે જ્યારે આ કૅમ્પસમાં પ્રવેશું છું ત્યારે ત્યારે નવેમ્બર માસના પેલા પ્રથમ દિવસની સ્મૃતિમાં ખેંચાઉં છું. સુખદ અનુભવ થાય છે અને પેલા છાત્રનો મીઠો સૂર અવશ્ય સંભળાય છે : 'નાનપણમાં એકલો રોટલો પણ કરડ્યો છે, પૂરી તો હોંશે હોંશે ખવાશે.'

(નવેમ્બર-૨૦૦૪ના 'અખંડ આનંદ'ના દીપોત્સવી અંકમાં 'તૃપ્તિનો ઓડકાર' શીર્ષક હેઠળ છપાયેલો લેખ.)

---

પૃથ્વી પર સૌથી મોટી જે વસ્તુઓ આપણને મળે છે તે વગર કિંમતે જ મળતી હોય છે. પણ આપણે કિંમત ચૂકવવી પડતી નથી માટે તે વસ્તુનું મૂલ્ય આપણે પૂરેપૂરું સમજી શકતા નથી. મૂલ્યવાન વસ્તુની પ્રાપ્તિ ત્યારે જ સૌભાગ્ય ગણાય, જ્યારે તેનું મૂલ્ય સમજવાની થોડીઘણી શક્તિ આપણામાં આવી હોય. કોઈ વસ્તુની ખોટનો સાચો અનુભવ થયા પહેલાં જ જો તે આપણને મળી જાય, તો પામવાનો આનંદ અને સફળતા બંનેથી આપણે વંચિત રહીએ છીએ.

**રવીન્દ્રનાથ ટાગોર (અનુ૦ નગીનદાસ પારેખ)**

['શાંતિનિકેતન' : પુસ્તક]

# પોપટની વારતા

**રવીન્દ્રનાથ ટાગોર**

એક હતું પંખી. સાવ મૂર્ખ. એ ગીત ગાય, પણ શાસ્ત્રબાસ્ત્ર વાંચવાની બાધા. કૂદકા મારે, ઠેકડા મારે, ઊડે, પણ રીતભાત કે કાયદાકાનૂનમાં કંઈ સમજે કરે નહિ.

રાજા કહે : ''આવું પંખી કંઈ કામનું નહિ. આ તો ખાલી વનનાં ફળ ખાઈને રાજહાટના ફળબજારને નુકસાન કરે છે.''

તેણે મંત્રીને બોલાવી કહ્યું : ''આપો આ પંખીને શિક્ષણ !''

પંખીને શિક્ષણ આપવાનો ભાર પડ્યો રાજાના ભાણેજોની ઉપર.

પંડિતોએ બેસીને ખૂબ ઊંડો વિચાર કર્યો. પ્રશ્ન એ હતો કે આ જીવના અજ્ઞાનનું કારણ શું ?

છેવટે એવો નિર્ણય થયો કે પંખી મામૂલી ઘાસ-તણખલાંનો માળો બાંધે, એવા માળામાં તે વિદ્યા કેટલીક રહે ? એટલે સૌથી પહેલી જરૂર તેને એક ફક્કડ પાંજરું બનાવી આપવાની છે.

રાજપંડિતો દક્ષિણા લઈને રાજી થતા થતા ઘેર આવ્યા.

સોની બેઠો સોનાનું પાંજરું ઘડવા. પાંજરું એવું તો અદ્‌ભુત બન્યું કે એ જોવા માટે દેશપરદેશથી લોકોનાં ટોળાં આવવા માંડ્યાં.

કોઈ કહે : ''શિક્ષણ તો જબરું, ભાઈ !'' તો કોઈ કહે : ''શિક્ષણ મળે કે ન મળે, પણ પાંજરું તો મળ્યું ને ! પંખી કેવું નસીબદાર છે !''

સોનીને થેલી ભરીને બક્ષિસ મળી. રાજી થઈને તરત એણે ઘરની વાટ પકડી.

પંડિતજી પંખીને વિદ્યા ભણાવવા બેઠા. તપખીર નાકમાં ખોસતાં તે બોલ્યા : ''બે-ચાર ચોપડીઓનું આ કામ નથી !''

ભાણેજોએ દોડાદોડ લહિયાઓને બોલાવી મંગાવ્યા. તેમણે પોથીઓની નકલો કરીને અને નકલોની પાછી નકલો કરીને પોથીઓનો મોટો પહાડ ખડો કરી દીધો.

જેણે એ જોયું એ કહે : ''શાબાશ ! વિદ્યાનો કંઈ પાર નથી !''

લહિયાઓને એટલું ઇનામ મળ્યું કે તે બળદ પર લાદવું પડ્યું. એ લઈને તરત ઘર તરફ દોટ મૂકી. તેમનાં ઘરમાં હવે ખાવાપીવાની ચિંતા રહી નહિ.

મહાકીમતી પાંજરાની સાચવણી માટે ભાણેજો એટલી કાળજી રાખતા હતા કે જેનો પાર નહિ. જ્યારે જુઓ ત્યારે એનું સમારકામ ચાલતું જ હોય. વળી તેની ઝાડઝૂડ, સાફસૂફ અને પોલિશ વગેરેની ધમાધમ જોઈ બધા કહે : ''વાહ, ઉન્નતિ થઈ રહી છે !''

કેટલાયે માણસોને આ કામ માટે રોકવામાં આવ્યા હતા, અને એના કરતાંયે વધારે માણસોને એમના પર નજર રાખવા માટે રોકવામાં આવ્યા હતા. તેઓ મહિને મહિને ખોબા ભરી ભરીને પગાર લઈને તેમના પટારા ભરતા હતા.

તેઓ અને તેમનાં સગાંસંબંધી, કાકામામા-માશી-ફોઈના દીકરાઓ ખુશખુશાલ ચિત્તે મોટી મોટી હવેલીઓમાં ગાદીતકિયા નાખી બિરાજ્યા હતા.

દુનિયામાં અભાવ બીજા ઘણા છે, માત્ર નિન્દુકોનો અભાવ નથી – એ જોઈએ એટલા છે. એ બોલ્યા : ''પાંજરાની ઉન્નતિ થઈ રહી છે, પરંતુ પંખીની કોઈ ખબર રાખતું નથી !''

આ વાત રાજાના કાને પહોંચી. તેમણે ભાણેજને બોલાવી કહ્યું : ''ભાણાભાઈ, હું આ શું સાંભળું છું ?''

ભાણેજે કહ્યું : ''મહારાજ, સાચી વાત જો સાંભળવી હોય તો બોલાવો સોનીઓને, પંડિતોને, અને લહિયાઓને ! બોલાવો સમારકામ કરનારાઓને અને સમારકામ પર દેખરેખ રાખતા ફરે છે એમને ! નિંદાખોરોને મારી ખાવાનું મળતું નથી એટલે આવી ખોટી વાતો કરે છે !''

જવાબ સાંભળી રાજાને બધું સાફ સ્પષ્ટ સમજાઈ ગયું ! અને તરત જ ભાણેજની ડોકમાં સોનાનો હાર પડ્યો !

શિક્ષણ કેવું ભીષણ વેગે ચાલી રહ્યું છે તે નજરે જોવાનું રાજાને મન થયું. તેથી એકવાર બંધુબાંધવ, અમાત્ય વગેરેને સાથે લઈને તેઓ સ્વયં વિદ્યાશાળામાં આવી હાજર થઈ ગયા.

તેમનું આગમન થતાં જ દરવાજા આગળ વાગવા માંડ્યાં શંખ, ઘંટ, ઢોલ, નગારાં, તાસાં, પિપૂડી, ભેરી, શરણાઈ, બંસી, ઝાંઝ, કરતાલ, મૃદંગ વગેરે. પંડિતો ઘાંટો કાઢી, ચોટલી ધુણાવી મંત્રપાઠ કરવા લાગ્યા. મિસ્ત્રી, મજૂર, સોની, લહિયા, મુકાદમો અને મામા-માસી-કાકા-ફોઈના દીકરાઓએ જયજયકાર કર્યો.

ભાણેજોએ કહ્યું : ''મહારાજ, જોયું, કેવું ચાલે છે ?''

મહારાજે કહ્યું : ''અજબ ! શબ્દ કંઈ કમ થતો નથી !''

ભાણેજોએ કહ્યું : ''માત્ર શબ્દ જ નહિ, શબ્દની પાછળ અર્થ પણ કમ નથી !''

રાજા પ્રસન્ન થઈ દરવાજો પાર કરી જ્યાં હાથી પર બેસવા જતા હતા, ત્યાં કોઈ નિંદુક ઝાંખરાંમાં સંતાઈ રહેલો હતો તે બોલી ઊઠ્યો : ''મહારાજ, તમે પંખી જોયું ખરું ?''

રાજા ચમક્યો. તે બોલી ઊઠ્યો : ''અરે હા ! એ તો યાદ જ ન આવ્યું. પંખીને જોવાનું તો રહી ગયું !''

તેણે પંડિતને કહ્યું : ''પંખીને તમે કઈ પદ્ધતિએ ભણાવો છો એ મારે જોવું છે !''

જોયું. જોઈને અતિ પ્રસન્ન ! શિક્ષણની પદ્ધતિ પંખીના કરતાં એટલી મોટી હતી કે પંખી ક્યાંય દેખાતું જ નહોતું. પદ્ધતિ જોઈને મનમાં થાય કે પંખીને ન જોઈએ તોયે ચાલે. રાજાને ખાતરી થઈ ગઈ કે યોજનામાં કંઈ ખામી નથી. પાંજરામાં નથી દાણા કે નથી પાણી; માત્ર ઢગલો પોથીઓમાંથી ઢગલો પાનાં ફાડીને કલમની અણીએ એ પંખીના મોંમાં ઠાંસવાનું કામ ચાલી રહ્યું છે. ગીત તો બંધ જ થઈ ગયું છે, – ચિત્કાર કરી શકે એટલી ફાટ પણ પુરાઈ ગઈ છે. જોઈને શરીરે રોમાંચ થાય !

આ વખતે રાજાએ હાથી પર ચડતાં ચડતાં કાન આમળનારાઓના નાયકને બોલાવી નિંદુકનો કાન બરાબર આમળી નાખવાનો હુકમ કર્યો.

પંખી દિવસે દિવસે શિષ્ટાચારના નિયમો હેઠળ અધમૂઉં થતું ગયું. એની સંભાળ લેનારાઓ કહે : ''આ બહુ આશાજનક છે. તોયે સ્વભાવ જાય ? સ્વભાવના દોષે કરીને એ પંખી સવારના પહોરનો પ્રકાશ જુએ છે અને અસભ્ય રીતે પાંખો ફફડાવે છે ! એટલે સુધી કે કોઈ કોઈ વાર તો એ એની દૂબળી ચાંચ વડે પાંજરાના સળિયા કાપવાનીયે કોશિશ કરતું દેખાય છે !''

કોટવાલે કહ્યું : ''આ કેવી બેઅદબી !''

એટલે પછી વિદ્યાભવનમાં ધમણ, હથોડો ને દેવતા લઈને લુહાર આવી પહોંચ્યો. કેવી ટીપાટીપ

ચાલી ! લોઢાની સાંકળ તૈયાર થઈ. પંખીની પાંખોયે કપાઈ ગઈ !

રાજાના સાળાઓ હાંડી જેવું મોં કરી માથું હલાવી બોલ્યા : ''આ રાજ્યમાં પંખીઓમાં જાણે અક્કલ તો નથી એ નથી, પણ કૃતજ્ઞતાયે નથી !''

પછી પંડિતોએ એક હાથમાં કલમ અને બીજા હાથમાં સોટી લઈને એવું ચલાવ્યું – જેનું નામ શિક્ષણ !

લુહારનું કામ એટલું વધી ગયું કે લુહારણના શરીર પર સોનાના દાગીના ચડ્યા, અને કોટવાલની હોશિયારી જોઈ રાજાએ એને શિરપાવ દીધો !

*

પંખી મરી ગયું.

ક્યારે તેની કોઈને ખબરે પડી નહિ !

અક્કરમી નિંદુકે વાત ફેલાવી કે પંખી મરી ગયું છે !

ભાણેજને બોલાવી રાજાએ કહ્યું : ''ભાણાભાઈ, આ હું શું સાંભળું છું ?''

ભાણેજે કહ્યું : ''મહારાજ, પંખીનું શિક્ષણ પૂરું થઈ ગયું છે !''

રાજાએ કહ્યું : ''હવે એ કૂદકા મારે છે ?''

ભાણેજે કહ્યું : ''રામ રામ કરો !''

''હવે એ ઊડે છે ?''

''ના !''

''હવે એ ગાય છે ?''

''ના !''

''દાણા ન મળે તો હવે એ ચિચિયારીઓ પાડે છે ?''

''ના !''

રાજાએ કહ્યું : ''એકવાર પંખીને લઈ આવો તો, હું જોઉં !''

પંખી આવ્યું. સાથે કોટવાલ આવ્યો, પાયદળ આવ્યું, ઘોડેસવાર આવ્યા.

રાજાએ પંખીને આંગળી વડે દબાવ્યું. તેણે ન કર્યું ચૂં કે ન કર્યું ચાં. માત્ર તેના પેટમાં પોથાંઓનાં સૂકાં પાનાં ખસખસ અવાજ કરવા લાગ્યાં.

બહાર નવ-વસંતનો દખણાદી વાયરો વાયો : કુંપળોએ દીર્ઘ નિઃશ્વાસ નાખી મુકુલિત વનના આકાશને આકુળ-વ્યાકુળ કરી નાખ્યું.

**અનુવાદક : રમણલાલ સોની**

('કિશોરોના રવીન્દ્રનાથ'
સંપા. મહેન્દ્ર મેઘાણીમાંથી સાભાર)

## જેવું ઘડતર

લોખંડનો એક ટુકડો વેચો તો તેનો એક રૂપિયો ઊપજે. તેમાંથી ઘોડાની નાળ બનાવીને વેચો તો અઢી રૂપિયા ઊપજે. તેમાંથી બધી સોય બનાવી નાખો તો ૬૦૦ રૂ. ઊપજે. અને નાળ કે સોયને બદલે ઘડિયાળની ઝીણી ઝીણી કમાન બનાવી નાખો તો ૫૦,૦૦૦ રૂ. ઊપજે. લોખંડ તો એનું એ અને એટલું જ છે. પણ તેનું ઘડતર કરો તેવું તેનું મૂલ્ય.

માણસ વિશે પણ એવું જ છે.

નવલભાઈ શાહ

# Have Faith in Books, for Their Ideas Never Fail Us

avadhesh kumar singh

Privilege it is to be with books, if life is kind enough to spare time to be with them. However, it is greater privilege to with and among those who love and read books, for such souls are living library of libraries. Books are ideas incarnate and storehouse of seeds. The seeds grow in people who read them. They form our personality and sustain us as human being in the moments of crises,. when we are about to break into bits, and act as the foundation stone in moments of crisis. All relations, positions, and contacts might fail you but not ideas that books would gift you in the course of your interaction with them. Thus, books are the most faithful friends.

Change is inevitable and survival is optional. Books help in managing the change. Why should Gujarat read? Gujarat should read because in the 21st century only those individuals, institutions and societies would survive that would be willing to learn at every moment. The derivate to it is: From where to learn? Of all the sources of learning, books are the most reliable and the least expensive, as they are the inexhaustible fountain of ideas? Moreover, Gujarat should read because it has to lead, because India has to participate by gleaning ideas, intervening with its ideas, applying and disseminating ideas. For gleaning ideas there is no other way but access them from their fountain-heads i.e. great minds and their repository i.e. books. Since it is not possible to have great minds physically with us, their books containing their ideas may serve the purpose. Books cannot replace great minds but they are the best alternatives to their ideas.

There is another reason for us to read. We are descendents of the great Indian civilization. The greatness of this civilization is attested by a long continued tradition of contribution to knowledge. Of 49 major civilizations of the world, the uniqueness of Indian civilization has been its inclusive character that welcomes ideas from all over the world, as stated in the Vedic hymn "Aa no bhadrakratavoyantu-vishwatah." (Let all noblest thoughts of the world come to us from all over the world!) How would great thoughts would to us? The great ideas would not travel to us on their own. We have to go to them and receive them. But where to go for them? We have to go books for that. Books are the address of ideas. Great books are the gateway to great ideas. They are the touchstones that have the capacity to transform us into mine of sublime thoughts and action with their mere tuoch.

Remember we must to read books to be worthy inheritors of the Indian knowledge civilization that is attested by a large number of knowledge texts and manuscripts in it. According to Peter Scharf, the number of knowledge texts and manuscripts in Sanskrit is 100 times more than the number of manuscripts in Greek and Latin put together. As its inheritors, we have to respect the sages and seers who composed them. To do so, we need not worship them. We have to read them, and learn from them how the great ancestors constructed and constituted knowledge. Read, and the rest of the world would reach you.

Indian civilization was a knowledge civilization because it was a civilization that centralized learning to such an extent that it had no world for teaching. The world for 'teaching' in Indian languages that i know is made from the causative word in them for 'learning'. All its cultural heroes Rama, Krishna, Arjuna were great learners and students. All its gods were learners first and gods thereafter. They learnt from all sources in all circumstances. For example, Rama as an obedient son accepted exile just before he was to be coroneted as the king of Ayodhya. He converted his vanvas (exile) into gyanvas (the abode of learning). During his exile, he went to see all sages and seers of the period who were masters or practioners of different, even opposite schools of thoughts, as someone like Javali who did not believe in the authority of the shatric scriptures, and stressed on the importance of experience and observation as the sole guide of one's conduct when Rama asked him about the principles he should be guided by in his life. Moreover, in his meetings with the sages and seers, he did not complain about what has happened to him or the deprivation suffered by him. He learnt from them about life, its ways and the conduct. There are two lessons for us. Never cease to learn however adversarial the circumstance might be. Institutions and individuals with sublime ideas are always there in all periods, either in person or in the form of books or ideas. But we have to go to them and seek their guidance. Rama's willingness to learn in all stages of life is a lesson for all of us. He learns not only from his teachers like Vashishtha, Vishwamitra, and from all sages but even from his now vanquished 'enemy' Ravana, the greatest warrior and scholar of his age, as he sends Lakshmana to learn from Ravana before he leaves the world. Some of us can ask a question that now the rishis, sages and seers are not there, so where to go to learn from? The simple answer is that they may not be physically with us, but their books and treatises are there. They live with us in the form of their ideas in their books. So we can read them and learn from them. Let Gujarat and India read. The world would read their reading.

Reading is fine, but it is equally important how to read. Let me answer it on the basis of my personal experience. While I was in intermediate college, i had opted Sanskrit with

English. i cannot remember any grand reason for the choice. Since there were two sections in the class, i was in section A in which Acharyaji taught us, and in section B in which Shastriji was a teacher of Sanskrit. From Acharyaji who was not a Brahmin by the way, i learnt how to read. Comparatively, Acharyaji was a slow teacher. In the first year in the month of December, i realized that the friends in section B were happy because Shastriji had, as we used to say, 'covered' almost all the course, and we were not even half way through. Then we compared the methodology of their teaching, nay reading, Sanskrit texts. Shastriji would just read the text and then explain its meaning. In way he paraphrased and translated it. Acharyaji on the other hand would make one of us read text aloud in the class. Then he would de-compound every Sanskrit word/phrase into its parts beginning with its root word, its prefix and suffix. Then he would put them together. It was nothing short of magical experience to the most of us, and dull and drab time wasting effort for quite a few. He would round off with the final reading of the extract or shlokaafter explaining the meaning of the piece. It would happen many times in a class, but i do not remember if he could teach more than 3 shlokas of Kalidasa'sRaghuvansham in a class. In the month of January we went to see him and request him to speed up teaching and 'cover' the course. He smiled to hide his sadness, and said that he did not teach us. He tried to teach us how to read a text as a whole and its parts. He could have also resorted to teaching like his other counterparts in a traditional manner. But he chose the more difficult course so that his students might be/ were equipped with skills of reading a text for the rest of their lives. Thus, he transformed his job into a calling, a purpose of life for which he was born. Emboldened by the comfort zone created by him with his concerns for us, we further asked him asto why did he take the lon(g)er path for us. He told us that were two reasons for it. Firstly, he wanted his students to know the method of reading and not reading for us. Knowing the methodology of reading is like having the master key. After having it, no spoon-feeding is needed. It is like watering the root of a tree, and not its leaves. Secondly, he said that he taught us in this manner because as a student he had dreamt to be a 'Professor' (sic Lecturer) in a degree college. For various reasons, despite having distinguished career he could not get selected in a degree college. So he joined the intermediate college as a lecturer. He could not be in a college but did not give up his dream of teaching the way he would have taught in a degree college. But he had the dream of teaching Sanskrit in a certain way to his students. For him, his dream was more important than his designation. Though he was not in a degree college, he taught his students in an intermediate college the way he would have taught his degree college students. It was a major lesson in reading, learning and teaching as ac-

tivities.

Sensing the suitability of occasion, one of us asked Acharyaji about the ideal that we should have as students. With a pause he mentioned that he would not, and should not, tell us as to who should be our ideal because everyone should find one's own. However, he became ready to share his ideal with us. His ideal was Swami Vivekananda and his ideal of the 'intellectual warrior'. He did not explain it then to us, and did not understand the implied meaning. Later i realized the meaning of the concept 'intellectual hero' to some extent. The 'intellectual' would not just be proud of his/her rich intellectual heritage but would acquire it with industry and intelligence, and enrich it with his perennial quest for learning and disseminating ideas and practicing them for larger good of people. Mere intellectuality is not enough; intellectual giants that cannot protect him/herself against oppression fade gradually in history. The same is the case with physical giants. The intellectual warrior would be a combination of the two. The intellectual warrior would not attack, defeat others and conquer the world militarily. S/he is a person with robust intellectuality and equally robust physicality, excelling in shastra and shaastra as well. S/he is a 'fit' person who can adopt, adapt, and be adept with an innate capability of defending him/herself against any act of aggression. S/he would use his strength to protect the weak and oppressed against tyrants and hegemonic forces. The worth of her/his power is standing with/by the weak and suffering souls.

Dear friends! Let me leave you with the last two points to ponder that we were given by the teacher who wanted us to be leaders i.e. intellectual heroes by being good readers :

1. Always keep a book with you, from the time you get up and the time you go sleep. There is nothing like reading time. Whenever get some time, open and access ideas by reading a piece/extract from it.

2. Select a source text from the knowledge domain of your choice and interest. See it every day, and read at least certain portion from it. The path would teach you how to construct knowledge.

He was a true acharya whose acharan(conduct) and vyavahar (practice) taught us beyond measure many lessons in reading. Tasmaisriguruvainamah. Tasmaisripustakainamah.

"Reader of today is a leader of tomorrow".

"The road to knowledge begins with the turn of the page. Every book is rung in the ladder of life of wisdom."

**Avadhesh kumar singh,**
Convener,
Knowledge Consortium of Gujarat,
240, Sector 9, Gandhinagar 382 009
(Gujarat)
E-mail : convener.ai.kcg@gmail.com

# વિશ્વવિદ્યાલય પ્રકાશન પ્રવૃત્તિ

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા જાન્યુઆરી-જૂન, ૨૦૧૧ દરમ્યાન પ્રકાશિત કરવામાં આવેલાં જર્નલ્સમાં સમાવિષ્ટ લેખોનો અનુક્રમ.

**1. Journal of Humanities, Social Science & Management. Vol II, Issue I, January–June, 2011. ISSN 0974-9772**

**Contents**


**Management**

1. BPO-ASWOT Analysis 05
B. Sathishkumar
2. Econmic Growth and Role of Entrepreneurs : An Empirical Study 11
Dr. Hitesh D. Vyas, Dr. B. K. Oza
3. Merchant Banking : A New Era of Banking 17
Haresh B. Barot
4. Perceptions and Strategies of Insurance Agents in Ahmedabad City 23
Prof. Sonu V. Gupta, Prof. Prakash Chawla, & Prof. Sandhya Harkawat
5. Skill Shortages in Sursez 31
Mr. Mehul G. Thakkar
6. The Nature of Shopping Motivations of Teenagers in North Gujarat 36
Mr. Mitul M. Deliya, Mr. Anand A. Patel, Mr. Bharat D. Prajapati, Mr. Jay Y. Trivedi
7. Eco-Buddy Cowdung Pots-Gadget to Save Environment & Self Employment 43
Ms. Jigna Trived, Dr. P. K. Priyan, & Mr. Vinay H. Bhinde

**Education**

8. A Comparative Study of Decision-Making Profile of Male and Female Teachers of Secondary Schools. 49
Dr. Arun Kumar Kulshrestha
9. Empirical Estimation of the Contributory Role of Different Kinds of Communication in Classroom Learning Through Lectures 54
Dr. N. P. S. Chandel, Indra Kumar Sharma
10. A Study of the Effectiveness of the Computer Education Teacher Training Programme 60
Dr. Mukesh Chandrakar, Dr. Ashutosh Biswal
11. A Study of Effectiveness of Peer Tutoring Programme on Student teachers of Sardar Patel University 66
Mr. Rakesh Ranjan
12. A Study of the Problems Faced by Computer Education Institutions 70
Dr. Sanjay Kumar M. Gupta
13. Attitudes of Higher Secondary Teachers to wards Educational Technology 74
Dr. Satishprakash S. Shukla

14. A Comparative Study of General Awareness of Internet Users and Non-Users 81
Dr. Sona Ahuja
15. Issues of Sub-Contracting in Small-Scale Enterprises in India in the Face of Liberalisation 88
Dr. Ramakanta Prusty, Prof Litty Denis, Prof. Jayesh Tanna

## Languages

16. Carving a New Way of Learning - KSV M. Phil. in English : A Case Study 93
Dr. Jagdish S. Joshi, Mahesh B. Bhatt
17. Neither Male, Nor Female – the Hijra of India presented through Dattani's Seven Steps Around the Fire 99
Dr. Pranav Joshipura
18. Developing Speaking Skills through Interviewing 104
Dr. Yashwant M. Sharma
19. Web Quests : A Constructive Approach of Language Teaching 110
Dr. Vikas Raval, Dr. Yogesh Patel

## Commerce

20. Corporate Governance Practice in Asia with special reference to India 115
Mr. R. D. Patel, Mr. Gurudutta P. Japee, Mr. Vijay Tripathi
21. Impact of Globalization on Economic Conditions of Agricultural Labour123
Mr. Vijay R. Tripathi, Ms. Shuchi Tripathi
22. An Empirical Study on Factors Influencing the Mutual Fund / Scheme Selection by Retail Investors 132
Prof. R. D. Patel, Prof. Jignesh Patel, Prof. Jayendra Jadav
23. International Financial Reporting Standards : Indian Perspective 142
Dr. Yashasvi Rajpara, Dr. Manisha Bhatt

## 2. Journal of SCI – TECH Research Vol II, Issue I, Jan-June 2011. ISSN 0974-9780

### Contents

## Computer Science & Information Technology

1. Qualitative Methods for Pre-ProcessIng Spatially Referenced Test Data for Cell-Phones 05
M. Van Hilst, M. Mani, A. S. Pandya and S. Hsu
2. Multi-Core Environment in Wireless Virtual System Prototype Using System-Level Debugging 13
Mr. Mayur N. Bhalia, Mr. Bhavesh and B. Kathiriya
3. Modified Suffix Tree Clustering and its Application in News Event Detection 18
R. Subhashinil and V. Jawahar Senthil Kumar
4. A Study of Applications of ICT in the Indian Health Care Industry and Developing : A Centralized Model of Electronic Health Record (EHR) System for Knowledge Management of Citizen's Health Records. 24
Ms. Kaushar Ghanchi

## Engineering and Technology

5. New Approach for Power Swing Detection on Transmission Line 32
Prof. V. J. Upadhyay

## Physical Science

6. Microwave Dielectric Relaxation in Some Pharmaceutical Polar Molecules 41
C. M. Trivedi, V. A. Rana, A. D. Vyas and K. H. Chikhalia
7. Thermal Properties of Tacwithin Mie-Gruneisen Hypothesi 48
A. D. Patel, S. G. Khambholja, N. K. Bhatt, B. Y. Thakore and A. R. Jani
8. Developing Experiments for Deeper Understanding of PIC 16F72 in Timing Insensitive Mode 52
D. G. Vyas
9. Surface Characteristics of DVT Grown Tungsten Diselenide Crystals 55
K. D. Patel, K. K. Patel, Mayur Patel, C. A. Patel, V. M. Pathak and R. Srivastava
10. Synthesis And Thermo Gravimetric Analysis of Some Crystals Prepared From Transition Metal and Schiffbase 64
K. R. Patel, V. D. Patel, K. P. Patel, Dhara Patel and M. N. Parmar
11. Band Gap Determination of Copper Doped Tungsten Diselenide Single Crystals by Optical Absorption Method 67
M. P. Deshpande, M. N. Parmar, Nilesh N. Pandya and Sunil Chaki
12. Flectron Impact Total Inonization Cross Sections for CH3X (X=F, CL) Using Icsp-IC Method 72
Kirti Korot, Minaxi Vinodkumar and Chetan Limbachiya
13. Stability Investigations of Mose2 Crystalasa Pecsolarcell 76
R. J. Pathak, R. K. Shah, Deepa Makhija, K. D. Patel and V. M. Pathak
14. Design And Construction of A Complex Dielectric Permittivity Measurement Cell 80
V. A. Rana and D. H. Gadani
15. Microwave Dielectric Relaxation in Some Pharmaceutical Polar Molecules 86
C. M. Trivedil, V. A. Rana, A. D. Vyas and K. H. Chikhalia
16. Synthesis And Characterization of Niobium Doped Bi-2223 Superconductors 94
Nisha C. Pandya, C. J. Shah, B. V. Mistry, B. V. Dave and U. S. Joshi


### ફૂંસાં અને દાણા

ગુજરાતની લેખન-સમૃદ્ધિ ઘણી છે. એ સમૃદ્ધિ જલદી જોવા-અનુભવવામાં આવતી નથી, તેનું કારણ એની યથાસ્વરૂપ પિછાન દેનારા પ્રયત્નોની કચાશ છે. સંપત્તિના ઢગલા માત્ર દેખાડવાથી એનું સાચું દર્શન કરાવી શકાતું નથી. ઢગલા મોઢે ખડકાયે જતાં ફૂંસાંમાંથી સુરંગી ને પૌષ્ટિક કણ નિરાળા પાડીને બતાવી શકાય, તો જ સમૃદ્ધિનું સત્ય પરખાય.

ઝવેરચંદ મેઘાણી

# ગ્રંથસૌરભ

## કિશોરોના રવીન્દ્રનાથ

[સંપાદક : મહેન્દ્ર મેઘાણી, પ્રકાશક : ભાવનગર : લોકમિલાપ ટ્રસ્ટ, 2011, પૃ. 8+88, કિંમત રૂ. 15/-]




રવીન્દ્રનાથ ઠાકુર આપણા દેશના સર્વતોમુખી પ્રતિભા ધરાવતા મહાન સાહિત્યકાર છે. કવિતા, વારતા, નવલકથા, નાટક, નિબંધ – સાહિત્યનાં બધાં સ્વરૂપોમાં તેમણે માતબર પ્રદાન કર્યું છે. તેમણે કક્કો બારાખડી શીખતા બાળકોથી માંડી મુગ્ધવયના કિશોરો માટે પણ આ બધાં સ્વરૂપોમાં જીવનભર વિપુલ લેખન કર્યું છે. શિશુઓ કિશોરોને ભારે ગમ્મત પડી જાય, એ સાથે એમની કલ્પનાની પાંખો ઊડવા માંડે એવું એમણે ઘણું લખ્યું છે, જેમાં એક પ્રકારનો જીવનબોધ ઓગળી ગયો હોય.

રવીન્દ્રસાહિત્યના રત્નાકર (સાગર)માં અવગાહન કરીને સંપાદકે મોતીઓની એક સેર અહીં કિશોરો માટે ભેટ ધરી છે. આજની નવી પેઢી જે રવીન્દ્રનાથ જેવા કવિઓની અમરવાણીથી વિમુખ થઈ રહી છે, તેને કવિની ચિરંતન આનંદબોધ આવે એવી રચનાઓની ભેટ ધરીને સંપાદકે અભિનંદનીય કાર્ય સંપન્ન કર્યું છે. 'કિશોરોના રવીન્દ્રનાથ'ની આ ચોપડીને અનુરૂપ ચિત્રોથી સજાવવામાં આવી છે. આપણે ઇચ્છા રાખીએ કે આ પુસ્તક જેમને માટે દૃષ્ટિપૂર્વક તૈયાર થયું છે, તે તમામ કિશોરો સુધી પહોંચશે. એની સાથે આ પુસ્તક મોટેરાઓને પણ પ્રસન્નતાથી તરબતર કરે એવું છે. એ સ્વયં બાળપણના સ્વપ્નલોકમાં વિહરવા લાગશે. સંપાદકે એટલે જાણે રવીન્દ્રનાથનાં મોટી ઉંમરે લખાયેલાં બાળપણનાં કટુ-મધુર સ્મરણો પસંદ કરીને મૂક્યાં છે.

કવિવર રવીન્દ્રનાથની ૧૫૦મી જન્મજયંતી પ્રસંગે પ્રગટ થતી 'કિશોરોના રવીન્દ્રનાથ'ની આ ચોપડી સૌ સાહિત્યસંસ્કારપ્રિય વાચકો સુધી પહોંચશે. વળી એની કિંમત પણ એટલી ઓછી કે દરેકને પોતાની પ્રતિ રાખી લેવાની ઇચ્છા થશે.

**ભોળાભાઈ પટેલ**


### સંપાદકીય

*રવીન્દ્રનાથની દોઢસોમી જન્મજયંતી પ્રસંગે દોઢ લાખ કિશોરોના હાથમાં એમને સમજાય ને રસ પડે એવાં રવીન્દ્રનાથનાં થોડાંક લખાણો, એમને પરવડે તેવી પાંચ જ રૂપિયાની કિંમતે મૂકવાની યોજના છે. ગુજરાતની હાઈસ્કૂલો, કૉલેજો, અધ્યાપન મંદિરો જેવી ૫૦૦ સંસ્થાઓ ઓછામાં ઓછી ૩૦૦-૩૦૦ નકલો મગાવીને પોતાના વિદ્યાર્થીઓને તે રૂ૦ ૫માં સુલભ કરી આપે તો આ ધ્યેય સિદ્ધ થઈ શકે તેવું છે. તેથી એવી સંસ્થાઓને આ ચોપડીની એક નકલ ભેટ મોકલીએ છીએ. તે જોયા પછી જેમને આ યોજનામાં જોડાવાની હોંશ થાય તેઓ ૩૦૦ X ૫ = રૂ. ૧૫૦૦ લોકમિલાપને મોકલશે તો અઠવાડિયામાં તેમને નકલો રવાના થશે. (રવાનગી-ખર્ચ શિક્ષણસંસ્થા ભોગવશે.) કેટલીક સંસ્થાઓને ૩૦૦થી વધુ નકલોની જરૂર પડશે તે એ મુજબ રકમ મોકલશે. પણ આ યોજના નીચે ઓછામાં ઓછી ૩૦૦ નકલ રૂ૦ ૫ લેખે મળશે. ચોપડીની છૂટક કિંમત રૂ. ૧૫ છે.*

**લોકમિલાપ ટ્રસ્ટ** : પો.બો.નં. 23, સરદારનગર, ભાવનગર-364001 [ફોન : (0278) 2566402]

## ઓગણીસમી સદીનું ગુજરાતી પ્રવાસલેખન : સંચય

સંપાદન : તોરલ પટેલ અને ભોળાભાઈ પટેલ
પ્રકાશન : નવી દિલ્હી : સાહિત્ય અકાદેમી, ૨૦૧૦
૨૪, ૨૭૫ પૃષ્ઠ, ૮ આર્ટ પ્લેટસ.
ISBN ૯૭૮-૮૧-૨૬૦-૨૭૭-૬-૭
કિંમત રૂ. ૨૨૫




પ્રવાસ શબ્દના ઉચ્ચારણની સાથે જ આબાલવૃદ્ધ સૌના મુખમાંથી 'આહ મઝા આ ગયા'નો સહજ ઉદ્‌ગાર સરી પડે છે. મનમાં અવર્ણનીય આનંદની છોળો ઊછળવા માંડે છે. પછી શરૂ થાય છે નિર્ધારિત પ્રદેશ વિશેષના ભૌગોલિક, ઐતિહાસિક, સાંસ્કૃતિક સાહિત્ય અને ભ્રમણવૃત્તોની ખોજયાત્રા ! ભૌગોલિક-ઐતિહાસિક કે પ્રવાસપોથીઓ તેની નિશ્ચિત પરિધી સુધી જ ખપ લાગે છે. પરંતુ, પ્રવાસના અલૌકિક આનંદ માટે યા કહો કે જે તે સ્થળવિશેષની અને તેના કાળવિશેષની સાંસ્કૃતિક યાત્રા માટે કે પ્રવાસી લેખકની સંવેદનાઓ ઝીલવા માટે સત્ત્વશીલ ભ્રમણવૃત્તો કે સાહિત્યિક પ્રવાસલેખન જ રાહબર બની રહે છે. આ એક એવું સાહિત્ય છે કે જેમાં લેખક વાચકને પણ સ-રસ સહયાત્રા કરાવે છે, કે જેનો આનંદ અનુપમ – અસીમ હોય છે.

ગુજરાતી ગદ્યનું ખેડાણ મધ્યકાળમાં આશાપલ્લીમાં રચાયેલ આરાધના (૧૨૭૪) કૃતિથી શરૂ થયું માનવામાં આવે છે. પરંતુ અંગ્રેજી કેળવણી અને અંગ્રેજી ભાષા-સાહિત્યના વધતા જતા ગાઢ સંપર્કના કારણે સુધારકયુગ (૧૮૨૦–૧૮૮૪)માં આધુનિક ગુજરાતી ગદ્યનો પાયો નંખાયો અને નિબંધ, નવલકથા, નાટક, વિવેચન, પ્રવાસ વગેરે સાહિત્યસ્વરૂપોમાં ગદ્યમાં સર્જનયાત્રા શરૂ થઈ. આ યુગમાં રચાયેલું સઘળું ગદ્ય 'ગદ્યના આર્વિભાવ કાળના દસ્તાવેજ' સમાન ગણવામાં આવે છે. ગુજરાતી ભાષામાં પ્રવાસલેખન સાહિત્યનો પ્રારંભ ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં પારસી લેખક ડોસાભાઈ ફરામજી કરાકા કૃત 'ગરેટ બરીટન ખાતેની મુસાફરી' (૧૮૬૧)થી થયેલો જોવા મળે છે. જો કે આ પૂર્વે એક અન્ય પારસી લેખક કાવસજી સોરાબજી શેઠ કૃત 'ચીન'(૧૮૪૪)નો ઉલ્લેખ મળે છે. પરંતુ કમનસીબે નવસારી, મુંબઈ, બિલિમોરા, ઉદવાડા વગેરે સ્થળોનાં પારસી ગ્રંથાલયોમાં પણ આ પુસ્તક જોવા મળ્યું નથી.

સમીક્ષિત ગ્રંથમાં ફક્ત ઓગણીસમી સદીમાં રચાયેલ પસંદગીયુક્ત ગુજરાતી પ્રવાસલેખનના અર્થાત્ પ્રથમ પ્રવાસગ્રંથના પ્રકાશનકાળ ૧૮૬૧થી ૧૮૯૯ સુધીમાં પ્રકાશિત ગ્રંથોમાંથી પસંદગીના અંશોનો સમાવેશ કરવામાં આવ્યો છે. અહીં પ્રવાસ માર્ગદર્શિકા કે અનૂદિત પ્રવાસગ્રંથોનો સમાવેશ કરવામાં આવ્યો નથી, જે પ્રસ્તુત ગ્રંથના સંપાદનના હાર્દ સાથે સુસંગત જ છે. પસંદગીના આ માપદંડને ધ્યાને લઈ ૨૧ પ્રવાસગ્રંથોમાંથી પ્રવાસનાં સ્થળોનું અને વર્ણ્ય વિષયોનું વૈવિધ્ય જળવાય તે રીતે ૨૧ ભ્રમણવૃત્તો પસંદ કરવામાં આવ્યાં છે. આ પૈકી ૯ પારસી, ૮ હિંદુ અને ૩ મુસલમાન લેખકોની રચનાઓ છે. પારસી લેખક ફરામજી પીટીટનાં બે પ્રવાસવર્ણનો અહીં સંગૃહીત છે, જ્યારે ૨૧ પૈકી ૧૦ પરદેશના અને ૧૧ ગ્રંથો દેશના વિવિધ ભાગોના પ્રવાસવર્ણનો સાથે સંબંધિત છે. પ્રવાસવર્ણનનાં સ્થળો પૈકી અહીં ઇંગ્લેંડ, ફ્રાન્સ, યુરોપના અન્ય દેશો, અમેરિકા, આફ્રિકા, ઈરાન, ચીન, જાપાન, અને ભારતનાં કાશ્મીર, બદરીકેદાર, આબુ, પંઢરપુર, મૈસૂર, હૈદરાબાદ, મદ્રાસ વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૯મી સદીમાં યાતાયાતનાં ટાંચાં સાધનો વચ્ચે પણ ગુજરાતી

પ્રવાસીઓ વિશ્વ ખૂંદી વળ્યા હતા, જે ગુજરાતીઓ માટેની 'વિશ્વપ્રવાસી' તરીકેની છાપને વધુ દઢ કરે છે. આ બધા પ્રવાસીઓના પ્રવાસનો હેતુ માત્ર નવો દેશ કે ઐતિહાસિક-સાંસ્કૃતિક સ્મારકો જોવાનો અને આનંદપ્રમોદનો ન રહેતાં કંઈક નવું શીખવાનો અને તેનાથી પોતાના બાંધવોને અવગત કરાવવાનો તેમજ પ્રવાસ કરવાની પ્રેરણા પૂરી પાડવાનો રહ્યો છે. આ સંબંધી ખુલાસો ડોસાભાઈ કરાકા, મહીપતરામ, કરસનદાસ, શેખ યુસુફઅલી, ફરાંમજી પીટીટ, હાજી સુલેમાન, આદરજી પેટીવાળા વગેરેએ પોતાના પ્રવાસગ્રંથોમાં કર્યો છે. ઉદા. તરીકે મહિપતરામે નોંધ્યું છે કે 'ભરતખંડની માઠી હાલત જે ઉપાયો છે, તેમાંનો એક ઉપાય યુરોપની મુસાફરી છે, એટલું જ નહિ પણ તે ઉપાય મુખ્ય છે. પોતે નજરે દેખ્યાથી જેટલું શિખાય છે તથા મન ઉપર અસર થાય છે તેને દશમે હિસ્સે પણ વાંચ્યાથી કે સાંભળ્યાથી થતી નથી' (પૃ.૩૪). આ ઉપરાંત તેમણે લંડનથી ૧૮૬૦માં લખેલા પત્રોમાં પણ આ જ બાબત ઉપર ભાર મૂકયો છે. ખાન બાહાદુર શેખ યુસુફઅલીએ 'ઇંગ્લેંડમાં પ્રવાસ' (૧૮૭૪)ની પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે 'દેશાટનથી જે લાભ થાય છે તે થોડા અને જેવા તેવા નથી. ઇંગ્લંડ દેશમાં વિદ્યાનું જોર એટલું બધું છે કે ત્યાંના નીચલા વર્ગના લોકોને પણ વાંચવાનો ઘણો શોખ હોય છે' (પૃ.૯૨). આદરજી દાદાભાઈ પેટીવાળાએ 'ઇંગ્લાંડ અને આફ્રિકાનો જળપ્રવાસ' (૧૮૯૯)ના કવર પૃષ્ઠ ઉપર જ સરસ કવિત્ત મૂક્યું છેઃ

'પ્રવાસે દુઃખ દુર થાય, અનુભવી જરૂર થાય,
લક્ષ્મી ભરપૂર થાય, પ્રવાસના ફળથી,
જિંદગીમાં આશ કર, એક વાર નર પ્રવાસ કર,
કર્મની અજમાસ કર, ઉદ્યોગના બળથી'

વળી, આ પ્રવાસ લેખકે સ્વદેશી ભાઈઓને વ્યાપાર વણજનો લાભ કે ઉત્તેજન મળે તે હેતુસર હિંદુસ્થાનથી કેવા વ્યાપાર અર્થે આફ્રિકા જવું, રસ્તામાં આવતાં શહેરોમાંથી કેવો માલ ખરીદીને આફ્રિકામાં વેપાર કરવો, મુસાફરીથી પાછા ફરતાં આફ્રિકાની કઈ પેદાશોની મુંબઈમાં વેપાર કરવા ખરીદી કરવી તેની માહિતી આપી છે. આ પ્રવાસવર્ણનોમાં પ્રસંગોપાત ભારતીય અને પાશ્ચાત્ય રીતભાત અને માનસિકતાનું તુલનાત્મક દષ્ટિએ વર્ણન જોવા મળે છે. ઉદા. તરીકે મહીપતરામે 'ઑકસફર્ડ' પ્રકરણમાં નોધ્યું છે કે 'નોકરોની સભ્યતાથી હું આશ્ચર્ય પામ્યો. એમની જોડે મુકાબલો કરતાં આપણી આગબોટોના કપતાન અને બીજા માણસો ઘણા બેઅદબ જણાય છે' (પૃ.૩૩).

અહીં સંગૃહીત પ્રવાસવર્ણનના અંશોમાં પ્રવાસી લેખકોની બારીકાઈપૂર્ણ નિરીક્ષણ દષ્ટિ અને વર્ણનકલા સ્પષ્ટ દષ્ટિગોચર થાય છે. વર્ણનશૈલી પણ ભિન્ન ભિન્ન ઉપયોગમાં લેવામાં આવી છે, જેમકે ડાયરીશૈલી, પત્રશૈલી, પ્રવાસના કાળક્રમમાં વર્ણન વગેરે. મોટા ભાગના પ્રવાસીઓએ જોવાલાયક મહત્ત્વપૂર્ણ કેન્દ્રો ઉપરાંત ગ્રંથાલયો, શૈક્ષણિક સંસ્થાઓ અને મ્યુઝિયમો જોવાનું અને તેની નોંધ કાળજીપૂર્વક કરવાનું રાખ્યું છે. ઉદા. તરીકે મહિપતરામે ઑક્સફર્ડની 'બોડલીઅન' પુસ્તકશાળાના વર્ણનના અંતમાં નોધ્યું છે કે 'અહીંનાં પુસ્તકો વાંચવાની તથા તેઓનો ઉતારો કરી લેવાની દેશી-પરદેશી સર્વેને છૂટ છે. ગ્રંથ સંતાડી મૂકવાની મૂર્ખાઈભરેલી રીત અહીં નથી. યુરોપના ઘણાક દેશના વિદ્વાનો અહીંના ગ્રંથો વાંચવા આવે છે' (પૃ. ૩૨). અજ્ઞાત લેખક 'એક પારસી ઘરહસથ' (૧૮૬૪) એ તો અમેરિકાના તત્કાલીન પ્રમુખ અબ્રાહમ લિંકનની મુલાકાત પણ લીધી હતી. મોટાભાગના પ્રવાસી લેખકોએ જાતઅનુભવના આધારે જે-તે પ્રદેશનાં વર્ણનો આપ્યાં છે, જ્યારે ચીનના પ્રવાસી દામોદર ઈશ્વરદાસ તથા ઈરાનના પ્રવાસી કાવશજી

કેઆસનાએ જાતઅનુભવ ઉપરાંત અન્ય ગ્રંથોનો અને સાંભળેલી વાતોનો પણ લેખનમાં સહારો લીધો છે. સમગ્રતયા પ્રસ્તુત ગ્રંથ ૧૯મી સદીના ઇંગ્લેંડ, યુરોપ, અમેરિકા વગેરે અને ભારતના કેટલાક પ્રદેશોની યથાતથ માહિતી જેમકે કેળવણી, આર્થિક સ્થિતિ, વસતી, સામાજિક સ્થિતિ, ઇતિહાસ, રાજકારણ, સરકાર, પ્રેસ, ધાર્મિક સ્થિતિ, જોવાલાયક સ્થળો, કળા–કૌશલ્ય, બજારો, કારખાનાં, આંતરિક સંઘર્ષો, સ્ત્રીઓની સ્થિતિ, નગરરચના, ગ્રંથાલયો, મ્યુઝિયમ, પ્રવાસના માર્ગો વગેરે માટે દસ્તાવેજની ગરજ સારે છે. કાળના પ્રવાહમાં વિસરાતા જતા ગુજરાતી પ્રવાસ સાહિત્યના સમૃદ્ધ વારસાનો અર્ક પ્રસ્તુત કરવાની સાહિત્ય અકાદમીની આ પ્રવૃત્તિ સરાહનીય બની રહે છે.

સંપાદકોએ 'ભૂમિકા'માં ઈ.સ. ૧૭૫૭ ના પ્લાસીના યુદ્ધમાં અંગ્રેજોની જીત અને ત્યારબાદ તેમણે ઉત્તરોત્તર ભારતીય રાજ્યવ્યવસ્થા ઉપર ભરડો લેતાં ભારતીય સમાજવ્યવસ્થામાં આવેલા ફેરફારો, અંગ્રેજી શિક્ષણ અને સાહિત્યનો પ્રભાવ અને તેના પરિણામે ભારતીય માનસિકતામાં થયેલાં પરિવર્તનો – સંસ્થાનવાદી માનસ – Colonial Mindset – ની અર્થાત્ બે સંસ્કૃતિઓના સંઘર્ષ અને સમન્વયની ગાથાની નીરક્ષીરભાવે લાઘવતાપૂર્ણ છતાં અર્થગંભીર ચર્ચા કરી છે. તેમણે કરસનદાસ મૂળજી માટે નોંધ્યું છે કે 'હજી તેઓ રાજકીય તેમજ સાંસ્કૃતિક અસ્મિતાની સંવેદનશીલ ચેતનાની ભૂમિકાએ પહોંચ્યા ન હતા કે જેથી તેમને બ્રિટિશ તંત્ર માટે નફરત કે અણગમો પેદા થાય. ૧૮૭૦ પછી બ્રિટિશ સંસ્થાનવાદની તસવીર વધારે સ્પષ્ટ થતી ગઈ. પરિણામે બ્રિટિશ શાસનના હિતેચ્છુઓમાં પણ પરદેશી શાસન અંગે દ્વૈધીભાવ (ambivalence) પેદા થવા લાગ્યો હતો (xxiv). આ ઉપરાંત ઓગણીસમી સદીમાં ગુજરાતી ગદ્યનાં વિવિધ સ્વરૂપોનો વિકાસ અને પરદેશ જવાથી ધર્મભ્રષ્ટ થવાય તેની માનસિકતા ના સામે સુધારાવાદીઓની ચળવળો વગેરેનો ચિતાર આપવામાં આવ્યો છે. સાથે સાથે પ્રત્યેક પ્રવાસવર્ણનના પ્રારંભમાં જે-તે લેખકનો સંક્ષેપમાં પરિચય, તેની અન્ય પ્રમુખ કૃતિઓનો ઉલ્લેખ તથા જે પ્રવાસગ્રંથમાંથી અંશ પસંદ કરવામાં આવ્યો છે તે કૃતિનો વિગતે પરિચય, તેમાં સમાવિષ્ટ મુખ્ય બાબતો, 'દીબાચો' અર્થાત્ તેની પ્રસ્તાવના ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં છે કે કોઈ એક ભાષામાં તેની માહિતી, પ્રમુખ પ્રકરણો કે વિષયવસ્તુના મુખ્ય મુદ્દા, સંપાદકીયનો સારાંશ વગેરે પ્રાયઃ એકથી બે પૃષ્ઠોમાં આવરી લીધેલ છે. એક ધ્યાનાકર્ષક બાબત એ કે તત્કાલીન સમયની પ્રકાશનરીતિ કેવી હતી, તેના ટાઈપ ફોન્ટ કેવા હતા વગેરેની પ્રત્યક્ષ જાણકારી હેતુ ગ્રંથનું મુખપૃષ્ઠ સ્કેન કરીને આપવામાં આવ્યું છે, જે તે સમયની મૂળ જોડણી પણ યથાતથ રાખી છે, જે યથાયોગ્ય છે.

એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદનાં સાહિત્યરસિક અને કર્મઠ ગ્રંથપાલિકા તોરલ પટેલ અને ગુજરાતી પ્રવાસ સાહિત્યના આરૂઢ અભ્યાસી અને તેના પ્રબુદ્ધ સર્જક પદ્મ શ્રી ભોળાભાઈ પટેલ દ્વારા સંયુક્ત રીતે પ્રસ્તુત ગ્રંથનું સંપાદન કરવા માટે દ્વય સંપાદક અનેકવિધ રીતે અભિનંદનનાં અધિકારી બની રહે છે. પ્રથમ તો ૧૯મી સદીમાં પ્રકાશિત આ દુર્લભ ગ્રંથોની દુષ્કર શોધયાત્રામાં મેળવેલ સફળતા માટે. આ માટે કેટકેટલાં ગ્રંથાલયો ફંફોસ્યાં હશે અને તેની સંઘર્ષયાત્રાની તો કલ્પના જ કરવી રહી ! બીજું, ૧૯મી સદીના ગુજરાતી ગદ્યની વિવિધ લઢણો – હિંદુ, પારસી અને મુસ્લિમ લેખકો દ્વારા લખાયેલ ગદ્ય – ના દસ્તાવેજી નમૂનાઓ કાળક્રમમાં એક સાથે સુલભ કરી આપવા માટે. પરિણામસ્વરૂપે અનેકવિધ રીતે સ્વતઃ તુલના ઊપસી આવે છે. ઉદાહરણ તરીકે પ્રથમ

પારસી પ્રવાસી ડોસાભાઈ કરાકા (૧૮૬૧) અને અંતિમ પારસી પ્રવાસી આદરજી પેટીવાળા (૧૮૯૯)નું ગદ્ય, તે જ રીતે મહિપતરામ રૂપરામ (૧૮૬૪) તથા કરસનદાસ મૂળજીનું (૧૮૬૬) અને કલાપી (૧૮૯૧) કે કવિ ગિરધર (૧૮૯૭)નું ગદ્ય વાંચતાં જ સ્પષ્ટ પ્રતીત થાય છે કે આટલા ટૂંકાગાળામાં ગુજરાતી ગદ્યનો કેટલો બધો વિકાસ થયો છે. સાથે સાથે એક જ સ્થળના અલગ અલગ કાળના એક જ દેશના પ્રવાસીઓએ તેને કઈ રીતે વર્ણવ્યો / જોયો છે તે દૃષ્ટિએ તુલનાત્મક અભ્યાસ માટે પણ આ ભ્રમણવૃત્તો ઉપયોગી થઈ પડે છે. ત્રીજી મહત્ત્વપૂર્ણ બાબત એ કે પ્રસ્તુત ગ્રંથના વિષયવસ્તુ સાથે સુસંગત અને ઉપયોગી ૫ પરિશિષ્ટો જોડવા માટે. આ પરિશિષ્ટો સંપાદકોની દીર્ઘદૃષ્ટિનાં પ્રતીતિકારક બની રહે છે. પ્રથમ પરિશિષ્ટમાં કરસનદાસ મૂળજી કૃત 'દેશાટણ વિષય' (બુદ્ધિવર્ધક ગ્રંથ, અંક બીજો, ૧૮૫૨: (૧૧–૩૨) ભાષણ એ ગુજરાતી પ્રવાસલેખનની પૂર્વભૂમિકા સમાન છે. આ નિબંધ એ વાતની પ્રતીતિ કરાવે છે કે ૧૯મી સદીમાં જ્યારે હિંદુઓ માટે પરદેશગમનનો નિષેધ હતો તેવા સમયે દેશાટનને – વિદેશપ્રવાસને ઉત્તેજન આપવા માટે ૨૧ વર્ષના તરુણ નવયુવક કરસનદાસ મૂળજીએ સૌ પ્રથમ વખત દેશદાઝથી પ્રેરાઈને બુદ્ધિવર્ધક હિંદુ સભા, મુંબઈની કારોબારી સમક્ષ ૧૮૫૨માં ભાષણ આપ્યું હતું, તેનું આ પુનર્મુદ્રણ છે. ૧૯મી સદીના હિંદુઓની માનસિકતાને ઉજાગર કરતો અને સુધારાવાદી મનોવલણ ધરાવતો આ લેખ પ્રવાસ અને પ્રવાસલેખન સાહિત્યના બીજરૂપે હોવાથી મહત્ત્વપૂર્ણ બની રહે છે. આ નિબંધ એ ગુજરાતી ગદ્યના આવિર્ભાવકાળનો અને તેના લેખકના વાક્ચાતુર્યનો પણ ઉત્તમ નમૂનો છે. પરિશિષ્ટ – ૨માં કવિ દલપતરામ કૃત મહીપતરામના વિલાયતમાં જવા વિશે પદ્યમાં નિબંધ, તથા ગદ્યમાં વિલાયત જવાનાં કારણ અને સંવાદ, પરિશિષ્ટ – ૩માં વિલાયતથી મહીપતરામે લખેલા પત્રો, પરિશિષ્ટ – ૪માં કવિ શિવલાલ ધનેશ્વર કચ્છના મહારાવ સાથે ઈ.સ. ૧૮૮૭માં ઇંગ્લેંડ ગયા હતા તે સમયે તેમના પરમ સ્નેહીને તેમણે ઇંગ્લેંડથી જે પત્રો લખેલા તે પૈકીના ૪ પત્રો કે જે તેમના 'પ્રવાસવર્ણન' ગ્રંથની બીજી આવૃત્તિ (૧૯૧૫)માં ઉમેરવામાં આવ્યા હતા તે આપવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેમના પ્રવાસવર્ણનનું પુસ્તક પદ્યમાં રચવામાં આવેલું છે. અને છેલ્લે પરિશિષ્ટ ૫માં કરસનદાસ મૂળજીએ મુંબઈથી ડીસા સુધીની જે મુસાફરી કરેલી તે પૈકી સુરતનું વર્ણન 'બુદ્ધિપ્રકાશ' ૧૮૫૭ના મે–જૂનના અંકમાં પ્રગટ થયેલ તે સમાવિષ્ટ છે. આ પરિશિષ્ટોની સામગ્રીનો પ્રધાન સૂર વિદેશપ્રવાસના ફાયદાઓ વર્ણવાનો અને પ્રજાને અંધવિશ્વાસ તેમજ વહેમમાંથી બહાર કાઢવાનો છે. આ સામગ્રી તત્કાલીન ગુજરાતી સમાજજીવનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે. ગ્રંથની સાજ-સજ્જા, બાંધણી, મુદ્રણ અને કાગળ પણ સરસ છે. કવરપૃષ્ઠ ઉપર લંડનની એક શેરીનું ૧૮૬૧નું દૃશ્ય અને મૂળ પ્રવાસગ્રંથોમાંથી અલગ અલગ સ્થળોનાં ચિત્રોનાં પસંદગીનાં ૮ આર્ટ પ્લેટસ અહીં પુનર્મુદ્રિત કરીને ગ્રંથનું દસ્તાવેજી મૂલ્ય ઘણું વધારી દીધું છે.

એક પ્રતિબદ્ધ ગ્રંથાલયશાસ્ત્રીની તજજ્ઞતાની પ્રતીતિ ગ્રંથના અંતમાં આપવામાં આવેલ ૨૧ ગ્રંથોની કાળક્રમસૂચિ, વર્ણાનુક્રમસૂચિ, અને વાઙ્મયસૂચિની શાસ્ત્રીયતાથી થાય છે. સંપાદિકા તોરલ પટેલ વિશેષ અભિનંદનનાં અધિકારી એટલા માટે બને છે કે ગુજરાતના ગ્રંથાલયજગતનાં તેઓશ્રી પ્રથમ ગ્રંથાલયી છે કે જેમના દ્વારા સંપાદિત ગ્રંથનું કેન્દ્રિય સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા પ્રકાશન કરવામાં આવ્યું છે. તેમની પરંપરાથી ઉપર ઊઠેલી વ્યવસાયિક સજ્જતાની આ એક ઉપલબ્ધિ છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા-વૃત્ત

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### અધ્યાપક પ્રશિક્ષણ કાર્યક્રમ

❑ Teaching learning process ને અસરકારક તથા વિદ્યાર્થીકેન્દ્રી બનાવવાના હેતુસર શિક્ષણ વિદ્યાશાખા દ્વારા કમ્પ્યૂટર સાયન્સ વિદ્યાશાખાના અધ્યાપકો – BCA, PGDCA, MCA, Msc.IT – માટે અધ્યાપક પ્રશિક્ષણ કાર્યક્રમ તા. ૫ ફેબ્રુઆરીના રોજ શરૂ કરવામાં આવ્યો. પ્રોગ્રામના કન્વીનર તરીકે શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખાનાં ડીન ડૉ. વીણા પટેલે અને કોઓર્ડિનેટર તરીકે આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. કુસુમ યાદવે જવાબદારી સંભાળી હતી. યુનિવર્સિટીના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયાએ પ્રોગ્રામનું ઉદ્‌ઘાટન કરી 'Teacher Competency' વિષય પર વ્યાખ્યાન આપી આ કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે ડૉ. કુસુમ યાદવે 'Learning & Principles of Effective Teaching Learning', પ્રા. શ્રીમતી વિનીતા અડવાણીએ Teaching Learning Process, Maxims of Teaching & Various Teaching skills' અને પ્રા. તોમ્બાસિંગે 'Motivation' વિષય ઉપર વ્યાખ્યાનો આપી ચર્ચા કરી હતી.

### આર્થિક સહાય

❑ ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના ઉપક્રમે મહિલા સશક્તિકરણના ભાગરૂપે 'Below Poverty Line'ની ૩૩ વિદ્યાર્થિનીઓને યુ. જી. સી.ની આર્થિક સહાય પૂરી પાડવાનો એક કાર્યક્રમ સર્વવિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅનશ્રી તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટશ્રી માણેકલાલ પટેલના અતિથિવિશેષ પદે તા. ૧૪-૩-૨૦૧૧ના રોજ કૉલેજમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રત્યેક વિદ્યાર્થિનીને રૂ. ૬૦૦૦/-ના કુલ રૂ. ૧૯૮૦૦૦/- ચેકો એનાયત કર્યા બાદ અતિથિવિશેષ પદેથી ઉદ્‌બોધન કરતાં જણાવ્યું કે આજના યુગમાં સ્ત્રીસશક્તિકરણ માટે મૂલ્યનિષ્ઠ શિક્ષણની તાતી જરૂર છે. સ્ત્રી શિક્ષણ દ્વારા મહિલાઓ સક્ષમ બને તો સ્વચ્છ અને સ્વસ્થ સમાજનું નિર્માણ થઈ શકે. આચાર્યા ડૉ. અમૃતાબહેન પટેલે પ્રસંગોચિત વક્તવ્યમાં વિદ્યાર્થિનીઓને બહુવિધ અભ્યાસપૂરક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કરવા માટે જણાવ્યું હતું. કાર્યક્રમનું આયોજન અને સંચાલન પ્રા. જયરામભાઈ પટેલ તથા પ્રા. જ્યોતિબહેન પંચાલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ઓનલાઈન પરીક્ષા

❑ એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝના એમ. સી. એ. રોમેસ્ટર-૪ના બે વિદ્યાર્થીઓ ઋત્વિજ શીરાગીયા અને વરુણ નાયરે કૉલેજના આસિ. પ્રોફેસર ડૉ. આશિષ જાની અને કો-ઓર્ડિનેટર રાકેશ ભટનાગરના માર્ગદર્શન હેઠળ ઓનલાઈન પરીક્ષા

લેવા માટેનું સૉફ્ટવેર તૈયાર કરતાં તેનો ઉપયોગ તાજેતરમાં આ કૉલેજના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યો હતો. સોફ્ટવેર દ્વારા સી. બી. એસ. સી. સ્કીમમાં વિદ્યાર્થીઓની પરીક્ષા ઓનલાઈન લેવાઈ હતી. જેમાં ૧૪૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પરીક્ષાનો સમય પૂરો થતાં જ તેનું પરિણામ પણ તૈયાર થઈ ગયું હતું.

## કાર્યશિબિર

 q વીપીએમપી પોલિટેકનિકના ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા વિદ્યાર્થીઓ માટે "ઓપરેશન એન્ડ મેન્ટિનન્સ ઓફ ટ્રાન્સમિશન એન્ડ ડિસ્ટ્રિબ્યૂશન સિસ્ટમ" વિષય ઉપર ત્રિદિવસીય કાર્યશિબિરનું તા. ૬ એપ્રિલ, ૨૦૧૧ના રોજ કલ્પતરુ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ, ગાંધીનગરના એચ. આર. મેનેજર શ્રી શરદ શાહ, કડી વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર પ્રો. ડી. ટી. કાપડિયા અને સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. જે. જી. દવેની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ કાર્યશિબિરનો મુખ્ય હેતુ અંતિમ સેમિસ્ટરના ઇલેક્ટ્રિકલ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને પાવર ટ્રાન્સમિશનનાં સાધનો, ડિસ્ટ્રિબ્યૂશન સિસ્ટમ, ટેસ્ટિંગ અને મેન્ટિનન્સથી વાકેફ કરવાનો છે. મુખ્ય ટ્રેઈનર તરીકે કેપીટીલા ગાંધીનગરના શ્રી એમ. એસ. શર્મા, ઉત્તર ગુજરાત વીજકંપની લિમિટેડ ના શ્રી આર. પી. પટેલ, ગેટકોના ડેપ્યુટિ એન્જિનિયર શ્રી એ. બી. પટેલ અને શ્રી ડી. એન. વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

❑ ઇન્ટેલ અને એજ્યુકેશન ફેકલ્ટીના સંયુક્ત ઉપક્રમે અધ્યાપકોની કમ્પ્યૂટરક્ષેત્રની શૈક્ષણિક સજ્જતામાં વધારો કરવાના હેતુથી 'વેબ ૨.૦ ટેક્નોલોજી એન્ડ ઇન્ટેલ એલીમેન્ટસ' વિષય પર તા. ૨૮ માર્ચથી ૩૦ માર્ચ દરમિયાન કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં ઇન્ટેલ વિભાગના એક્ષપર્ટ ધર્મેશ આચાર્ય, અલ્પેશભાઈ જોશી અને ઇન્દ્રવદનભાઈએ વેબ ૨.૦ ટેક્નોલોજી, એડોલ પ્રેઝન્ટર, પ્રેસી અને પ્રોગ્રામ બેઈઝ લર્નિંગનો શિક્ષણના ક્ષેત્રે ઉપયોગ કઈ રીતે કરવો તેની વિસ્તૃત માહિતી આપી હતી.

❑ વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન દ્વારા એમ. ફીલ. (શિક્ષણ)ના વિદ્યાર્થીઓ માટે "Computerize Data Analysis" વિષય કાર્યશિબિર પર તા. ૧૨-૧૩ માર્ચ, ૨૦૧૧ના દિવસોમાં યોજાઈ ગયો. કાર્યશિબિરમાં તજજ્ઞ તરીકે ડૉ. સતીશ પ્રકાશ શુક્લ એ પોતાની સેવાઓ આપી હતી. આ કાર્યશિબિરમાં વિદ્યાર્થીઓએ કમ્પ્યુટરની મદદથી વિવિધ પ્રકારની અંકશાસ્ત્રીય ગણતરીઓ કેવી રીતે કરી શકાય તેનું પ્રત્યક્ષ નિદર્શન મેળવ્યું હતું. તેમ જ દરેક વિદ્યાર્થીએ જાતે કમ્પ્યૂટર પર આ ગણતરીઓનો મહાવરો કર્યો હતો.

## કેમ્પસ ઇન્ટરવ્યૂ

❑ એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને એસ. એસ. પટેલ પી.ટી.સી. કૉલેજના સંયુક્ત ઉપક્રમે પ્રશિક્ષણાર્થીઓને શિક્ષક બનવાની તક મળે એ હેતુથી તા. ૧૩-૪-૨૦૧૧ના રોજ કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પસ ઇન્ટરવ્યૂ માટે અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગર જિલ્લાની જુદી-જુદી ૨૦ સ્કૂલોએ ભાગ લીધો હતો. જેમાં બી.એડ્ અને પી.ટી.સી. કૉલેજના પ્રશિક્ષણાર્થીઓએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્કૂલોમાં ઇન્ટરવ્યૂ આપ્યાં હતાં. જેમાં તાલીમાર્થીની લાયકાતના આધારે ઉચ્ચ પગાર ધોરણ પર વિવિધ શાળાઓમાં પસંદગી કરવામાં આવી હતી.

❑ આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજ અને એસ. વી. પી.ટી.સી. ઇંગ્લિશ

મીડિયમ કૉલેજ, ગાંધીનગર દ્વારા સંયુક્ત રીતે કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું આ ઇન્ટરવ્યૂ મેળામાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાની કેટલીક શાળાઓના આચાર્યશ્રીઓ અને સંચાલક મંડળોના સભ્યશ્રીઓએ ઉપસ્થિત રહી ૫૬ (૨૧ પી.ટી.સી. અને ૩૫ બી.એડ્.) પ્રશિક્ષણાર્થીઓને પસંદ કર્યાં હતાં, તેમજ સરેરાશ રૂ. ૫૦૦૦થી રૂ. ૨૦,૦૦૦ના માસિક પગારની ઑફર પણ કરી હતી. આ એક સરાહનીય પ્રયાસ બની રહ્યો હતો.

## ગીત સ્પર્ધા

❑ સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઈંગ્લિશ મીડિયમ કૉલેજ, ગાંધીનગરમાં તા. ૧૬-૨-૨૦૧૧ના રોજ અભિનય ગીતસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તાલીમાર્થીઓએ અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભાષામાં ઉત્સાહભેર બાળગીતો રજૂ કર્યાં હતાં.

## જી-સ્લેટ

❑ આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજનાં પ્રાધ્યાપિકા શ્રીમતી સુપ્રિયા બેનર્જીએ વર્ષ ૨૦૧૦માં લેવાયેલ ગુજરાત સ્ટેટ એલિજિબિલિટી ટેસ્ટની પરીક્ષા પાસ કરી. અભિનંદન.

## પરિસંવાદ

❑ ગુજરાત રાજ્ય એજ્યુકેશન ફેકલ્ટી પીએચ.ડી. માર્ગદર્શક મંડળના ઉપક્રમે શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ ખાતે તા. ૯-૧૦ એપ્રિલ, ૨૦૧૧ના રોજ યોજાયેલ પરિસંવાદમાં ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન ડૉ. વીણાબહેન પટેલ અને પ્રા. ડૉ. ભાવિક શાહે ભાગ લીધો હતો. આ પરિસંવાદમાં ડૉ. વીણાબહેન પટેલની પીએચ.ડી. માર્ગદર્શક મંડળની કારોબારીના સભ્ય તરીકે નિમણૂક કરવામાં આવી હતી.

## મંડલગાન

❑ સૂરજબા મહિલા બી.એડ્. કૉલેજની તાલીમાર્થી બહેનોએ પ્રા. હેતલબહેન સોનીના માર્ગદર્શન હેઠળ બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ દ્વારા આયોજિત મંડલગાન (ગરબો) હરીફાઈમાં ભાગ લઈ સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવી જસ્ટીસ એસ. ડી. દવે સંસ્કૃત વિજય પદ્મ અને રોકડ પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે. સતત ત્રીજીવાર પ્રથમ સ્થાન મેળવી બહેનોએ કૉલેજને ગૌરવ અપાવેલ છે. અભિનંદન.

## વક્તૃત્વ સ્પર્ધા

❑ એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન દ્વારા તા. ૧૮-૦૨-૨૦૧૧ના રોજ 'વાંચે ગુજરાત કાર્યક્રમનું મહત્ત્વ' વિષય ઉપર શાળાના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં આર. સી. પટેલ વિદ્યાલયના ધોળકિયા મિહિર પ્રથમ સ્થાને રહ્યા હતા. જ્યારે તા. ૧૯-૨-૨૦૧૧ના રોજ 'ભારતીય સંસ્કૃતિ વિશ્વ વિજય પંથે' એ વિષય ઉપર કૉલેજ કક્ષાની વક્તૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં સૂરજબા બી.એડ્. કૉલેજની તાલીમાર્થી પટેલ સુનીતા પ્રથમ ક્રમે, એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગરના તાલીમાર્થી પટેલ સુહાગભાઈ દ્વિતીય ક્રમે અને પ્રતિમાસિંહ તૃતીય ક્રમે વિજેતા થયાં હતાં.

## વાર્ષિકોત્સવ

❑ સૂરજબા મહિલા બી.એડ્ કૉલેજનો સાતમો વાર્ષિકોત્સવ કુલપતિશ્રી ડી. ટી. કાપડિયા, મંત્રીશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, મંત્રીશ્રી ખોડભાઈ એચ. પટેલ અને ઉપપ્રમુખશ્રી ડૉ. રામભાઈ તેમજ મંત્રીશ્રી ડૉ. રમણભાઈની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. આ ઉત્સવ સાથે માતૃવંદના, પૂર્વ વિદ્યાર્થિની સંમેલન તથા વર્ષ દરમિયાનની પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ માટે

ઇનામ વિતરણ કાર્યક્રમ પણ સંપન્ન થયો. પ્રિ. ડૉ. આર. જે. વ્યાસે સૌનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું. મહેમાનશ્રીએ બહેનોની પ્રસંગોચિત વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓને બિરદાવી અને પરીક્ષામાં તેમજ જીવનમાં ઉત્તમ સફળતા માટેના આશીર્વચન પાઠવ્યા.

વાર્ષિકોત્સવમાં બહેનોએ વાદ્ય તેમજ સંગીતના તાલ-સૂર સાથે હૃદયસ્પર્શી પ્રાર્થના, સ્વાગતગીત, બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ અમદાવાદમાં સર્વ પ્રથમ આવેલ સંસ્કૃત ગરબો તેમજ યુનિવર્સિટી યુવા મહોત્સવમાં પ્રથમ આવેલ સમૂહગીતે સભાખંડમાં આનંદનું વાતાવરણ સર્જ્યું હતું.

## વ્યાખ્યાન

❑ ભારત સરકારના રાષ્ટ્રીય હસ્તપ્રત મિશન, નવી દિલ્હીના ઉપક્રમે સંસ્કૃત સેવા સમિતિ, અમદાવાદ દ્વારા હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સહયોગમાં તા.૨૯ માર્ચ, ૨૦૧૧ના રોજ 'તત્વબોધ વ્યાખ્યાન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનના મુખ્ય વક્તા તરીકે કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન શ્રી મણિભાઈ પ્રજાપતિને નિમંત્રવામાં આવ્યા હતા. તેમણે 'ભારતીય હસ્તપ્રતોનાં સૂચિપત્રો : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં વિવેચનાત્મક અભ્યાસ' વિષય હેઠળ વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી પ્રજાપતિએ પ્રસ્તુત વિષય હેઠળ હસ્તપ્રત સૂચિકરણની વિભાવના, ભારતીય અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં વિકાસ રેખા, હસ્તપ્રતોના સૂચિકરણની સમસ્યાઓ, સૂચિપત્રોના પ્રકારો વગેરે બાબતોને આવરી લીધી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે કેટલાક અપવાદો બાદ કરતાં સ્વતંત્રતા પૂર્વેનાં સૂચિપત્રો સંસ્કૃત અને હસ્તપ્રતવિદ્યાના વિદ્વાનો જેમકે રાજા રાજેન્દ્રલાલ મિત્રા, હરપ્રસાદ શાસ્ત્રી, પ્રો. ભંડારકર, ગોપીનાથ કવિરાજ, પ્રો. વેબર, પ્રો. બુહલર, પ્રો. કિલહોર્ન, થિઓડોર ઓફ્રેટ, પીટર પીટરસન વગેરે દ્વારા તૈયાર કરવામાં આવ્યાં હતાં, જે તેજસ્વી વિદ્યાકીય કાર્ય તરીકે ઊપસી આવ્યાં છે. હસ્તપ્રત સર્વેક્ષણ અને સૂચિકરણમાં ભારતીય વિદ્યાના પાશ્ચાત્ય વિદ્વાનોનું મોટું પ્રદાન રહ્યું છે. પ્રવર્તમાન સમયમાં સૂચિપત્રો વ્યવસાયિક સૂચિકારો દ્વારા તૈયાર કરવામાં આવતાં હોવાથી કોરાં સૂચિપત્રો બની રહે છે.

આ પ્રસંગે સમારોહનાં અધ્યક્ષ અને રાષ્ટ્રીય હસ્તપ્રત મિશનનાં ડાયરેક્ટર ડૉ. દીપ્તિ ત્રિપાઠીએ રાષ્ટ્રીય હસ્તપ્રત મિશનની પ્રવૃત્તિઓ, હસ્તપ્રતો અને સૂચિઓની મહત્તા વિશે ઉદ્‌બોધન કર્યું હતું. સંસ્કૃતના પ્રતિભાસંપન્ન વિદ્વાન ડૉ. ગૌતમ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ગુજરાતની હસ્તપ્રત સમૃદ્ધિ વિશે ચર્ચા કરી હતી. જ્ઞાનમંદિરના ટ્રસ્ટી શ્રી યતિન શાહે અતિથિશ્રીઓનું સ્વાગત કરતાં જ્ઞાનમંદિરની સમૃદ્ધિનું વિગતે દર્શન કરાવ્યું હતું, જ્યારે યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના ઇન્ચાર્જ અધ્યક્ષ ડૉ. રાઠવાએ આભારવિધિ કરી હતી.

## શુભેચ્છા સમારંભ

❑ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પી.ટી.સી., બી.એડ્. અને એમ.એડ.ના તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવા અને વર્ષ ૨૦૦૯-૧૦માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓને મેડલ (શિલ્ડ) અને પ્રમાણપત્રો એનાયત કરવાનો સમારોહ પદ્મશ્રી ભોળાભાઈના અધ્યક્ષપદે યોજાઈ ગયો.

કાર્યક્રમના પ્રારંભમાં ડૉ. વીણાબહેન પટેલે એજ્યુકેશન ડિપાર્ટમેન્ટનો વિગતે પરિચય આપ્યો હતો. ત્યાર બાદ ઇંગ્લિશ મીડિયમ પી.ટી.સી. કૉલેજના વ્યાખ્યાતા ઈશાબહેન અને આર. એચ. પટેલ બી.એડ્. કૉલેજના હેડ ડૉ. કુસુમબહેન યાદવે વાર્ષિક પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો હતો.

પી.ટી.સી. કૉલેજની તાલીમાર્થીની મંજુલાબહેન બારોટ અને બી.એડ્. કૉલેજના તાલીમાર્થી સુહાગ પટેલે પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા.

મંચસ્થ મહાનુભાવોમાં સંસ્થાના ઉપપ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, અતિથિવિશેષ શ્રી ડી. ટી. કાપડિયા અને સમારંભના અધ્યક્ષ પદ્મશ્રી ભોળાભાઈ પટેલે આશીર્વચન આપ્યા હતા. સમારંભના અંતે એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના હેડ પ્રા. દીપકભાઈ પંડ્યાએ આભારવિધિ કરી હતી, કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની બહેન ભૂમિકા વાઘેલાએ કર્યું હતું.

## શોધપત્ર

❑ એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડાના ફેકલ્ટી ઑફ એજ્યુકેશન એન્ડ સાયકોલૉજી દ્વારા આયોજિત આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી. એડ્. કૉલેજનાં પ્રા. વિભા દ્વિવેદીએ Higher Education for Knowledge Based Society : Global Reforms વિશે શોધપત્ર રજૂ કર્યું.

## સ્નેહમિલન

❑ આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના એસોસિએશનનો સ્નેહમિલન સમારોહ કૉલેજના પૂર્વ આચાર્ય ડૉ. સંજય ગુપ્તાના મુખ્ય મહેમાનપદે તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ યોજાઈ ગયો. આ પ્રસંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓએ સંસ્થા સાથેનાં પોતાનાં સંસ્મરણો તાજાં કરીને કૉલેજમાંથી પ્રશિક્ષણ મેળવ્યા બાદના વિવિધ ક્ષેત્રે મેળવેલ અનુભવો વિશે જણાવેલ કે પ્રશિક્ષણથી તેમનામાં મૂલ્યનિષ્ઠા, સામાજિકતા, પારિવારિક ભાવના, જીવન જીવવાની કળા વગેરે બાબતોમાં વિશિષ્ટ દૃષ્ટિ મળી છે. વર્ષ ૨૦૦૩થી ૨૦૧૦ સુધી પ્રશિક્ષણ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી કેટલાક વિદ્યાર્થીઓ દેશના વિવિધ રાજ્યો અને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે અથવા વિવિધ હોદ્દાઓ ઉપર સેવા આપી રહ્યા છે. કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા એટલાન્ટિક યુનિવર્સિટી, ફ્લોરિડા સાથે MOU કરવામાં આવતાં આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે વિદેશમાં અભ્યાસ માટે તકો પ્રાપ્ત થતાં, આ કૉલેજની વિદ્યાર્થિની ભાવના જાદવે એટલાન્ટિકા યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ અર્થે પ્રવેશ મેળવેલ છે.

આ પ્રસંગે પ્રા. રાજેશ શર્મા દ્વારા 'સોફ્ટ સ્કિલ' વિશે કાર્યશિબિરનું આયોજન કર્યું હતું. ડૉ. કુસુમ યાદવે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં આ સંસ્થાના આદ્યસ્થાપક પૂ. છગનભાના 'કર ભલા હોગા ભલા'ના સૂત્રને ધ્યાનમાં રાખીને સમાજમાં શિક્ષક તરીકેની જવાબદારીઓ ઉત્કૃષ્ટ રીતે સંભાળીને સંસ્થાની સુવાસ સમાજમાં બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. વિભા દ્વિવેદીએ સંભાળ્યું હતું.

## સ્નેહ-મિલન

ભૂતપૂર્વ તાલીમાર્થીઓનો કૉલેજ તથા પ્રવર્તમાન તાલીમાર્થીઓ સાથેનો નાતો મજબૂત અને જીવંત બની રહે તેવા આશયથી એસ. એસ. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન, ગાંધીનગર ખાતે તા. ૧૩-૦૩-૧૧ના રોજ ભૂતપૂર્વ તાલીમાર્થી મંડળનું વાર્ષિક સંમેલન યોજાઈ ગયું. સદર કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્ર વિભાગના રીડર ડૉ. સતીષભાઈ શુક્લ તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના એજ્યુકેશન વિભાગના ડીન ડૉ. વીણાબહેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે મહેમાનશ્રીઓ તથા પ્રા. દીપકભાઈ પંડ્યાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યાં હતાં.

# શાળા વિભાગ

## ક્વિઝ

❑ એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલના બે વિદ્યાર્થીઓ (૧) યજ્ઞા ઓઝા અને (૨) સાર્થક શાહ અખિલ ગુજરાત પર્યાવરણ ક્વિઝ સ્પર્ધા 'સૃષ્ટિ'માં વિજેતા થયા. જેમાં કુલ ૮૦૦ શાળાએ ભાગ લીધો હતો. દર્પણ એકેડમીના મૃણાલિની સારાભાઈના હસ્તે વિજેતાઓને એવૉર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત "ગુજરાતની પાણીની પરિસ્થિતિ અને તેનો ઉકેલ" આ વિષય પર ગુજરાત પાણી પુરવઠા અને ગટરવ્યવસ્થા બોર્ડ તરફથી નિબંધ સ્પર્ધા યોજાઈ જેમાં ૯-એની યજ્ઞા ઓઝા અને વક્તૃત્વ સ્પર્ધામાં નાહિદખાન વિજેતા થયા હતા.

## ગણિત મહોત્સવ

❑ સિપોરમાં ગણિત ક્લબ દ્વારા ગણિત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી કે. એ. શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના વિદ્યાર્થીઓએ કોયડા વિભાગમાં કુબાડિયા કૃતિ, મહેશ્વરી કિરણ અને વાઘેલા યશે ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો હતો. પંચાલ ફેરી અને પટેલ શિવમે ક્વિઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

## ગ્લોબલ વૉર્મિંગ

❑ શ્રીમતી કે. એ. શિવહરી સેકન્ડરી અને હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના આચાર્યશ્રી રાજકુમાર વર્મા દ્વારા ગ્લોબલ વૉર્મિંગ સંબંધી વાર્તાલાપ તથા ૭૦ સ્લાઈડોનું નિદર્શન શાળાના શિક્ષકોને કરાવવામાં આવ્યું.

## નિબંધ સ્પર્ધા

❑ રામચંદ્ર મિશન દ્વારા ભારત અને યુનેસ્કોના સંયુક્ત ઉપક્રમે ચરિત્ર ઘડતર વિષય ઉપર નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી કે. એ. શિવહરી સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ, કડીના વિદ્યાર્થી મહેતા દિલીપે સમગ્ર ગુજરાતમાં બીજો નંબર પ્રાપ્ત કર્યો. અભિનંદન.

## પ્રકૃતિ

❑ ગાંધીનગર યુથ હૉસ્ટેલ દ્વારા બાળકોનો પ્રકૃતિ સાથે પરિચય થાય તે હેતુસર ચકલોડિયા ખાતે પક્ષીઓને કોડિયામાં પાણી પિવડાવવું તથા તેમની માવજત કેવી રીતે કરવી તે વિદ્યાર્થીઓને શીખવવામાં આવ્યું, જેમાં શ્રીમતી આર. સી. પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂટના ધો. ૯ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ ઉપરાંત આ જ શાળાના ધોરણ ૮-૯ના વિદ્યાર્થીઓએ ડી. એસ. પી. ઑફિસ દ્વારા આયોજિત હથિયાર પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

## મુલાકાત

❑ શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા ગાંધીનગરની ધોરણ-૬ની વિદ્યાર્થિનીઓ માટે ગુજરાત વિધાનસભા તથા જિલ્લા ગ્રંથાલયની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ ચાલુ વિધાનસભાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની રૂબરૂ મુલાકાત પણ લીધી હતી. જિલ્લા ગ્રંથાલયના મુખ્ય ગ્રંથપાલે ગ્રંથાલયનું મહત્ત્વ અને તેનો ઇતિહાસ સમજાવી જુદા જુદા વિભાગોની પ્રત્યક્ષ મુલાકાત કરાવી હતી.

❑ શ્રી વી. એમ. પટેલ કુમાર બાલમંદિર, ગાંધીનગર દ્વારા બાળવૃંદને સાણંદના 'વન્ડર લેન્ડ

ગાર્ડન'ની મુલાકાતે લઈ જવામાં આવ્યાં, તેમજ યુવક મહોત્સવ અને અન્ય સ્પર્ધાઓમાં વિજેતા થયેલાં બાળકોને ઇનામો આપી પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં.

## રાષ્ટ્રીય સેવા યોજના શિબિર

❑ એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમના સામાન્ય પ્રવાહના ધો. ૧૧ના વિદ્યાર્થીઓનો ઉનાવા ખાતે એક સપ્તાહનો NSSનો શિબિર પ્રોગ્રામ ઑફિસર ડૉ. વર્ષા પારેખના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. જેમાં નેત્ર ચિકિત્સા કેમ્પ, ગ્રામસફાઈ, અંગ્રેજી ભાષાનું શિક્ષણ, અંધશ્રદ્ધા નિવારણ કેમ્પ, ચાર્ટસ બનાવવા જેવી અનેક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં સામાજિક ભાવનાને ઉજાગર કરવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## વાર્ષિકોત્સવ

❑ શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર, ગાંધીનગરના પ્લે ગ્રુપના બાળકો માટે પ્રવાસ તથા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું. આ ઉપરાંત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ત્રણેય બાલમંદિરો દ્વારા સંયુક્ત રીતે વાર્ષિકોત્સવનું આયોજન શેઠ સી. એમ. હાઈસ્કૂલના આચાર્ય શ્રી બચુભાઈના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું, જેમાં ૬૦૦ જેટલાં બાળકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે પ્લે ગ્રુપના બાળકોએ 'નન્હી સી છોટી સી પ્યારી' પરીગીત રજૂ કર્યું હતું.

❑ શ્રીમતી કે. એ. શિવહરી સેકન્ડરી અને હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીનો વાર્ષિકોત્સવ સંસ્થાના ચેરમેન શ્રી માણેકલાલ પટેલ તથા ડૉ. રામભાઈ પટેલ, ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. જયંતીભાઈ પટેલ તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ. આર. જે. વ્યાસની ઉપસ્થિતિમાં ઉજવાઈ ગયો. આ પ્રસંગે ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓમાં શાળામાં પ્રથમ ક્રમે આવનાર વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. વાર્ષિકોત્સવની ઉજવણીના ભાગ રૂપે નૃત્ય, નાટક, સ્કેટીંગ તથા વિવિધ રમત-ગમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

### કવિ-સપૂત

*ભારત, તું અનેક ઋષિઓની–કવિઓની વંદના પામ્યો છે. પણ તારી પડતી વેળાએ, વિશ્વચોકમાં તું અપમાનિત, ધૂલીધૂસરિત અવનત મસ્તકે પડેલો હતો ત્યારે, તારા અંતરતમ સત્ત્વને ઓળખી લઈ, પોતાની ભીતર તેને સર્વભાવે સાક્ષાત્કારી, પોતાના તપોજ્જ્વલ જીવનમાં તેને ચરિતાર્થ કરી, જગતના હૃદયસિંહાસન પર તેની સ્થાપના કરનાર કવિસપૂત રવીન્દ્રનાથ તને સાંપડ્યા. યુગે યુગે દુખેસુખે તને એવા કવિસપૂતની ખોટ ન હજો.*

ઉમાશંકર જોશી

❀

### પાઠક બહરે : લેખક મૂક

*સાહિત્ય લિખને કા કામ કેવલ લેખકકી મેજ પર સમાપ્ત નહીં હોતા. પૂર્ણતા પર વહ તબ પહુંચતા હૈ, જબ લેખકકી કૃતિયાં પાઠકોં કે હાથમેં પહુંચ જાતી હૈ. જિસ ભાષા કે પાઠક બહરે હૈં, ઉસ ભાષાકા લેખક એક દિન મૂક હો જાયેગા.*

રામધારી સિંહ 'દિનકર'

# વિનોદ માધુરી

બારડોલીના અને ગુજરાતના શ્રેષ્ઠ સત્યાગ્રહી ખેડૂત સ્યાદલાવાસી મોરારભાઈ ભારે વિનોદી હતા. ગમે તેવી આફત તેમની પાસે આનંદરૂપ બની જતી. સત્યાગ્રહના લાંબા જેલવાસોમાં અમારા જેવા કેટલાય સાથીઓને તેમણે હસાવી હસાવીને જેલ કપાવી દીધી હતી. ગામના કેટકેટલા તકરારી પક્ષો તેમની પાસે આવતા, તેમને હસાવી-રમાડી એકબીજાને ભેટાડીને તેઓ પાછા મોકલી દેતા.

સંતતિ માટે વૃદ્ધ પિતાએ એમને બીજી કરાવી. અમારા જેવા કાર્યકર્તાઓની શિખામણ હસવામાં ઉડાવી એ બીજી વાર પરણી ગયા. જૂનીએ નવીને પોતાની દીકરીની જેમ રાખી, તેથી શોક્યના ક્લેશ એમના ઘરમાં થયા નહીં.

એક વાર ગાંધીજી પાસે હળવી ગમ્મતો ચાલી રહી હતી. મોરારભાઈની બે બૈરીની ચાડી મહાદેવભાઈએ બાપુજી પાસે કરી. બાપુએ મોરારભાઈને પૂછ્યું : ''તમે રામને માનતા નથી ?''

મોરારભાઈ કહે, ''બાપુજી, રામને માનીએ તો રામના બાપાને કેમ ન માનવા ?''

બાપુ હસી પડ્યા !

મોરારભાઈના આનંદી સ્વભાવથી સ્વરાજની લડત ઘણાને મન રમત જેવી થઈ ગઈ હતી. સ્વરાજ પછી થોડાં વરસે એ સ્વર્ગવાસી થયા. પણ સર્વોદયની રચનાના મહા ત્યાગો હળવા બનાવી દેવા એમની બહુ જરૂરી હતી.

('ગાંધી-ગંગા : ૧'માંથી સાભાર)

✳

અલ્યા રાહુલ તું નાપાસ થયો ? જરા બાજુવાળી શિલ્પાને જો કેટલું સારું પરિણામ લાવી છે. જરા જો એને જો, કંઈક શીખ...

રાહુલ : પપ્પા એને જોવામાં ને જોવામાં તો નાપાસ થયો છું !

✳

અગિયાર જણ હેલિકોપ્ટરની દોરી પર લટકી રહ્યા હતા. તેમાં દસ પુરુષો અને એક સ્ત્રી હતી. દોરીની સ્થિતિ દસ જણનું વજન ઝીલી શકે તેટલી જ હતી. કોઈ એક જણે દોરી છોડવી પડે પણ બલિદાન કોણ આપે ? આ વિચાર સાથે સ્ત્રીએ કહ્યું : ''હું સ્વેચ્છાએ દોરી છોડું છું, સ્ત્રી સમર્પણનું પ્રતીક છે, તે પતિ, બાળકો માટે પણ બધું છોડતી આવી છે. તો હું નિઃસ્વાર્થપણે ત્યાગ કરીશ. આવું બોલી ત્યાં બધા પુરુષોના હાથ તાળી પાડવામાં છૂટી ગયા.

✳

પત્ની : (રસોડામાં) અરે સાંભળો છો, આજે હું ખૂબ સુંદર લાગી રહી છું.

પતિ : તને કેવી રીતે ખબર પડી ?

પત્ની : આજે મારી સુંદરતા જોઈને રોટલી પણ બળી રહી છે.

ટાઈપસેટિંગ અને મુદ્રક : શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯

પ્રકાશક : કુલસચિવ, સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫

ફોન : ૨૩૨૪૪૬૯૦



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર દ્વારા સંચાલિત ત્રણેય બાલમંદિરો દ્વારા સંયુક્ત રીતે આયોજિત વાર્ષિકોત્સવ પ્રસંગે ઉપસ્થિત અતિથિગણ, શિક્ષક પરિવાર અને વિજેતા બાળકો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની ઝલક






શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડી દ્વારા આયોજિત વાર્ષિકોત્સવનું એક દૃશ્ય

**Sarva Vishwavidyalaya Vṛtta :** *News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar*
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering Collage Campus, Gandhinagar-382015

